# શ્રી વલ્લભાધીશનું વસિયતનામું
# શ્રી સર્વોત્તમ સ્તોત્રમ્

નિવેદક : નંદકુમાર જે. ગાંધી
-: સેવકમંત્રી :-
શ્રી વલ્લભ સિદ્ધાંત સંરક્ષણ સમિતિ
ટેકનો હાઉસ, બાલાહનુમાન, ગાંધીરોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૪ ૧૬૦૦ (રહે.) ૨૫૪૫ ૩૮૪૨
(મો) ૯૩૨૭૦ ૭૫૯૫૮, ૯૮૯૮૪ ૯૦૩૧૬

-: પ્રકાશક :-
સ્કેવૅર ડોટ (સંજય સી. પંચાલ)
૨૦૭, મધુકાન્ત-૨ કોમ્પલેક્ષ, હાજીપુરા ગાર્ડન
પાછળ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૧૭ ૨૨૬૭, મો. : ૯૨૨૭૨ ૦૦૮૬૬
-: મુદ્રક :- કાલિન્દી કોમ્યુનિકેશન
ફોન : ૨૭૫૫ ૭૮૩૭
૧૦૦૦ પ્રતનાં રૂા. ૮૦૦૦.૦૦ (પોસ્ટેજ વગર)
પ્રથમ પ્રત : ૩૨,૦૦૦ ન્યોછાવર : રૂા. ૯.૦૦

(૧) વિશ્વને ખૂણે ખૂણે આ પુસ્તિકા પહોંચાડવા ૩૨,૦૦૦ના લૉટમાં સતત છપાતી જ રહે છે.

(૨) પૂ. ગોસ્વામી આચાર્યોએ આ પુસ્તિકા વિશે અભિપ્રાય/આશીર્વચનો અમોને મોકલવા કૃપા કરશે તો તે આ પુસ્તિકામાં અવશ્ય છપાશે.

-: પુસ્તિકા અંગે માર્ગદર્શિકા :-

ફોટા નં. ૨ સ્વજનો અગર ગુરૂદેવ યુગલ સ્વરૂપના પિતૃચરણ સાથે ૧૦૦૦ કોપીના + મોકલવાનો ખર્ચ અલગ પુસ્તિકા માટે કોઈપણ પ્રકારની સહાય શુભેચ્છકો તરફથી સ્વીકારતા નથી. તમો જે પણ રકમ મોકલશો તેની કિંમત ગણત્રી મુજબ પુસ્તકો મળશે. મોકલવા માટે પુરું એડ્રસ લખવું. ફોનથી સંપર્ક રાખવો.

૧૪ એપ્રિલ શ્રી વલ્લભાધીશ પ્રાકટ્યદિન

ચૈત્ર વદ અગીયારસ ૨૦૬૩

શ્રી હરિ:

"વસ્તુત કૃષ્ણ એવ"

પ.ભ. શ્રી નંદકુમારભાઈને સપ્રેમ આશીર્વાદ

ઉપરોક્ત પંક્તિને (શ્રી ગુંસાઈજીની આજ્ઞાને) સરલ છતાં પણ દ્રઢ સ્વરૂપે સમજાવતું આ પુસ્તક વાંચીને અત્યંત આનંદ થયો. આના લેખનમાં પ.ભ. નંદકુમારભાઈની દ્રઢતા અને શ્રી વલ્લભ પ્રત્યેનો અગાઢ સ્નેહ પ્રદર્શિત થાય છે. આ ગ્રંથ અંગ્રેજી ભાષામાં પણ પ્રગટ થવાનો છે. જે પશ્ચિમના દેશોમાં વસવાટ કરતી વૈષ્ણવોની યુવાપેઢીને અત્યંત ઉપયોગી થઈ પડશે. નંદકુમારભાઈ આવા પ્રચાર પ્રસારના કાર્યો કરે છે, જે ખરેખર સરાહનીય છે.

ભવિષ્યમાં પણ પ.ભ. નંદકુમારભાઈ નામ સેવા રૂપી આ સેવા કરતા રહે એવા સપ્રેમ આશીર્વાદ

ગો. રઘુનાથ મહારાજશ્રી
૫-૬-૨૦૦૭
મંગળવાર
વિરમગામ

॥ श्रीवल्लभरूपः प्रभुः विजयते ॥

પ્રાતઃ સ્મરણીય પરમ વંદનીય પૂજ્ય શ્રીદાદાજી-મહારાજ ના કૃપાપાત્ર સેવક પરમ ભગવદીય શ્રીનંદકુમારભાઈ એ "શ્રી સર્વોત્તમ સ્તોત્ર" પર અર્થ જન ને સુલભ થાય તેમ સરળભાષામાં, પણ નિષ્ઠાભાવ સાથે પુસ્તક લખ્યું છે. એ જાણી ચિત્તમાં ઘણોજ આનંદ થયો છે.

પૂ. શ્રીદાદાજી મહારાજ ના આશીર્વાદથી નંદકુમારભાઈ પર શ્રીમહાપ્રભુજીની કૃપા થઈ છે, તેમાં કોઈ સંદેહ નથી. અત્યાર સુધીમાં ઘણું એવું પુષ્ટિ સાહિત્યનું સર્જન કર્યું છે. તેમજ શ્રીદાદાજીની આજ્ઞા અને આશીર્વાદથી જ્યારે જ્યારે પુષ્ટિ સંપ્રદાયને જરૂર પડી છે ત્યારે ત્યારે પુષ્ટિ સંપ્રદાયની સેવા માટે શ્રીવલ્લભ-સિદ્ધાંત સંરક્ષણ સમિતિ ના માધ્યમથી નીડર થઈ સંપ્રદાયની સેવા કરવામાં અગ્રેસર રહ્યા છે જે દેશ વિદેશ ના પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો થી અજાણ નથી.

આવું પુષ્ટિ સાહિત્ય સદા પ્રકાશ કરતા રહે અને નામ સેવા દ્વારા અનેક દૈવીજીવોનો પુષ્ટિ સંબંધ કરી, શ્રીમહાપ્રભુજીનો જયજયકાર કરતા રહે એવા અમારા શુભાશીર્વાદ. ગો. [illegible]

દિનાંક ૯-૬-૨૦૦૭ સૂરત [illegible]

## નમ્ર નિવેદન

પુષ્ટિમાર્ગ એટલે કૃપા અનુગ્રહનો માર્ગ શ્રી વલ્લભાધીશે સ્થાપી સેવા માર્ગ બતાવી ''શ્રી કૃષ્ણ સેવા સદા કાર્યા''ની પોતાના અનુયાયીઓ ને આજ્ઞા કરી છે. આનુ પ્રયોજન સેવાના મિશે સન્મુખ કરવાનો છે, ઉચ્છિષ્ઠ એટલે કે સમર્પિત પ્રસાદરૂપી ઉદર પોષણ થવાથી ભક્તના હૃદયમાં આસુરાવેશ પ્રકારથી મુક્ત કરવાનો છે. અને સેવા સાથે અનવસરમાં તાપાત્મક ગુણગાન એટલે જીવને પ્રભુ પ્રત્યેનો દ્રઢ પ્રેમ્ વ્યસનાત્મક ભાવ વધે તેવો પ્રયત્ન છે.

આ અંગે વેણુ ગીત-યુગલ ગીત, શ્રી સુબોધિનીજી તથા શ્રી સર્વોત્તમના જપ પાઠ કરવાની આજ્ઞા શ્રી ગુંસાઈજીએ એટલે કે શ્રી ગોવર્ધનનાથજીએ પોતે કરી રહ્યા છે. શ્રી સર્વોત્તમ ઉપર ઘણા બધા વિદ્વાનો, આચાર્ય બાળકોએ પુસ્તકો બહાર પાડ્યા છે તે ખૂબ જલ્દીથી સમજી શકે તેવો ખૂબ ઓછો વર્ગ છે. જેથી માહાત્મય જ્ઞાનના અભાવે નિત્યક્રમમાં કદાચ એકાદ પાઠ કરનાર પણ બહુ જ ઓછો વર્ગ છે. મારા ગુરૂ દ્વાર પ.પૂ. ગો.શ્રી

વ્રજરત્નલાલજી મહારાજશ્રીની સંકેત આજ્ઞા થતાં આ સર્વોત્તમ સ્તોત્રની નાની પુસ્તિકા પણ અત્યંત નિગૂઢ ભાવોથી સભર પ્રગટ કરતાં હું અત્યંત આનંદની લાગણી અનુભવું છું. જે અન્ય વૈષ્ણવવૃંદ તેને અવલોકતા આપના હૃદયમાં જે આનંદ પરમાનંદની લહેરીઓ ઉઠતાં અલૌકિકતા અનુભવાય અને વારંવાર વાંચી હૃદયારુઢ કરવાની પ્રેરણા પ્રભુ કૃપાથી થાય તે સેવાને મારા પ.પૂ. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રીના ચરણકમલમાં અર્પણ કરું છું. સર્વોત્તમ સ્તોત્રના નિધી સમાન એકસો આઠ નામો સ્વરૂપાત્મક બની આલોક અને પરલોક સુધારનારા હોવાથી બીજે અન્યાશ્રય ન કરતાં સુખમાં કે દુ:ખમાં આ સ્તોત્રના પાઠ ખૂબ જ ફલદાયી છે. જેનું અનુસંધાન રાત દિવસ બન્યું રહે તેવી અભિલાષા સાથે વિરમું છું.

- દાસાનુદાસ નંદકુમારભાઈના

જયશ્રીકૃષ્ણ

# શ્રી સર્વોત્તમ સ્તોત્રમ્

કરીએ શ્રી સર્વોત્તમ રસપાન
જાકી મહિમા કહાંલો બરનો શ્રી મુખ કરત બખાન
અર્ધ નિમેષકી વિલંબન ન કરીએ અબ આઈ સુખ ખાન
એક એક અક્ષર હૈ અધરામૃત ગુપ્ત રીત ગુનગાન
રસિક દીન કે રંગ રંગ્યો સોહે ભક્ત નિધાન

પુષ્ટિમાર્ગની ગાયત્રી સમાન આ સ્તોત્ર દૈવીજીવોએ વલ્લભાધીશ ના શરણરૂપી ભૂતલસ્થ બિરાજતા વલ્લભવંશજ ગોસ્વામી આચાર્યબાલકો પાસેથી બ્રહ્મસંબંધ મેળવ્યા પછી એક દિવસ પણ ચુક્યા વગર આ પાઠ જે પાંત્રીસ શ્લોકોનો બનેલ છે. તે કરવો ખૂબજ આવશ્યક છે. જેનું નામ "સર્વોત્તમ" એટલે સર્વથી ઉત્તમ શ્રી મહાપ્રભુજી, શ્રી ગુંસાઈજી તથા અન્ય મહાનુભાવો એ અનેક સ્તોત્ર ગ્રંથોની રચના કરી પણ કોઈનું નામ સર્વોત્તમ ન હોતાં આ શ્રી વલ્લભાધીશના જુદા જુદા લીલાત્મક નામ જે સ્વરૂપાત્મક, ભાવાત્મક, તાપાત્મક અને ફલાત્મક નામો છે. આ નામો શ્રી

મહાપ્રભુજીએ શ્રી ગુંસાઈજીને પોતાના પુત્ર હોવાના નાતે તેમજ અગ્નિકુમાર ઋષિ હોવાથી દર્શન કરેલા મંત્રો આનંદથી અશેષ ભક્ત સંપ્રાર્થ્ય સુધીના ૧૦૮ નામો શ્રી ગુંસાઈજીએ માહાત્મ્યના છ શ્લોક તથા છેવટના ફળશ્રુતિના બે શ્લોકની વચ્ચે પ્રભુના નિધી સ્વરૂપ પધરાવવા બનાવેલ ઝાંપીજીમાં આપણને એટલેકે શરણસ્થ દૈવી પુષ્ટિ જીવોને પધરાવી આપ્યા છે. અને બંને જગ્યાએ ખાત્રી પૂર્વકની મહોર મારી જણાવ્યું છે કે વિનીયોગો ભક્તિયોગ પ્રતિબંધ વિનાશને, કૃષ્ણા ધરામૃતા સ્વાદ સિધ્ધિઃ અત્ર ન સંશય તેમજ અશેષ ભક્ત સંપ્રાર્થ્ય ચરણાબ્જ રજો ધન છેલ્લે કહીને પ્રભુની અલૌકિક સંપત્તિ કૃષ્ણનુ અધરામૃત તથા ચરણનું રજોધન શ્રી સર્વોત્તમજીના ભાવ પુર્વક પાઠ કરવાથી મળી જશે તેવુ વચન પોતે શ્રી ગુંસાઈજી સ્વરૂપે પ્રગટ થઈ શ્રી ગોવર્ધનનાથજી એજ આપ્યું છે તેથી હવે પુષ્ટિભક્તિ માર્ગના જીવોએ સર્વોત્તમના ગુણગાન માં લાગી જવા સિવાય કંઈ બાકીજ રહેતું નથી.

પુષ્ટિ માર્ગ અનુગ્રહનો, કૃપાનો હોવાથી સાધન થી,

જ્ઞાનથી, પંડીતાઈથી કે દ્રવ્યથી પ્રાપ્તિ થાય તેવો નથી તે ફકત સ્નેહ પ્રેમભક્તિથી તથા ગુણગાનથી સિધ્ધ થાય છે.

આ સ્તોત્રની ઘણીજ ટીકાઓ, ભાવાર્થો તેમજ પુસ્તકો બહાર પડી ચુકી છે. પણ આ કલિયુગની દોડધામવાળી જીંદગીમાં જાડા ખૂબજ વિવેચનો વાળા પુસ્તકો શાસ્ત્રી પંડિતો તથા આચાર્ય વર્ગ સિવાય વાંચવાને સમય કાઢી શકતા નથી, તેમજ સામાન્ય વર્ગના ભગવદીયોને કિંમતમાં પોષાય તેવા ન હોવાથી પણ તે વાંચી શકતા નથી તેથી સર્વ સામાન્ય વૈષ્ણવને પોષાય તેવી નજીવી કિંમતમાં પ્રગટ કરવા પ્રેરાઈને પોકેટમાં રાખી શકાય તેવી અને અતિ શુદ્ધ-વિશુદ્ધ ભાવો તેમાં પ્રગટ કરેલ હોવાથી પાઠશાળા ઓ સત્સંગ મંડળ તેમજ સર્વે આચાર્ય બાલકોને તેમના સેવકોને આશીર્વાદના રૂપમાં ઉપરણા કરતાં ઓછી ન્યોછાવરે આજીવન સુધી કામ આવે તેવા હેતુથી પોતાના ઘરના સેવકોને પોતાના ચિત્રજી સાથે આપી શકે તેવા હેતુથી બનાવી છે. જન્મ પ્રસંગે, લગ્ન પ્રસંગે, જન્મદિનની ઉજવણી, ઘરે પાઠ કરાવવાનું

આયોજન કરીએ ત્યારે, માલા પહેરામણીના ઉત્સવ પ્રસંગે ઘરે આવેલા વૈષ્ણવોને નાનકડી યાદગાર ભેટ આપી શકાય તેમ છે. તેમજ મોટા ઉત્સવો જેવા કે શ્રી મહાપ્રભુજી પ્રાગટ્ય દિન - શ્રી ગુંસાઈજી તથા અન્ય મહાનુભાવોના પ્રાગટ્ય દિન બેસતા વર્ષ, જન્માષ્ટમી નવ વિલાસના પ્રસંગે વહેંચવા તેમજ જેમને ધર્મના પ્રચારની શ્રી મહાપ્રભુજીએ લીધેલા શ્રમની નિવૃત્તિની ભાવનાવાળા માટે આ કાર્યમાં સહભાગી થવા અપીલ કરીએ છીએ.

નિવેદક

નંદુકમાર જે. ગાંધી

સેવક મંત્રી, શ્રી વલ્લભ સિધ્ધાંત સંરક્ષણ સમિતિ

અમદાવાદ

# શ્રી મંગલાચરણ

## છંદ-અનુષ્ટુપ

ચિંતા સંતાન હંતારો યત્પાદાંબુજરેણવઃ ।
સ્વીયાનાં તાન્નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ ॥૧॥

યદનુગ્રહતો જંતુઃ સર્વદુઃખાતિગો ભવેત્ ।
તમહં સર્વદા વન્દે શ્રીમદ્વલ્લભનંદનમ ॥૨॥

અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥૩॥

નમામિ હૃદયે શેષે લીલાક્ષિરાબ્ધિશાયિનમ્ ।
લક્ષ્મીસહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ॥૪॥

ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા ।
ષડ્ભિર્વિરાજતે ચૌકસૌ પંચધા હૃદયે મમ ॥૫॥

ૐ 卐

# શ્રી મહાપ્રભુજીનું ધ્યાન

## છંદ : શાર્દૂલ વિક્રીડિત

સૌન્દર્યં નિજહૃદ્ગંત પ્રકટિતં, સ્ત્રીગૂઢભાવાત્મકં -
પુંરુપં ચ પુનસ્તદન્તરગતં પ્રાવીવિશત્સ્વપ્રિયે ।
સંશ્લિષ્ટાવુભયોર્બભૌ રસમયઃ કૃષ્ણો હિ યત્સાક્ષિકં -
રૂપં તત્ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદા વલ્લભમ્ ॥૧॥

# શ્રી સર્વોત્તમ સ્તોત્ર

## છંદ આર્યા

પ્રાકૃત ધર્માનાશ્રયમ્ અપ્રાકૃતનિખિલધર્મ રૂપમિતિ ।
નિગમ પ્રતિ પાદ્યંયત્ તત્ શુધ્ધં સાકૃતિ સ્તૌમિ ॥૧॥

## છંદ - અનુષ્ટુપ

કલિકાલતમશ્છન્ન - દૃષ્ટિત્વાદ્વિદુષામપિ ।
સંપ્રત્ય વિષય સ્તસ્ય, માહાત્મ્યં સમભૂદ્ભુવિ ॥૨॥

卐 ૐ

ॐ 卐

દયયા નિજ માહાત્મ્યં, કરિષ્યન્પ્રકટં હરિઃ ।
વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ ॥૩॥
તદુક્ત મપિ દુર્બોધં, સુબોધ સ્યાદ્યથા તથા ।
તન્નામાષ્ટોત્તરશતં, પ્રવક્ષ્યામ્ય ખિલાઘહૃત્ ॥૪॥
ઋષિરગ્નિ કુમારસ્તુ નામ્નાં છન્દો જગત્યસૌ ।
શ્રીકૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારૂણિકઃ પ્રભુઃ ॥૫॥
વિનિયોગો ભક્તિયોગપ્રતિબન્ધ વિનાશને ।
કૃષ્ણાધરા મૃતા સ્વાદ સિદ્ધિરત્ર ન સંશયઃ॥૬॥
આનન્દઃ પરમાનન્દઃ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ ।
દૈવોદ્ધાર પ્રયત્નાત્મા સ્મૃતિમાત્રાર્તિનાશનઃ॥૭॥
શ્રી ભાગવતગૂઢાર્થ પ્રકાશન પરાયણઃ ।
સાકાર બ્રહ્મવાદૈક સ્થાપકો વેદપારગઃ॥૮॥
માયાવાદનિરાકર્તા સર્વવાદિનિરાસકૃત્
ભક્તિમાર્ગાબ્જમાર્તણ્ડઃ સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ॥૯॥
અંગીકૃત્યૈવ ગોપીશ વલ્લભી કૃત માનવઃ ।

卐 ॐ

અંગીકૃતૌ સમર્યાદો મહાકારૂણિકો વિભુઃ ॥૧૦॥
અદેયદાન દક્ષશ્ચ મહોદાર ચરિત્રવાન્ ।
પ્રાકૃતાનુ કૃતિ વ્યાજ મોહિતા સુર માનુષઃ ॥૧૧॥
વૈશ્વાનરો વલ્લભાખ્યઃ સદ્રૂપો હિતકૃત્સતામ્ ।
જનશિક્ષાકૃતે કૃષ્ણ ભક્તિકૃન્નિખિલેષ્ટદઃ ॥૧૨॥
સર્વલક્ષણસંપન્નઃ શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરૂઃ ।
સ્વાનન્દતુન્દિલઃ પદ્મ દલાયત વિલોચનઃ ॥૧૩॥
કૃપાદૃગ્વૃષ્ટિસંહૃષ્ટ દાસદાસી પ્રિયઃ પતિઃ ।
રોષદૃક્પાતસંપ્લુષ્ટ ભક્તદ્વિદ્ ભક્તસેવિતઃ ॥૧૪॥
સુખ સેવ્યો દુરારાધ્યો દુર્લભાંઘ્રિ સરોરૂહઃ ।
ઉગ્ર પ્રતાપો વાક્ સીધુ પૂરિતા શેષ સેવકઃ ॥૧૫॥
શ્રીભાગવત પીયૂષ સમુદ્ર મથન ક્ષમઃ ।
તત્સાર ભૂત રાસસ્ત્રી ભાવ પૂરિત વિગ્રહઃ ॥૧૬॥

સાન્નિધ્ય માત્રદત્તશ્રી કૃષ્ણપ્રેમાવિમુક્તિદઃ ।
રાસ લીલૈક તાત્પર્ય કૃપયૈતત્કથા પ્રદઃ ॥૧૭॥
વિરહાનુ ભવૈકાર્થ સર્વત્યાગો પદેશકઃ ।
ભક્ત્યાચારો પદેષ્ટાચ કર્મ માર્ગ પ્રવર્તકઃ ॥૧૮॥
યાગાદૌ ભક્તિમાર્ગૈક સાધનત્વો પદેશકઃ ।
પૂર્ણાનન્દઃ પૂર્ણ કામો વાક્પતિ ર્વિબુધેશ્વરઃ ॥૧૯॥
કૃષ્ણનામ સહસ્રસ્ય વક્તા ભક્ત પરાયણઃ ।
ભક્ત્યાચારો પદેશાર્થ નાનાવાક્ય નિરૂપકઃ ॥૨૦॥
સ્વાર્થોજ્ઝિતા ખિલ પ્રાણ પ્રિયસ્તાદૃશવેષ્ટિતઃ ।
સ્વદાસાર્થ કૃતાશેષ સાધનઃ સર્વ શક્તિધૃક્ ॥૨૧॥
ભુવિ ભક્તિ પ્રચારૈક કૃતે સ્વાન્વય કૃત્પિતા ।
સ્વવંશેસ્થા પિતાશેષ સ્વ માહાત્મ્યઃ સ્મયાપહઃ ॥૨૨॥
પતિવ્રતાપતિઃ પાર લૌકિકૈહિકદાનકૃત્ ।
નિગૂઢ હૃદયોऽનન્ય- ભક્તેષુજ્ઞાપિતાશયઃ ॥૨૩॥
ઉપાસનાદિ માર્ગાતિ મુગ્ધ મોહ નિવારકઃ ।

ભક્તિમાર્ગે સર્વ માર્ગ વૈલક્ષણ્યાનુ ભૂતિકૃત્ ॥૨૪॥

પૃથક શરણ માર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્ ।

પ્રતિક્ષણ નિકુંજસ્થ લીલારસ સુ પૂરિતઃ ॥૨૫॥

તત્કથા ક્ષિપ્ત ચિત્તાસ્ત દ્વિસ્મૃતાન્યો વ્રજપ્રિયઃ ।

પ્રિયવ્રજસ્થિતિઃ પુષ્ટિ લીલાકર્તા રહઃપ્રિયઃ ॥૨૬॥

ભક્તેચ્છાપૂરકઃ સર્વાજ્ઞાતલીલોઽતિમોહનઃ ।

સર્વાસક્તો ભક્તમાત્રાસક્તઃ પતિતપાવનઃ ॥૨૭

સ્વયશોગાનસંહૃષ્ટ હૃદયામ્ભોજવિષ્ટરઃ ।

યશઃ પીયૂપ લહરી પ્લાવિતાન્ય રસઃ પરઃ ॥૨૮॥

લીલામૃત રસાર્દ્રાર્દ્રી કૃતા ખિલ શરીર ભૃત્ ।

ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ તલ્લીલા પ્રેમ પૂરિતઃ ॥૨૯॥

યજ્ઞ ભોક્તા યજ્ઞ કર્તા ચતુ ર્વર્ગ વિશારદઃ ।

સત્ય પ્રતિજ્ઞસ્ત્રિગુણા તીતો નય વિશારદઃ ॥૩૦॥

સ્વકીર્તિ વર્ધન સ્તત્ત્વ સૂત્રભાષ્યપ્રદર્શકઃ ।

માયાવાદખ્ય તૂલાગ્નિ બ્રહ્મવાદ નિરૂપકઃ ॥૭૧॥
અપ્રાકૃતાખિલાકલ્પ ભૂષિતઃ સહજ સ્મિતઃ ।
ત્રિલોકી ભૂષણં ભૂમિ-ભાગ્યં સહજ સુન્દરઃ ॥૭૨॥
અશેષ ભક્ત સંપ્રાર્થ્ય ચરણાબ્જ રજોધનઃ ।
ઈત્યાનંદનિધિઃ પ્રોક્તં નામ્નામષ્ટોત્તરં શતમ્ ॥૭૩॥
શ્રદ્ધાવિશુદ્ધબુધ્ધિર્યઃ પઠત્યનુદિનં જનઃ ।
સ તદેકમનાઃ સિદ્ધિ મુક્તાં પ્રાપ્નોત્યસંશયઃ ॥૭૪॥
તદપ્રાપ્તૌ વૃથા મોક્ષસ્તદાપ્તૌ તદ્ગતાર્થતા ।
અતઃ સર્વોત્તમં સ્તોત્રં જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ॥૭૫॥
॥ ઈતિ શ્રીમદગ્નિકુમાર પ્રોક્તં શ્રી સર્વોત્તમ સ્તોત્રં સંપૂર્ણમ્ ॥

## ॥ શ્રી વલ્લભાષ્ટકમ્ ॥

છંદ સ્ત્રગ્ધરા

શ્રીમદ્ વૃંદા વનેન્દુ પ્રકટિત રસિકાનન્દ સન્દોરૂપ -
સ્ફૂર્જ દ્રાસાદિ લીલામૃત જલધિ ભરા કાન્તસર્વો પિશશ્વત્ ।

ૐ卐

તસ્યૈ વાત્માનુભાવ પ્રકટન હૃદય સ્યાજ્ઞયાપ્રાદુરાસીદ્-
ભૂમૌ યઃ સન્મનુષ્યા કૃતિ રતિ કરુણ સ્તં પ્રપદ્યે હુતાશમ્ ॥૧॥
નાવિર્ભૂયાદ્ભવાશ્ચેદધિધરણિતલં ભૂતનાથોદિતાસન્ ।
માર્ગધ્વાન્તાન્ધતુલ્યા નિગમપથગતૌ દૈવસર્ગેપિજાતાઃ
ઘોષાધીશં તદેમે કથમપિ મનુજાઃ પ્રાપ્નુયુર્નૈવ દૈવી
સૃષ્ટિર્વ્યર્થાચભૂયાન્નિજફલરહિતાદેવવૈશ્વાનરૈષા ॥૨॥
ન હ્યન્યો વાગધીશાચ્છ્રુતિગણવચસાં ભાવમાજ્ઞાતુમીષ્ટે
યસ્માત્સાધ્વી સ્વભાવં પ્રકટયતિ વધુરગ્રતઃ પત્યુરેવ ।
તસ્માચ્છ્રીવલ્લભાખ્ય ત્વદુદિતવચનાદન્યથા રૂપયન્તિ
ભ્રાંતાયેતે નિસર્ગં ત્રિદશરિપુતયા કેવલાન્યંતમોગાઃ ॥૩॥
પ્રાદુર્ભૂતેન ભૂમૌ વ્રજપતિચરણાંભોજસેવાખ્યવર્ત્મ -
પ્રાકટ્યં યત્કૃતં તે તદુત નિજકૃતે શ્રી હુતાશેતિ મન્યે ।
ત્યસ્માદસ્મિન્ સ્થિતો યત્કિમપિકથમપિ ક્વાપ્યુપાહર્તુમિચ્છ -
યદ્ધા તદ્ગોપિકેશઃ સ્વવદનકમલે ચારુહાસે કરોતિ ॥૪॥
ઉષ્ણત્વૈકસ્વભાવોપ્યતિશિશિરવચઃ પુંજપીયૂષવૃષ્ટિર્ -
આર્તેષ્વત્યુગ્રમોહાસુરનૃપુ યુગપત્ તાપમપ્યત્ર કુર્વન્ ।

卐ૐ

સ્વસ્મિન્કૃષ્ણાસ્યતાં ત્વં પ્રકટયસિ ચ નો ભૂતદેવત્વમેતદ્
યસ્માદાનંદદં શ્રીવ્રજજનનિચયે નાશકં ચાસુરાગ્રે ॥૫॥
આમ્નાયોક્તં યદંભોભવનમનલતસ્તચ્ચ સત્યં વિભો યત્
સર્ગાદો ભૂતરૂપાદભવદનલતઃ પુષ્કરં ભૂતરૂપમ્ ।
આનન્દૈકસ્વરુપાત્ત્વદધિભુ યદભૂત્કૃષ્ણસેવારસાબ્ધિ -
શ્ચાનન્દૈકસ્વરુપસ્તદખિલમુચિતં હેતુસામ્યં હિ કાર્યે ॥૬॥
સ્વામિન્ શ્રી વલ્લભાગ્ને ક્ષણમપિ ભવતઃ સન્નિધાને કૃપાતઃ
પ્રાણપ્રેષ્ઠવ્રજાધીશ્વરવદનદિદૃક્ષાર્તિતાપો જનેષુ ।
યત્પ્રાદુર્ભાવમાપ્નોત્યુચિતતરમિદં યત્તુ પશ્ચાદપીત્થં ।
દૃષ્ટેપ્યસ્મિન્મુખેન્દૌ પ્રચુરતરમુદેત્યેવ તચ્ચિત્રમેતત્ ॥૭॥
અજ્ઞાનાદ્યંધકાર પ્રશમનપટુતા খ્યાપનાય ત્રિલોક્યામ્ -
અગ્નિત્વં વર્ણિતં તે કવિભિરપિ સદા વસ્તુતઃ કૃષ્ણ એવ ।
પ્રાદુર્ભૂતો ભવાનિત્યનુભવનિગમાદ્યુક્તમાનૈરવેત્ય
ત્વાં શ્રીશ્રીવલ્લભેમે નિખિલબુધજનાઃ ગોકુલેશં ભજન્તે ॥૮॥
॥ ઇતિ શ્રી વિઠ્ઠલેશ્વર-વિરચિતં શ્રી વલ્લભાષ્ટકમ્ સંપૂર્ણમ ॥

ૐ 卐

# શ્રી સપ્ત શ્લોકી

## છંદ: શિખરિણી

સ્ફુરત્કૃષ્ણ પ્રેમામૃત રસ ભરેણાતિ ભરિતા
વિહાર-કુર્વાણા વ્રજપતિ વિહારાબ્ધિષુ સદા ।
પ્રિયા ગોપીભર્તુ: સ્ફુરતુ સતતં વલ્લભ ઈતિ
પ્રથાવત્યસ્માકં હૃદિ સુભગમૂર્તિ: સકરૂણા ॥૧॥

## છંદ: આર્યા

શ્રીભાગવતપ્રતિપદમણિવરભાવાંશુભૂષિતા મૂર્તિ:
શ્રી વલ્લભાભિધાનસ્તનોતુ નિજદાસ સૌભાગ્યમ્ ॥૨॥

## છંદ: શાર્દૂલ વિક્રીડિત

માયાવાદતમોનિરસ્યમધુભિત્ સેવાખ્યવર્ત્માદ્ભુતં
શ્રીમદ્ગોકુલનાથસંગમસુધા સંપ્રાપકં તત્ક્ષણાત્ ।
દુષ્પ્રાપં પ્રકટીચકાર કરુણા રાગાતિસંમોહન:
સ: શ્રીવલ્લભભાનુરૂલ્લસતિ ય: શ્રી વલ્લભવીશાંતર: ॥૩॥

卐 ૐ

ॐ 卐

## છંદઃ શિખરિણી

ક્વચિત્ પાણ્ડિત્યં ચેન્ ન નિગમગતિઃ સાપિ યદિ ન
ક્રિયા સા સાપિ સ્યાત્-યદિ ન હરિમાર્ગે પરિચયઃ ।
યદિ સ્યાત્ સોપિ શ્રીવ્રજપતિરતિર્નેતિ નિખિલૈર્ -
ગુણૈરન્યઃ કો વા વિલસતિ વિના વલ્લભવરમ્ ॥૪॥

## છંદઃ શાર્દૂલ વિક્રીડિત

માયાવાદિ કરીન્દ્ર દર્પદલને નાસ્યેન્દુ રાજોદ્ગતઃ
શ્રીમદ્ભાગવતાખ્યદુર્લભસુધાવર્ષેણ વેદોક્તિભિઃ ।
રાધાવલ્લભસેવયા તદુચિત પ્રેમ્ણોપદેશૈરપિ
શ્રીમદ્ વલ્લભનામ ધેય સદૃશો ભાવી ન ભૂતોઽસ્ત્યપિ ॥૫॥

## છંદઃ પૃથ્વી

યદંઘ્રિ નખ મણ્ડલ પ્રસૃત વારિ પીયૂષ યુગ્ -
વરાંગ હૃદયૈઃ કલિ સ્તૃણ મિવેહ તુચ્છી કૃતઃ ।
વ્રજાધિ પતિ રિન્દિરા પ્રભૃતિ મૃગ્ય પાદામ્બુજઃ
ક્ષણેન પરિતોષિત સ્તદનુગત્વ મેવાસ્તુ મે ॥૬॥

卐 ॐ

ૐ

અઘૌઘ તમસા વૃતં કલિ ભુજંગ માસા દિતં
જગદ્ વિષય સાગરે, પતિત મસ્વધર્મે રતમ્ ।
યદીક્ષણ સુધા નિધિ:, સમુદિતોડનુ કમ્પામૃતાદ્ -
અમૃત્યુ મકરોત્ક્ષણા-દરણ મસ્તુ મે તત્પદમ્ ॥૭॥
॥શ્રી વિઠ્ઠલેશ્વર વિરચિતા શ્રી સપ્ત શ્લોકી સંપૂર્ણમ્ ।

૧.પ્રાકૃત ધર્માનાશ્રયમ્ અપ્રાકૃતનિખિલ ધર્મરુપમિતિ ।
નિગમ પ્રતિપાદ્યં યત્તતત્શુદ્ધં સાકૃતિ સ્તૌમિ ॥

શ્રી સર્વોત્તમ સ્તોત્રના માહાત્મ્ય ના છ શ્લોકો પૈકી પહેલા શ્લોકમાં શ્રી ગુસાંઈજી સમજાવે છે કે પ્રાકૃત ધર્મ એટલે ભગવાન્‌ની સત્ત અંશવાળી પ્રકૃતિથી પ્રગટ થયેલા સત્વ રજસ અને તમસ વિગેરે ધર્મથી પુરૂષોત્તમનું સ્વરૂપ તદ્દન ભિન્ન છે તેમજ અપ્રાકૃત એટલે પ્રકૃતિ સાથે જેનો સંબંધ નથી એવા અલૌકિક આનંદમય દેહ ઈન્દ્રિયાદિ સર્વ ધર્મ યુકત આ સ્વરૂપ છે, વેદે પણ પ્રતિ પાદન કરેલુ શ્રી પુરૂષોત્તમ સ્વરૂપ શુધ્ધ એટલે જેના શ્રી હસ્ત, ચરણ, મુખ ઉદર વિગેરે સર્વ અવયવ આનંદમય છે. વળી અલૌકિક દિવ્ય સાકાર સ્વરૂપ છે, તેજ શ્રી પુરૂષોત્તમ ની સ્તુતિ શ્રી ગુસાંઈજી કરે છે.

૨. કલિકાલત મશ્છન્ન દ્રષ્ટિત્વા દ્વિદુષામપિ ।
સંપ્રત્ય વિષય સ્તસ્ય માહાત્મ્યં સમભૂદભુવિ ॥

કલિકાલથી પ્રકટેલા તમ એટલે અજ્ઞાનરૂપી અંધકારથી પંડિત વિધ્વાનોની દ્રષ્ટિ તદ્દન ઢંકાઈ ગઈ છે તેથી તેઓ વેદો તથા શ્રી ભાગવતાદિ ભણેલા હોવા છતા પણ

હાલના કલિયુગમાં વેદ તથા ભાગવતાદિ પુરાણોમાં કહેવા પ્રમાણેના માહાત્મ્ય વાળું પૂર્ણ પુરૂષોત્તમનુ સ્વરૂપ જાણી શકતા નથી કેમકે તે માત્ર ભાવ વડે જ તેમજ કૃપાથી જાણી શકાય તેવું છે. ભગવદ્‌લોકમાં રહેલા ભગવદીય જનો જ જાણી શકે છે. પૃથ્વી પર પ્રગટ થયેલ સ્વરૂપનું માહાત્મ્યનું જ્ઞાન શી રીતે થયું તે આગળના શ્લોકમાં કહે છે.

**૩. દયયા નિજ માહાત્મ્યં કરિષ્યન્પ્રકટં હરિઃ ।**

**વાણ્યા યદા તદા સ્વાસ્યં પ્રાદુર્ભૂતં ચકાર હિ ॥**

પોતાના સ્વકીય ભક્તોનું જે દુઃખ નિરૂપાધિરૂપ હતું તેનો નાશ કરવાની દયા આવી ત્યારે પોતાનું માહાત્મ્ય એટલે પુષ્ટિમાર્ગીય લીલારસનું ભાવાત્મક દાન પોતાના વચનો દ્વારા અંતરંગ દૈવી જીવોમાં પ્રગટ કરવાને માટે સ્વાસ્ય એટલે કે શ્રી પુરૂષોત્તમ પ્રભુ પોતાના જ આનંદ માત્ર યુકત આધિ દૈવિક અગ્નિરૂપ જે પોતાનું આસ્ય (મુખારવિંદ) શ્રી મહાપ્રભુજી સ્વરૂપે પ્રગટ કર્યું. આવી દયા કરવાનું પ્રયોજન હરિઃ શબ્દ શ્લોકમાં બતાવી પોતાના ભક્તોના સર્વ દુઃખ હરનારા છે આથી જો પોતાના મુખારવિંદ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને ન પ્રકટ કર્યા

હોત તો પોતાના સર્વ ભક્તોના પુષ્ટિમાર્ગીય શ્રી પુરૂષોત્તમનાં માહાત્મ્ય ન જાણવાથી ઉત્પન્ન થયેલાં દુઃખો રહેત જ અને આ કારણથી પોતાનું હરિત્વ એટલે સર્વ દુઃખ હર્તાપણું ન જણાત. આથી પોતાનું હરિપણું એટલે દુઃખ હર્તાપણું સાબિત કરવાને માટે પોતાના મુખારવિંદરૂપ શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય કર્યું અને તે દ્વારા પોતાના પુષ્ટિમાર્ગનું ફળ, માહાત્મ્ય અને જ્ઞાન પ્રગટ કર્યું. હવે શ્રીમહાપ્રભુજીના એકસો આઠ નામ પ્રગટ કરવાનો હેતુ જણાવવા કહે છે કે

૪. તદુક્તમપિ દુર્બોધં સુબોધં સ્યાદ્યથા તથા ।

તન્નામાષ્ટોત્તર શતં પ્રવક્ષ્યામ્ય ખિલાઘહૃત ॥

આધુનિક સ્વકીય દૈવી જીવોની જીવબુદ્ધિ હોવાથી શ્રી સુબોધિનીજી વિગેરે ગ્રંથોનું તાત્પર્ય ન સમજી શકવાને લીધે એ સૃષ્ટિ વ્યર્થ થાત આથી આવા દૈવી જીવોને પણ તાત્પર્યનું જ્ઞાન થાય, આ હેતુ થી બીજો કોઈ ઉપાય ન હોવાથી તે શ્રી પૂર્ણ પુરૂષોત્તમના મુખારવિંદરૂપ શ્રી મહાપ્રભુજીના એકસો આઠ નામો શ્રેષ્ઠ રીતે કહું છું. આ નામો શ્રી સુબોધિનીજી આદિ ગ્રંથોનું જ્ઞાન થવામાં નડતા

પ્રતિબંધો દૂર કરનાર છે. અહીં શ્રી મહાપ્રભુજીનાં નામ અલૌકિક તથા આનંદમય છે માટે તેને પ્રગટ કરનાર ઋષિ પણ અલૌકિક છે તે નિરૂપવા આગળ કહે છે કે

૫. ઋષિરગ્નિકુમારસ્તુ નામ્નાં છંદો જગત્યસૌ ।
શ્રી કૃષ્ણાસ્યં દેવતા ચ બીજં કારૂણિકઃ પ્રભુઃ ॥

આ સ્તોત્રના ઋષિ અગ્નિકુમાર એટલે વૈશ્વાનર સ્વરૂપ શ્રી મહાપ્રભુજીના પુત્ર (કુમાર) શ્રી ગુંસાઈજી છે. છંદ નામે જગતી છે. શ્રી કૃષ્ણાસ્યં સ્વરૂપ શ્રી મહાપ્રભુજી આ સ્તોત્રના દેવતા છે. અને દયાળુ પ્રભુ (શ્રીઠાકોરજી) એ બીજ છે. જેમ કાત્યાયની વ્રત કરવાથી અલૌકિક અગ્નિકુમારરૂપ ઋષિરૂપા કુમારિકાઓને વરદાન આપી પૂર્ણ પુરૂષોત્તમે રાસ ક્રીડા કરી કામના પૂર્ણ કરી, તેમ શ્રી મહાપ્રભુજીના અલૌકિક એકસોને આઠ નામનો નિરંતર જપ કરવાથી શ્રી પૂર્ણ પુરૂષોત્તમ, ભક્તની સર્વ પ્રકારની ઈચ્છાઓ પૂર્ણ કરે છે. મંત્રોના નામોનો જપ કરવાથી સેવાની સિદ્ધિ મળે છે. પછી પૂર્ણ પુરૂષોત્તમનું માહાત્મ્ય જ્ઞાન થાય અને છેવટે સ્વમાર્ગમાં જણાવેલા પરમ ફળની પ્રાપ્તિ થાય, આમ સર્વે અલૌકિક સિધ્ધિઓ

સિધ્ધ થાય છે. આગળ પાઠનું પ્રયોજન કહેવા

૬. વિનિયોગો ભક્તિયોગ પ્રતિબંધ વિનાશને ।
કૃષ્ણા ધરામૃતાસ્વાદ સિધ્ધિઃ અત્ર ન સંશયઃ ॥

આ સ્તોત્રનો વિનિયોગ ભક્તિયોગમાં કરવામાં આવતા લૌકિક, અલૌકિક, દૃષ્ટ, અદૃષ્ટ સર્વે પ્રતિબંધો મુળમાંથી નાશ કરવામાં ઉપયોગ છે તે પછી ફળનું નિરૂપણ કરે છે કે આ સ્તોત્રનો પાઠ અહર્નિશ કરવાથી શ્રી કૃષ્ણના અધરામૃતના આસ્વાદની સિધ્ધિ થાય છે. શ્રીકૃષ્ણનો અધરામૃતનો સ્વાદ થવો બહુ જ કઠીન છે એવું ખુલ્લું જ જણાય છે. આથી સર્વે ઠેકાણે શ્રીકૃષ્ણના અધરામૃતનું ફળ થવું અસંભવિત છે. આ સ્પષ્ટ કરવા આસ્વાદ શબ્દ મૂક્યો છે. એટલે તેના સ્વરૂપનો સ્વાદ કેવલ યોગ્યતા પ્રમાણે આપે છે. જેમ વ્રજની ગાયોને વેણુનાદથી નાદરૂપી અધરામૃત નું પાન કાન વડે થતું હતું, તેજ પ્રમાણે આ સ્તોત્રનો પાઠ કરનારને જેનો જેવો અધિકાર તેવો તેને અધરામૃત નો સ્વાદ પ્રાપ્ત થાય છે. આ સ્વાદના મુખ્ય અધિકારી તો વ્રજભક્તો જ છે આ વ્રજવાસીઓને જેવી સિદ્ધિ થઈ તેવી સિધ્ધિ ના નિશ્ચયને માટે અહીં સિધ્ધિ

શબ્દ વાપર્યો છે. સિધ્ધિ એટલે ફળ સિધ્ધિ એવો અર્થ છે. ફળ સિધ્ધિના ચોક્કસ નિશ્ચયને માટે ન સંશયઃ શબ્દ વાપરેલ છે. આ સ્તોત્રનો પાઠ કરનારની ફળસિધ્ધિમાં કંઈપણ સંશય નથી તેમ ભારપૂર્વક શ્રી ગુંસાઈજી એ મહોર મારી ને આજ્ઞા કરી છે.

૭. આનંદઃ પરમાનંદઃ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ ।

અહીં [illegible] જેવો છે. શ્રી પુરૂષોત્તમના અને અક્ષર બ્રહ્મના આનંદમાં ભેદ છે. અક્ષરબ્રહ્મનો આનંદ ગણિતાનંદ છે. જેની ગણતરી થઈ શકે. આનંદ તિરોહીત થઈ શકે એટલે કે નાશવંત પણ છે. સ્વરૂપની સન્મુખતા હોય ત્યાં સુધી આનંદ રહે પણ સન્મુખતા છૂટતાં તેની સમાપ્તિ થાય તેથી ચીરકાળ સુધી તેની અનુભૂતિ નથી જ્યારે શ્રીપુરૂષોત્તમનું આનંદપણું પરમાનંદથી જાણી શકાય. પરમ શબ્દથી અગણિત એટલે મન વાણી વિગેરે જ્યાંથી અટકી જાય તેનાથી પર એવા એટલે ''યતો વાચો નિવર્તતે અપ્રાપ્ય મનસા સહ'' આ પ્રમાણે જે આનંદ મન વાણીથી અગોચર છે. તેવું આનંદયુક્ત શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ

પરમાનંદને પ્રાપ્ત કરાવનારું છે. જે આનંદ કાલા વચ્છિન્નધારાની જેમ વહ્યા જ કરે છે. જેની કોઈ સીમા નથી કોઈ સમાપ્તિ નથી. શ્રી કૃષ્ણાસ્યં નામથી એ જાણવાનું કે શ્રીકૃષ્ણ ભૂતલ પર પ્રગટ થવા છતાં પૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપાનુભવે મનાયા તેમ આ શ્રીમહાપ્રભુજી પણ શ્રીકૃષ્ણના મુખારવિંદનું પ્રાગટ્ય છતાં સ્વાનુભવે કરીને શ્રી પૂર્ણ પુરૂષોત્તમ મનાયા. આથી શ્રી મહાપ્રભુજી શ્રી પુરૂષોત્તમ સમાન શ્રીકૃષ્ણના મુખારવિંદ સ્વરૂપ છે. તેમાં સંદેહ ન કરવો.

કૃપાનિધિ: નામમાં શ્રીમહાપ્રભુજી નિરૂપાધિક અલૌકિક કૃપાના ભંડાર છે. પોતે જ્યાં પ્રગટ થાય ત્યાં કૃપાયુક્ત પ્રકટ થાય છે. પોતાનું પ્રાગટ્ય દૈવી જીવો પર કૃપા કરવા સારુ છે. આ દૈવી જીવોની ઉત્પત્તિ લૌકિકને વિષે છે, જો પોતે લૌકિકમાં પ્રગટ ન થતાં બીજે પ્રકટ થયાં હોત તો પોતાના દૈવી જીવોનો ઉધ્ધાર ન થાત, માટે લૌકિકમાં ઘેરાયેલા દૈવી જીવોનો લૌકિકમાં પ્રગટ થઈ અંગીકાર કરી પોતાનું કૃપાનિધિપણું સાબિત કર્યું. અને પોતે પ્રગટ કરેલા ભક્તિમાર્ગમાં અંગીકાર કરેલા જીવોને અધિકાર પ્રમાણે ભજનાનંદનો અનુભવ કરાવ્યો.

**દૈવોદ્ધાર પ્રયત્નાત્મા :** દૈવી એટલે પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરેલા જે જીવો તે દૈવી જીવો કહેવાય છે. તેમના ઉધ્ધારમાં જે પ્રયત્ન કરવો પડે, તે પ્રયત્નમાં જેમનો આત્મા એટલે કે અંતઃકરણ છે, એવા શ્રીમહાપ્રભુજી છે. શુધ્ધ પુષ્ટિમાર્ગીય દૈવી જીવોને મુક્તિરૂપ ફળથી પણ અધિક ફળ સાક્ષાત પ્રભુનો સંબંધ જ હોવાથી આનું સાધન બીજે વેદ પુરાણોમાં અપ્રસિદ્ધ હોવાથી શ્રીમહાપ્રભુજીનું સાક્ષાત્ ભગવત્સંબંધ કરાવવા માટે પ્રાગટ્ય છે. જો તેમનું પ્રાગટ્ય ન થાત તો પુષ્ટિમાર્ગીય જીવોને પુષ્ટિમાર્ગના સાધનનું જ્ઞાન પણ થાત નહિ, અને પુષ્ટિ જીવોનું એટલે પુષ્ટિ સૃષ્ટિનું પ્રગટ થવું વ્યર્થ થાત. તેથી જે પ્રકારે ફળસિધ્ધિ વડે ઉદ્ધાર થાય એ પ્રકારે શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય બતાવવા માટે ''દૈવોધ્ધાર પ્રયત્નાત્મા'' નામની સાર્થકતા છે.

**સ્મૃતિ માત્રાર્તિનાશનઃ** પોતાના અંગીકૃત દૈવીજીવોની પોતાના માર્ગીય ફળની અસાધારણ આર્તિનો નાશ કરવાની શક્તિ બતાવીને સાધારણ આર્તિઓ પણ આ શ્રીમહાપ્રભુજીના ચરણ સ્મરણથી જેની જેવા પ્રકારની

શ્રીમહાપ્રભુજી પર નિષ્ઠા કે શ્રદ્ધા છે તે પ્રમાણે પૂર્ણ થઈ નાશ પામે છે. આ સામર્થ્ય જણાવવા માટે ઉપરનું નામ સ્મૃતિમાત્રાર્તિ નાશનઃ બોલાયેલું છે.

૮. શ્રી ભાગવત ગૂઢાર્થ પ્રકાશન પારાયણ : ।
સાકાર બ્રહ્મવાદૈક સ્થાપકો વેદ પારગઃ ॥

શ્રી ભાગવત શબ્દ પછી ગૂઢાર્થ શબ્દ મુક્યો છે તે બતાવે છે કે શ્રીમદ્ ભાગવતનું વ્યાખ્યાનતો બીજા પંડિતોએ પણ કર્યું જ છે. અને આ ભાગવતમાં જો આ પુષ્ટિમાર્ગ રહેલો છે, તો બીજાઓને પણ પુષ્ટિમાર્ગનું જ્ઞાન થાય જ, પણ તેમાં રહેલો ગુઢ જે સર્વથી ન જાણી શકાય એવો અર્થ તેનું બીજા પંડિતોને જ્ઞાન નથી તે ફલ સ્વમાર્ગીય શુદ્ધ પુષ્ટિમાર્ગીય ફળરૂપ છે તેનો પ્રકાશ એટલે તે ખુલ્લું બતાવવાને પ્રયત્નશીલ અથવા એક પરાયણ શ્રીમહાપ્રભુજી છે. અને તે શ્રી ભાગવતમાંથી શુદ્ધ પુષ્ટિમાર્ગ પ્રકટ કરવાનું સામર્થ્ય પણ શ્રીઆચાર્યજીમાં જ છે, બીજામાં નથી. તેઓએ શુદ્ધ પુષ્ટિમાર્ગીય શ્રી પૂર્ણ પુરૂષોત્તમના સાક્ષાત્ સંબંધના ફળ સિવાય બીજું કંઈ કહ્યું જ નથી. એમ શ્રી શુકદેવજી પણ ભાગવતમાં કહે છે કે ''શ્રી ભાગવત વેદ કલ્પતરૂ છે. તેને ''પિવત

ભાગવતં રસમાલયં મુહુર હો રસિકા ભૂવિ ભાવુકાઃ"
હે રસિક અને ભાવિક ભૂતળ પરના જીવો, તમે એ ભાગવત ફળના રસને ભગવલ્લીલામાં સાક્ષાત લીન થતાં સુધી પીઓ. આવું ગૂઢ રહસ્ય શ્રી વલ્લભાધીશ સિવાય કોણ સમજાવી શકે ?

**સાકારબ્રહ્મવાદૈક સ્થાપક :**-પુષ્ટિમાર્ગીય ફળને મુક્તિથી અધિક કહ્યું, તો સ્વરૂપાનંદ રુપ હોવાથી અનુભવ કેમ થાય ? આ આકાંક્ષામાં અનુભવના પ્રકારના હેતુરૂપ નામ સાકાર બ્રહ્મવાદૈક સ્થાપક છે. સાકાર જે બ્રહ્મ તેનો વાદ તે કારણ સહિત તેને જ મુખ્ય પ્રમાણપૂર્વક પ્રતિપાદન કરનારા શ્રી મહાપ્રભુજી છે અહીં એક શબ્દ એક અથવા મુખ્ય વાચક છે. સાકારપણું કહીને જે બ્રહ્મપણું નિરૂપણ કર્યું તેનો હેતુ એ છે કે જેમ બ્રહ્મ કેવળ આનંદમય છે તેમ તેના હાથપગ વગેરે અવયવોનું પણ કેવળ આનંદમયપણું બતાવે છે. સાકારપણું કહેવાથી પુષ્ટિમાર્ગીય ફલ સર્વ ઈન્દ્રિયો વડે મેળવી શકાય છે એમ કહ્યું છે.

**વેદપારગ :**- બ્રહ્મના પ્રાકૃત આકારનો શ્રુતિઓ નિષેધ કરે છે. પણ અલૌકિક આનંદ આકારનો નિષેધ કરતી નથી અને સાકારપણું જ બતાવે છે. ઈશ્વરને નિરાકાર

કહેનારાઓનું શ્રુતિઓનું જ્ઞાન સહેજ જ હોવાથી અને તેમને સર્વ શાખાઓ ઉપનિષદ વિગેરેનું જ્ઞાન ન હોવાથી તેઓમાં તેમણે પ્રકાર ભેદ વડે બ્રહ્મનું નિરૂપણ કર્યું. બ્રહ્મને નિરાકાર કહેનારાઓ સર્વ શાખાઓમાં ઉપનિષદ સંબંધી જ્ઞાન ન હોવાથી પોતાની બુદ્ધિ પ્રમાણે જે કંઈ શ્રુતિઓનું તાત્પર્ય પોતાના સિદ્ધાંતને બંધબેસતું આવ્યું તે પ્રમાણે કલ્પના કરીને નિરાકાર કહે છે. આ તેઓનું કહેવું સત્ય નથી. શ્રીમહાપ્રભુજીતો સર્વ શાખાઓનાં ઉપનિષદોના તાત્પર્યને વિરોધ ન આવે એવી રીતે સમજીને તે સર્વ આકારનું જ નિરૂપણ કરે છે. તે સર્વે બરાબર જાણવાથી જ ઈશ્વરનું સાકારપણું નિરૂપણ કર્યું આથી સર્વ શ્રુતિઓની સંમતિ બ્રહ્મના સાકારપણામાં જ છે. આ વસ્તુ સ્પષ્ટ કરવા શ્રીમહાપ્રભુજીનું નામ વેદ પારગઃ કહ્યું છે.

૯. માયાવાદ નિરાકર્તા સર્વવાદિનિરાસકૃત્ ।
ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ સ્ત્રીશૂદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ ॥

માયાવાદના આશ્રયથી સર્વનું મિથ્યાપણું કહેવું એવા પ્રકારનો જે વાદ તે માયાવાદ છે. તે માયાવાદ સર્વ શ્રુતિઓથી વિરુધ્ધ છે આ કારણથી શ્રીમહાપ્રભુજી તેને નિરાસ કરનાર હોવાથી આ નામ કહે છે.

માયાવાદનું ખંડન કરીને આ માયાવાદનાં શાસ્ત્રો સિવાયનાં પણ બીજાં બધાં શાસ્ત્રો શ્રુતિઓથી વિરુદ્ધ છે. માટે તે તે વિરુધ્ધ શાસ્ત્રોને અનુસરનારાં વાદીઓને શ્રુતિઓના સત્યાર્થને અનુસરીને જ નિરાસ કર્યા તે બતાવવાને શ્રીમહાપ્રભુજીનું નામ સર્વવાદનિરાસકૃત્ કહ્યું એટલે કે શ્રુતિઓથી વિરુધ્ધ વાદ કરનારા બધાનું આપશ્રીએ ખંડન કર્યું તેમ બતાવ્યું.

ભક્તિમાર્ગાબ્જમાર્તંડઃ :- ભક્તિમાર્ગરૂપી જે કમલ તેના સૂર્ય એટલે પ્રકાશ ફેલાવી ખીલવનાર એટલે કે અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવી ભક્તના હૃદયમાં ભક્તિનું સ્થાપન કરવાવાળા શ્રી મહાપ્રભુજી છે. જેમ ખીલેલાં કમળનો રસ ભોગવનાર એટલે રસ ચાખનાર માત્ર ભ્રમરો જ છે તેમ આ પુષ્ટિ ભક્તિમાર્ગરૂપી ખીલેલા કમળના રસને ચાખનાર શ્રીમહાપ્રભુજીએ અંગીકાર કરેલા દૈવી જીવો જ છે. વળી જેમ સૂર્ય અન્યને તાપથી તપાવે છે અને કમળને ખીલવે છે, અને સુખ આપે છે. તેમ શ્રીમહાપ્રભુજી પણ ભક્તિમાર્ગના વિરોધીઓને તાપથી તપાવી દે છે અને ભક્તિમાર્ગીય જીવોને ભક્તિનો પ્રકાશ એટલે ખીલવટ

કરનાર હોવાથી અતિશય સુખ આપે છે. આમ શ્રીમહાપ્રભુજીને ભક્તિમાર્ગાબ્જ માર્તંડ કહ્યા છે.

**સ્ત્રીશુદ્રાદ્યુધ્ધૃતિક્ષમ :-** વેદમાર્ગમાં સ્ત્રીઓ તથા શુદ્રોનો ઉદ્ધાર જ ન હતો. શ્રી વલ્લભાધીશે શરણમાર્ગ દ્વારા સ્ત્રીઓ તથા શુદ્રોનો અંગીકાર કરી લીલા પ્રાપ્તિ કરાવી પોતાની સક્ષમતાના દર્શન કરાવવા પોતે જ પોતાના સામર્થ્યથી પોતાના નિજ સેવકોને ફળ આપવાને સમર્થ છે તે બતાવવા સ્ત્રીશુદ્રાદ્યુધ્ધૃતિ ક્ષમઃ નામ પ્રગટ થયું.

**૧૦. અંગીકૃત્યૈવ ગોપીશ વલ્લભીકૃત માનવઃ ।**
**અંગીકૃતૌ સમર્યાદો મહાકારૂણિકો વિભુઃ ॥**

દૈવીજીવો સર્વાત્મભાવ વિગેરે હોવા છતાં પણ ફળસિધ્ધિમાં તે ભક્તો ઉપર ભગવાનની પ્રીતિ જ સાધનરૂપ છે. બીજું કંઈ નહિ એમ નિશ્ચય થાય છે. ફળરૂપ શુધ્ધ પુષ્ટિમાર્ગ પ્રવર્તાવનાર આચાર્યશ્રીના અંગીકાર વડે જો કેવળ પ્રભુની પ્રીતિ ભક્તો પર થાય છે તો સિધ્ધિ બીજાં કયા સાધન વડે થાય છે ? તો આ નામ બોલે છે અંગીકૃત્યૈવ ગોપીશ વલ્લભીકૃત માનવઃ. અહીં પ્રભુનું બીજું નામ ન કહેતાં ગોપીશ નામ વાપર્યું છે. આ

નામ જ અહીં કહેવાનું કારણ એ છે કે, ગોપીજનો સાથે લીલા કરવામાં પ્રભુનું પરવશપણું છે, અને શ્રીમહાપ્રભુજીનું પણ એ લીલામાં પરવશપણું છે. શ્રીમહાપ્રભુજી યુગલ સ્વરૂપનું મધ્યસ્થ સ્વરૂપ હોવાથી બેઉને અત્યંત પ્રિય છે. તો આ પ્રમાણે યુગલ સ્વરૂપને અતિપ્રિય એવા શ્રી મહાપ્રભુજી અંગીકાર કરે તો પુષ્ટિમાર્ગીય શ્રી પૂર્ણ પુરૂષોત્તમની પ્રીતિ મેળવે એમાં શું કહેવું ?

**અંગીકૃતૌ સમર્યાદૌ** :-પોતાના પુષ્ટિ ભક્તિમાર્ગની મર્યાદા પ્રમાણે અંગીકાર કરે છે. એ મર્યાદા એટલે કે હું જે મુક્તિથી પણ અધિક સાક્ષાત્ પ્રભુનો સંબંધ પ્રાપ્ત કરીને કૃતાર્થ થાઉં છું. આવી બુધ્ધિપૂર્વક સાક્ષાત્ ફળસ્વરૂપ ભક્તિમાર્ગને પ્રવર્તાવનાર શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ જાણીને અને તદ્દન શ્રીમહાપ્રભુજીના અનન્યપણા વડે જ ફળની સિધ્ધિ થાય છે, એવા જ્ઞાનપૂર્વક મને આપનો અંગત પોતાનો જ કરો, એવી પ્રાર્થના વડે શરણ સ્વીકારે છે, તેના ઉપર કૃપા કરીને સ્વમાર્ગીય મર્યાદાપૂર્વક પોતાની પાસે બોલાવીને પોતાના પુષ્ટિમાર્ગીય ઉપદેશ પ્રમાણે શ્રી ભગવાનમાં સર્વનું

સમર્પણ કરાવ્યા પછી તે દૈવીજીવનો પોતાના તરીકે અંગીકાર કરે છે. આપ્રકાર બતાવવા અંગીકૃતૌ સમર્યાદો નામ બોલે છે.

**મહાકારૂણિકો** :-શ્રીમહાપ્રભુજી મુક્તિ કરતાં પણ અધિક પુષ્ટિ ભક્તિમાર્ગીય સંબંધ કરાવે છે. એટલે પુષ્ટિમાર્ગ ના ફળરૂપ શ્રી પૂર્ણ પુરૂષોત્તમનો સંબંધ કરાવે છે.

**વિભુ** :-સર્વ કરવાને સમર્થ. આ નામ વડે જ આજ સુધી જે ફળ કોઈએ નથી આપ્યું, એવું ફળ આપવાનું સામર્થ્ય શ્રી મહાપ્રભુજીમાં છે.

**૧૧. અદેયદાન દક્ષશ્ચમહોદાર ચરિત્રવાન્**

પુ[illegible]માટે પ્રભુની આજ્ઞાને લીધે શ્રીમહાપ્રભુજીનું પ્રાગટ્ય છે જો શુધ્ધ પુષ્ટિમાર્ગ પ્રકટ કરીને મુક્તિથી અધિક ફળ ન આપ્યું હોત તો, પોતાનું તે પ્રગટ કરેલા શુધ્ધ પુષ્ટિમાર્ગનું અસાધારણ કાર્ય ન થવાથી પ્રકટ થવું જ નકામું જાત આથી જ આ દાન આપવાનું સામર્થ્ય લઈને પોતે પ્રગટ થયા છે. તેમને પોતાનું સર્વસ્વ એવા પ્રભુનું ભક્તને દાન કરી "શ્રીકૃષ્ણ સેવા સદા કાર્યા" ની આજ્ઞા કરી.

તેમજ પોતાના સૌથી પ્રિય સેવક દામોદરદાસ હરસાનીજીનું પણ શરણસ્થ જીવોને દાન કરી તેમના હૃદયમાં પધરાવી દીધા જેને કારણે પુષ્ટિજીવોને આજે પણ ભક્તિ, સ્મરણ, ભગવદ્સેવા, સત્સંગ, ચિંતન, મનન, ધ્યાન તેમજ તત્સુખાત્મક ભાવ ભરી પ્રભુ સેવા કરવાનો ભાવ આવા કરેલા અદેય દાનને જ આભારી છે.

**મહોદાર ચારિત્રવાન :-** પોતાના પ્રકટ કરેલા પુષ્ટિ ભક્તિ માર્ગમાં એક નિષ્ઠાવાન જીવોને વિચાર કર્યા વગર પોતે મહા ઉદાર ચારિત્ર્યવાળા હોવાથી પુષ્ટિમાર્ગીય ફલ આપવામાં કાંઈ જ અયોગ્યતા નથી, સર્વકરણ સમર્થ છે. શ્રીમહાપ્રભુજીમાં જ આ ધર્મ છે, અને તે સ્વાભાવિક છે. કોઈ પણ રીતે બહાર થી પ્રાપ્ત કરેલો નથી. મતલબ કે મહોદાર ચરિત્રવાનપણું પોતાનો ધર્મ જ છે. કોઈપણ સાધન વડે તે મેળવેલો નથી.

**પ્રાકૃતાનુ કૃતિવ્યાજ મોહિતાસુર માનુષઃ :-** જે જીવો દૈવી હોય તેને શ્રી મહાપ્રભુજીનું પ્રાગટ્ય પ્રાકૃત મનુષ્યાકૃતિરૂપે હોવા છતાં ભગવાનના સ્વરૂપનું જ્ઞાન છે તેથી તેઓ સેવાકીર્તન માં તત્કાલ લાગી ગયા, અને

મોહ ન થયો. જ્યારે અસુર મનુષ્યોને ભગવાનનું સ્વરૂપ જ્ઞાન ન હોવાથી શ્રીમહાપ્રભુજી ને જોઈને એવું માનતા, કે અમે જેવા મનુષ્ય છીએ તેવા જ શ્રી મહાપ્રભુજી પણ મનુષ્ય છે. ભગવદ્દરૂપ જાણીને શરણે આવી પોતાના ઉધ્ધારનો વિચાર સરખો પણ ન કર્યો. ઉલ્ટાની લૌકિક ભાવ કરી નિંદા કરતા હતા. તેમના દોષો જોવાનો પ્રયત્ન કરતા હતા. અને વાદ-વિવાદમાં અટવાતા હતા. તેથી આવા આસુરી જીવોને મોહ ઉપજાવતા અને તેમનો ઉદ્ધાર પણ થતો નહીં.

**૧૨. વૈશ્વાનરો વલ્લભાખ્યઃ સદ્રુપોહિત કૃત્સ્નતામ્ ।**
**જનશિક્ષાકૃતે કૃષ્ણભક્તિ કૃન્નિખિલેષ્ટદઃ ॥**

શ્રી પુરૂષોત્તમના મુખ સ્વરૂપ અગ્નિમાં આધિદૈવિકપણું અને આનંદ સ્વરૂપ પણું છે. આ આધિદૈવિકપણું અને આનંદ સ્વરૂપપણું મુખની વાણીમાં પણ છે, ને એ વાણી સ્વરૂપ શ્રી મહાપ્રભુજી છે. જે દિવ્ય અલૌકિક અગ્નિસ્વરૂપ છે. તેથી ''વૈશ્વાનરો'' નામ સૂચક છે.

**વલ્લભાખ્યઃ** આ નામનો આશય જેમ શિયાળામાં અગ્નિ સ્વાભાવિક રીતે જ ટાઢ મટાડનાર હોવાથી વહાલો લાગે છે પણ બીજા (ઉનાળા વિગેરે) સમયમાં વહાલો લાગતો

નથી તેવી રીતે શ્રી મહાપ્રભુજીના સેવકોને પણ શ્રીમહાપ્રભુજીમાં અલૌકિક તેજ સદા પ્રકટ હોવાથી લૌકિક અગ્નિની ઉપયોગિતાની જેમ કોઈવાર સુખ આપવા પણું હોય ને કોઈવાર સુખ આપવાપણું નહિ હોય આથી આવી શંકાનો નાશ કરવા માટે વલ્લભાખ્યઃ નામ કહ્યું, જે સદાપ્રિય જ છે ક્યારેય અપ્રિય થતું નથી.

**સદ્રુપ :-** ઉપરના નામના અનુસંધાનમાં બતાવેલ આ નામમાં શ્રીમહાપ્રભુજી આપ સદ્રુપ છે તેથી કોઈપણ વાર અપ્રિય થતા નથી. કેમકે સર્વદા એક રસ અચલ, અક્ષય, સુંદર ઐશ્વર્યાદિક ધર્મના કારણે સામર્થ્યવાન છે. બધાથી શ્રેષ્ઠ સર્વેને પ્રગટકર્તા, પોષણકર્તા, રક્ષણકર્તા, ચતુર શિરોમણી, કોટિ કન્દર્પ લાવણ્ય, સુંદર, રસમય, અદ્દભુત ચરિત્રવાન હોવાથી શ્રીમહાપ્રભુજી કોઈને પણ ક્યારેય અપ્રિય લાગતા નથી. શ્રીપૂર્ણ પુરૂષોત્તમના મુખારવિંદરૂપ સચ્ચિદાનંદ મુખરૂપ છે. તેથી સદા સર્વદા એક રસ પ્રિય છે તે બતાવવા આપશ્રીનું નામ ''સદ્રુપઃ'' કહ્યું છે.

**હિતકૃતસતામ્ :-** શ્રી વલ્લભાધીશ પોતાને શરણે આવેલ તમામ દૈવી જીવોનું સદાને માટે હિત જ કરતા હોય છે.

ભક્તોના પોતપોતાનાં વિવિધ પ્રકારનાં ભાવ પ્રમાણે તે તે ભક્તોના મનોરથો પૂર્ણ કરવાને લીધે પ્રિયપણું જ સંપાદન કરે છે. મનોરથ જે જે પ્રકારના જે જે ભક્તોના હોય તે તે પ્રમાણે પોતે પૂરા કરે છે. અને તેમ કરવામાં જરા પણ વિલંબ કરતા નથી.

**જનશિક્ષાકૃતે કૃષ્ણ ભક્તિકૃત :-** ભક્તિમાર્ગ બીજા સાધનો માર્ગથી જુદો છે. વેદપુરાણોમાં ભજનના પ્રકારો બતાવ્યા છે. પણ તે ભક્તિમાર્ગીય નથી. પૂજામાર્ગ મર્યાદાવાળા હોવાથી શ્રી પુરૂષોત્તમ સુધી લઈ જતા નથી. ભગવાન યોગ કે જ્ઞાન વડે સાધ્ય નથી. એક નિષ્ઠાવાળી ભક્તિ વડે જ ભગવાન મળી શકે. માટે અન્ય માર્ગો કરતા પોતાના ભક્તિમાર્ગનું વિલક્ષણપણું બતાવવા કૃષ્ણ ભક્તિકૃત એ શબ્દમૂક્યો છે. જો પોતાના ભક્તોને શુધ્ધ પુષ્ટિમાર્ગીય ભજનનો પ્રકાર પોતે ભક્તિ કરીને ન શીખવ્યો હોત, તો પોતાનો શુધ્ધ પુષ્ટિમાર્ગીય ભજન પ્રકાર ભક્તો ન જાણત અને તેથી અન્ય રીતે કરેલ ભજન શુધ્ધ પુષ્ટિમાર્ગીય ન થાત. પુષ્ટિમાર્ગમાં ભગવાનની સેવા એ જ પુરૂષાર્થ છે તે જણાવવા માટે ''જન શિક્ષા કૃતે કૃષ્ણ ભક્તિ કૃત'' નામ કહ્યું છે.

નિખિલેષ્ટદ :- પોતાના ભક્તોને પુષ્ટિમાર્ગીય ભજન શીખવવાની બાબતમાં પોતાને પરિશ્રમ લેવાનું કારણ બતાવતા કહે છે કે નિખિલ એટલે સ્વમાર્ગીય સાધ્ય શ્રી ભગવાનના સ્વરૂપ સંબંધી જે ઈચ્છિત વસ્તુ કે મનોરથ તે આપે છે તેને નિખિલેષ્ટદ: કહે છે. જો પોતે પોતાના ભક્તોને પુષ્ટિમાર્ગીય ભજન/સેવા ન શીખવી હોત તો તે ન આવડવાથી પોતાનું સર્વ ઈચ્છિત વસ્તુ આપવાપણું સિધ્ધ ન થાત, પણ તે તો પોતે ભક્તિ કરીને શીખવવાથી સિધ્ધ થયું માટે નિખિલેષ્ટદ: નામ કહ્યું છે.

૧૩. સર્વલક્ષણ સંપન્ન શ્રીકૃષ્ણ જ્ઞાનદો ગુરૂ: ।
સ્વાનંદતુન્દિલ: પદ્મદલાયત વિલોચન: ॥

જેવી રીતે પૂર્ણ પુરૂષોત્તમ સર્વલક્ષણ સંપન્ન છે તેવી રીતે શ્રીમહાપ્રભુજી ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય વિગેરે અનેક લક્ષણોથી અનેક સામર્થ્યથી શ્રી પૂર્ણપુરૂષોત્તમ સમાન સામર્થ્યવાન છે. અને પોતાના પ્રમેય બલથી પોતાના ભક્તોને ઐશ્વર્યાદિ ધર્મ વડે સામર્થ્યવાન કરે છે, તેમજ અલૌકિક દાન આપે છે. જેથી પુષ્ટિમાર્ગીય ભક્ત સર્વોત્તમ રીતિથી શ્રી

ઠાકોરજીનું સેવન કીર્તન અનુભવ કરિ ભાવાપન્ન થઈ પુષ્ટિફલને પ્રાપ્ત કરી લે છે. આવું સામર્થ્ય ઓર કોઈમાં ન હોવાથી મહાપ્રભુજીનું નામ "સર્વ લક્ષણ સંપન્નઃ" કહ્યું છે.

**શ્રીકૃષ્ણ જ્ઞાનદોઃ** :- જો શ્રી મહાપ્રભુજી સર્વલક્ષણ સંપન્ન હોય તો પોતાના સેવકોને ક્યું ફલદાન કરે છે તે બતાવવા માટે આ નામ કહ્યું છે. રસરૂપાત્મક, ભાવાત્મક અને વ્રજભક્તો સહિત શ્રીઠાકોરજી પુષ્ટિમાર્ગના ફલરૂપ એવા સ્વરૂપનું જ્ઞાન પરમ અલૌકિક જે બ્રહ્માદિકને પણ અતિ દુર્લભ છે તેને આપવાવાળા શ્રી મહાપ્રભુજી હોવાથી "શ્રીકૃષ્ણ જ્ઞાન દો" નામ કહ્યું છે.

**ગુરૂ** :- શ્રીમહાપ્રભુજી ભગવદ્ સ્વરૂપ જ્ઞાન, સંપૂર્ણ ભાગવતનું યથાર્થ તત્ત્વજ્ઞાન, તેમજ પોતાના સેવકોને શ્રી પૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપનું ભજન સેવન કરાવનાર હોવાથી પુષ્ટિભક્તિમાર્ગના પ્રગટકર્તા ઉપદેશકર્તા "ગુરૂઃ" બતાવ્યા છે. જીવનું અજ્ઞાન દૂર કરી પુષ્ટિ ભક્તિનું દાન કરનાર હોવાથી ગુરૂ નામ છે.

**સ્વાનંદતુન્દિલ** :- પોતાનો જે આનંદ તેના વડે તુંદિલ એટલે પુષ્ટ અથવા ભરપેટ અથવા મસ્ત એવો અર્થ છે.

પોતાના આનંદ પહેલાં સ્વપદનો ઉપયોગ કરવાનું કારણ એ કે અગણિત મનોરથ પૂર્ણ કરનારો જે આનંદ તેના વડે જ ખુબ પુષ્ટ અથવા મસ્ત તેમ નિરૂપણ કર્યું. આમ શ્રી મહાપ્રભુજીના આનંદ સિવાયના અન્ય આનંદ તુચ્છ છે. ગણતરીમાં ન લઈ શકાય તેવા છે. આમ શ્રીમહાપ્રભુજી સંબંધ માત્રમાં અન્ય સર્વનું વિસ્મરણ કરાવનાર તથા બીજા બધાનું અનુસંધાન ભુલાવનાર હોવાથી અન્ય ભક્તિમાર્ગોનું નિરૂપણ કર્યું જ નથી આવું સ્પષ્ટ જણાવવા "સ્વાનંદતુન્દિલઃ" નામ બતાવ્યું છે.

**પદમદલાયત વિલોચન :** -કમલ દલ જેવાં વિશાળ લોચન છે જેના એવા શ્રીમહાપ્રભુજી છે. આમ કહેવાનો હેતુ એ છે કે જેમ કમળ શીતળતા વડે સુખ આપે તેમ મહાપ્રભુજી પણ દ્દષ્ટિ પડતાં જ શીતળતાનું સુખ આપે છે. અને ત્રિવિધ તાપોને દુર કરે છે. ભૌતિક કમલ તો સૂર્યોદય સમયે પ્રફુલ્લિત રહે છે અને સાંજે સુર્યાસ્ત વખતે સંકુચિત થઈ જાય છે. સદા પ્રકાશમાન રહેતું નથી. કેમકે તે તે સ્વયં પ્રકાશ એટલે કે સ્વતંત્ર નથી. સૂર્યના સંબંધે પ્રફુલ્લિત થાય છે. જ્યારે શ્રીમહાપ્રભુજીના નેત્રકમલ તો સદા સર્વદા પ્રફુલ્લિત રહે છે. કેમ કે સ્વયં પ્રકાશમાન

છે તે અલૌકિક આનંદનું દાન કરનાર છે.

**૧૪. કૃપા દ્રગ વૃષ્ટિ સંહષ્ટ દાસદાસી પ્રિયઃ પતિઃ**

**રોષ દ્રગ પાત સમ્પ્લુષ્ટ ભક્તદ્વિડ ભક્ત સેવિતઃ ॥**

કૃપાવાળી દ્રષ્ટિ, કૃપાના જે કટાક્ષો છે તે કટાક્ષોની જે વૃષ્ટિ એટલે નિરંતર ભક્તો પર વરસવું, જે સર્વ રીતે ભીંજવનારું છે, તેથી ખૂબ આનંદ પામનાર દાસ અને દાસીઓ છે જેમને ખૂબ પ્રિય એવા શ્રીમહાપ્રભુજી. દ્રષ્ટિ પડવાથી ભક્તોને જે હર્ષ ઉત્પન્ન થાય છે તે સમ્યક એટલે સારી રીતે સદૈવ રહેવાથી વૃષ્ટિથી ઉત્પન્ન થયેલી જે રસાદ્રતા છે તે પોતાના ભક્તોથી કોઈપણ વખત દૂર થતી નથી એમ જણાવે છે. અથવા કૃપા દ્રષ્ટિ પડવાથી જેમને ખૂબ આનંદ થાય તેવા દાસ અને દાસીઓ જેને પ્રિય છે એવા શ્રીમહાપ્રભુજી છે.

**પતિઃ** :-લૌકિકમાં પણ પતિપણું હોય છે. પણ તેમાં પતિપણાના ગુણ હોતા નથી. માત્ર પતિ નામ કહેવા પૂરતું જ હોય છે. પણ સ્વાભાવિક ગુણવાળું નહિ. શ્રીમહાપ્રભુજીમાં તો તે પતિત્વ સંપૂર્ણ છે. પોતે કાલ વિગેરેના ભયથી રહિત છે, પોતાને શરણે આવનારાના સર્વ પ્રકારના, કાળ વિગેરે ભય નિવારણ કરનાર છે.

આથી પૂર્વે કહેલા પતિપણાંના સંપૂર્ણ લક્ષણ અહીં શ્રી મહાપ્રભુજીમાં જ છે, બીજામાં નહિ, એવું બતાવવા શ્રીમહાપ્રભુજીનું એક નામ પતિઃ છે.

**રોષદ્રકપાત સમ્પ્લુષ્ટ ભક્તદ્વિટ :-** શ્રીવલ્લભાધીશ પોતાના પતિપણા વડે પોતાના ભક્તોના કાળ વિગેરે ભયનું નિવારણ કરે છે પણ દુનિયામાં ઉત્પન્ન થયેલા આસુરી જીવોનો પોતાના પક્ષ એટલે કે પુષ્ટિજીવો સાથે વિરોધ હોવાથી તે આસુરી જીવો દ્વેષ કરી નડ્રાવ કરશે તો આ શંકાના નિવારણમાં તેઓના ભયનો નાશ કરવાનું સામર્થ્ય પણ અહીં છે એમ જણાવી ઉપરના નામને કહે છે. રોષ સહિત જે દૃષ્ટિ એટલે કટાક્ષ તેનું જે વિરોધીઓ ઉપર પડવું છે, તે પડવાથી સારી રીતે બાળી નાખે છે, ભક્તોના દુશ્મનોને જે એવા શ્રીમહાપ્રભુજી છે. અહીં ભક્તોના દુશ્મનો ને જ પોતે રોષદૃષ્ટિથી દહન કરે છે એવું કહેવાનો ભાવ એવો છે કે જેઓ ઉદાસીન એટલે તટસ્થ છે તેમના પર રોષદૃષ્ટિ આપ નાખતા નથી. ભક્તિમાર્ગમાં દુશ્મનાવટ રાખનારાને જ આપ બાળી નાખે છો.

**ભક્ત સેવિતઃ :-** શ્રીમહાપ્રભુજી પોતાના ભક્તોના

દ્વેષીઓ ને રોષવાળી દ્રષ્ટિથી નિહાળીને ભસ્મ કરી નાખે છે. અને કૃપાદષ્ટિથી રસવૃષ્ટિ કરી અનેક ભક્તોને આનંદિત કરે છે. આ લોકસંબંધી, પરલોક સંબંધી લૌકિક અલૌકિક સકલ કાર્ય આપ જ સદા સિધ્ધ કરે છે. તેથી સર્વે ભક્તજનો મળીને સદા સર્વદા એક રસ સર્વાત્મક ભક્તિભાવથી દેહ ઈન્દ્રિય પ્રાણાત્મા આદિ સર્વ સમર્પણ કરી દાસ હોઈ, સ્નેહપૂર્વક સેવા સ્મરણ ગુણગાન શ્રી મહાપ્રભુજીના કરે છે. એક ક્ષણનો પણ વિલંબ કરતા નથી. પોતાના પ્રાણ પ્રિયની સેવામાં તત્પર રહે છે. અનન્ય ભક્તિભાવથી શ્રીમહાપ્રભુજીની સેવા સદા કરે છે.

**૧૫. સુખસેવ્યો દુરારાધ્યો દુર્લભાંઘ્રિ સરોરૂહઃ ।**
**ઉગ્રપ્રતાપો વાક્સિધુ પૂરિતા શેષ સેવકઃ ॥**

**સુખ સેવ્યો :-** આ નામનો આશય એ છે કે ભક્તો ઘણા છે. પણ જેનોજેવા પ્રકારનો ભાવ તથા જે જેવા પ્રકારે સેવા કરવાની ઈચ્છા કરે છે, તેની તેવી ઈચ્છા પૂર્ણ કરીને સર્વ સુખ આપીને જ સેવાનો અંગીકાર કરે છે. આવું સેવા વડે સર્વ પ્રકારનું સુખ આપવાનું. સામર્થ્ય બતાવવાને સુખસેવ્યો નામ બતાવ્યું છે.

**દુરારાધ્ય :-** આગળના નામમાં ભક્તોનું સુખે સેવવાપણું

બતાવ્યું પણ આથી ભક્તો સિવાયના બીજાઓને પણ સુખથી સેવવાપણું સંભવશે તો ? આવી શંકાનું નિવારણ કરવા આ નામ કહી પોતાના ભક્તો સિવાય બીજાઓને મહા-મુસીબતે કોઈકવાર સંતોષ આપી શકશે, પણ સેવા કરવાનું કાર્ય નહિ જ આપે આ જણાવવા માટે દુરારાધ્ય નામ કહ્યું છે.

**દુર્લભાંઘ્રિસરોરુહ :-** ભક્તોને શ્રી મહાપ્રભુજીની ચરણ કમલની પ્રાપ્તિ મહાકષ્ટ વડે થાય છે એમ કહેવાનું કારણ એ કે આ કષ્ટ પણ અલૌકિક છે. શ્રીમહાપ્રભુજીનાં ચરણ કમળ અલૌકિક હોવાથી લૌકિક કષ્ટનો ત્યાં અભાવ છે. આ દુર્લભાંઘ્રિસરોરુહપણું કહેવાનું કારણ દુઃખથી ચરણકમલની પ્રાપ્તિ થાય છે. આર્તિરુપથી જ પ્રાપ્ત થાય છે બેઉ ચરણ કમલ જેનાં એવા તે શ્રી મહાપ્રભુજી છે.

**ઉગ્રપ્રતાપોઃ-** ભક્તો સિવાયના બીજાઓનો સંબંધ અસંભવિત છે, ભક્તોને તો આગળ કહ્યા મુજબ સુખ સેવ્ય છે જ. ઉગ્ર એટલે ભક્ત સિવાયનાથી સહન ન થઈ શકે એવો પ્રતાપ છે જેનો એવા શ્રી મહાપ્રભુજી. આ નામ વડે બીજાઓથી તો પાસે અવાવું મુશ્કેલ છે, તો સંબંધ તો ક્યાંથી થાય તેવું બતાવે છે.

**વાક્સીધુ પૂરિતાશેષ સેવક :-** શ્રીમહાપ્રભુજી પોતાના સેવકોને વચનામૃત કરીને અમૃતરસથી બહાર તથા અંદરથી પૂર્ણ કરી દે છે. અમૃતપાન કરાવવાથી બધી જ ઇન્દ્રિયોને સુખ ઉપજે છે તેમજ તાપ દૂર કરે છે. તેથી જ શ્રી મહાપ્રભુજીના ઉગ્રપ્રતાપરૂપી તેજ સહી શકવાને સમર્થ થાય છે અને પોતાના અશેષ માહાત્મ્ય જેવા કે ઐશ્વર્ય વિગેરે ખટધર્મ (છ ધર્મો) વચનામૃત દ્વારા ભક્તોના હૃદયમાં સ્થાપિત કરી પોતાના સમાન બનાવી દેતાં જીવપ્રભુના તેજને સહન કરી શકે છે તે બતાવવા આ નામ કહ્યું છે.

**૧૯. શ્રી ભાગવત્ પીયૂષ સમુદ્ર મથનક્ષમઃ ।**
**તત્સાર ભૂતરાસસ્ત્રીભાવ પૂરિત વિગ્રહઃ ॥**

શ્રી ભાગવતરૂપી જે અમૃત સમુદ્ર તેનું મંથન કરીને તેનો સાર એટલે તત્ત્વાર્થ કાઢવામાં સમર્થ એવા શ્રી મહાપ્રભુજી છે. આ નામ વડે સેવકોને શ્રી ભાગવતનું જ્ઞાન ન હોવાથી ઉત્પન્ન થતો તાપ પણ શ્રી ભાગવત્ ના અર્થનું શ્રી સુબોધિનિજી વિગેરે વચનામૃતો વડે નિરૂપણ કરીને નિવારણ કરે છે તેના માટે જ આ નામ કહ્યું છે.

**તત્સારભૂતરાસસ્ત્રીભાવપૂરિતવિગ્રહ :-** આ નામમાં

અમૃત સમુદ્રને વલોવીને તેને ફળરૂપ કરવાનું સામર્થ્ય બતાવે છે.

જેમ ક્ષીરસાગરના મથનમાં એટલે કે વલોવવામાં ક્ષીર એટલે દૂધ અને અમૃતની સરખામણીમાં અમૃત જ સારરૂપ છે પણ અહીં તો શ્રી ભાગવતરૂપ સમુદ્ર જ અમૃતમય છે. દુનિયામાં કે લોકમાં તેનાથી ઉત્કૃષ્ટ પદાર્થ છે જ નહિ આ ભાગવતરૂપી વસ્તુથી બીજી સારરૂપ કોઈપણ વસ્તુ નથી. મુક્તિને મુકાબલે પણ રાસ સ્ત્રીભાવ એટલે વ્રજમાં શ્રીકૃષ્ણ સાથે રાસ રમણ કરનારી ગોપાંગનાઓનો ભાવ જ શ્રેષ્ઠ સારરૂપ છે. વળી જેમ ક્ષીર સમુદ્રમાંથી નીકળેલાં તત્ત્વોના એટલે સારના દેવો જ ભોક્તા છે તેમ આ શ્રીભાગવતના સાર એટલે તત્ત્વના ભોક્તા શ્રીમહાપ્રભુજી જ છે.

૧૭. સાન્નિધ્ય માત્ર દત્ત શ્રી કૃષ્ણ પ્રેમાવિમુક્તિદઃ ।
રાસ લીલૈકતાત્પર્યઃ કૃપયૈતત્કથાપ્રદઃ ॥

સાન્નિધ્ય માત્ર દત્ત શ્રીકૃષ્ણ પ્રેમા :- પરમ ગૂઢ રસાત્મક જે વ્રજભક્તોના સ્નેહામૃત સર્વોપરિભાવ છે તેનાથી અંદર બહાર પૂરિત વિગ્રહ શ્રીમહાપ્રભુજી છે. તેથી જેમાં અપાર રસ ભર્યો હોય તે બીજાને દાન કરી શકે. આપના

કૃપાપાત્ર પુષ્ટિમાર્ગીય ભક્તજનો છે, અને વ્રજ ભક્તોના ભાવ રસપાન કરવા માટેના અધિકારી છે. એવા ભક્તો જ્યારે શ્રીમહાપ્રભુજીની સન્મુખ આવે છે ત્યારે તત્કાળ શ્રી પૂર્ણ પુરૂષોત્તમ તેમના પર શુધ્ધ પ્રેમભાવનું દાન કરે છે. આ પ્રેમ વ્રજભક્તોનો કૃષ્ણ ઉપરનો ઉત્તમમાં ઉત્તમ પ્રેમ છે. જેનાથી શ્રીકૃષ્ણ વ્રજભક્તો ઉપર મુગ્ધ યાને કે વશીભુત છે. એવો ઉત્તમમાં ઉત્તમ પ્રેમભાવનું દાન શ્રીમહાપ્રભુજી પોતાના નિજ સેવકોને સન્મુખ થતાં માત્રથી કરે છે.

**વિમુક્તિદઃ-** પુષ્ટિમાર્ગમાં ભગવત્સંબંધ એ જ મુક્તિ છે. એમ બતાવવાનો આ નામમાં અભિપ્રાય છે. જેમ મર્યાદા માર્ગમાં સાયુજ્ય મુક્તિ વિગેરે ફળરૂપ છે. તેમ આ પુષ્ટિમાર્ગમાં ભગવાનનો સાક્ષાત્ સંબંધ જ ફળરૂપ છે. સાયુજ્યાદિ મુક્તિ ફળરૂપ નથી. એમ બતાવવા મુક્તિ શબ્દ પૂર્વે વિ. ઉપસર્ગ વાપર્યો છે. જેમ મુક્તિ પામેલા જીવોને ફરી અવસ્થાનો (જન્મ મરણનો) અભાવ છે. તેમજ પુષ્ટિમાર્ગી ફળ પ્રાપ્ત કરનાર એટલે શ્રીપૂર્ણપુરુષોત્તમ સાથે સંબંધ કરનારાઓને પણ ફરી જન્મ મરણ રહેતા નથી એટલે વિશેષે કરીને મુક્ત

કહેવાથી વિમુક્તિદઃ નામ શ્રીમહાપ્રભુજીના માટે યોગ્ય જ છે.

**રાસ લીલૈકતાત્પર્ય :-** વિમુક્તિદઃ નામમાં પોતાના માર્ગનું બીજા સર્વ માર્ગો કરતાં ફળનું અધિકપણું બતાવે છે, અને તે બીજા પ્રમાણ સિદ્ધ છે તેમ જણાવવા માટે આ નામમાં સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમના સંબંધનું પણ સર્વથી અધિક ફળપણું બતાવે છે. શ્રીઠાકોરજીના દર્શન કરવા એ તો ફળ છે જ પણ સાક્ષાત સંબંધમાં રાસ રમણમાં તાન એ તો સર્વોત્કૃષ્ટ ફળ છે. જો શ્રીકૃષ્ણનો સાક્ષાત્સંબંધના મુકાબલે મુક્તિ જો વધારે ફળરૂપ હોત તો ભગવાન આ પુષ્ટિમાર્ગના ફળનો એટલે શ્રી પૂર્ણ પુરૂષોત્તમના સંબંધનો અનુભવ કરાવી પછી મુક્તિ આપત પણ એમ ન કરતાં અહી પ્રથમ મુક્તિ આપીને તે મુક્તિના આનંદનો અનુભવ કરાવીને પુષ્ટિમાર્ગીય ફળ આપે છે. આથી જણાવે છે કે શ્રી પૂર્ણ પુરૂષોત્તમનો સાક્ષાત્ સંબંધ અને તે સંબંધમાં પણ રાસલીલામાં જ એક તાન એ મુખ્ય ફળરૂપ છે. અથવા પુષ્ટિમાર્ગ જ ફળરૂપ છે.

**કૃપયૈતત્કથા પ્રદ :-** શ્રીમહાપ્રભુજીનું ચિત્ત સદા

રાસલીલામાં જ નિમગ્ન રહે છે. તેમની મન વૃત્તિ અન્યત્ર ક્યાંય જતી જ નથી. ઉપરના નામથી જ એમ જણાય છે કે જે સમયે શ્રીમહાપ્રભુજીના દર્શનાર્થે નિજ સેવક પુષ્ટિ રસાત્મક લીલા સંબંધી આવે છે તે દર્શન કરી દંડવત્ કરી સન્મુખમાં બેસે છે. આ સમયે શ્રીમહાપ્રભુજી તો સદા રાસલીલામાં જ મગ્ન હોય છે. તેથી આપ પોતાના નિજસેવક જાણી રસાધિકારી જાણી કૃપા કરી તે સેવકોને પોતાનો મનનો અભિપ્રાય કથા પ્રસંગ કહી સર્વ અનુભવની રસવાર્તા રાસ લીલાના સંબંધમાં કહે છે. જેથી નિજસેવકોને સંપૂર્ણ રાસલીલાનો અનુભવાનંદ શ્રી મહાપ્રભુજીના વચનામૃત દ્વારા થાય છે અને આ રીતે બધા જ સેવકો રાસલીલાના આનંદમાં નિમગ્ન થઈ જાય છે અને સેવકોને સમ્યક પ્રકારથી શ્રી મહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન થાય છે. તેમને લાગે છે કે શ્રીમહાપ્રભુજી આપ સદા રાસલીલામાં જ મસ્ત રહે છે, અને આ લીલાઓ તેમના હૃદયમાં સદા સર્વદા સ્થિર થઈ રહે છે. લીલા કર્તા પણ આપશ્રી જ છે. લીલાઓ તેમને ખૂબ જ પ્રિય છે. અને સેવકોને પોતાના દાસ જાણી કૃપા કરી આ રાસલીલાનો અનુભવ કરાવવા માટે શ્રવણ કરાવી

રાસલીલાના આનંદનો અનુભવ કરાવે છે. આમ શ્રી વલ્લભાધીશની જેમની પર વિશેષ કૃપા છે. તેમને રાસલીલા સંબંધી કથાનું દાન આપવાવાળા છ.

૧૮. વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગોપદેશકઃ।
ભક્ત્યાચારો પદેષ્ટા ચ કર્મમાર્ગ પ્રવર્તકઃ ॥

વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગો પદેશક :- વિરહનો અનુભવ એક કેવલ ફળરૂપ છે. તેનું પ્રયોજન એટલે જરૂર હોવાથી તેની સિધ્ધિ માટે જે સર્વત્યાગનો ઉપદેશ કરનાર તેજ, એક શ્રી મહાપ્રભુજી છે, એવો આ નામનો અર્થ છે. કોઈને એમ થાયકે રાસલીલામાં પણ વિપ્રયોગભાવ તો છે જ છતાં વિરહાનુભવ થવાને માટે સર્વ ત્યાગનો ઉપદેશી કેમ કરે છે? તો કહે છે કે તેમાં લીલામાં અભિનિવેશ કરતાં રસાવિર્ભાવનું કથન છે ત્યાગનો ઉપદેશ કરવાની સ્થિતિમાં જ વિપ્રયોગ ભાવ થાય છે.

આ જણાવવાને છેવટે ઉપદેશકઃ પદ વાપર્યું છે તે બરાબર યોગ્ય છે. રાસલીલામાં સંયોગ અને વિપ્રયોગ બંને પ્રકારના રસનો અનુભવ રાસલીલાની ભાવના વડે પણ સિધ્ધ થાય છે. છતાં તદ્દન વિપ્રયોગભાવનું પેટાસ્વરૂપ ન હોતાં તદ્દન સ્વતંત્ર છે. આથી તે વિપ્રયોગાવસ્થાના પ્રકાર પ્રમાણે વિકલપણું, અસ્વસ્થપણું, મૂર્છા, વળી

જાગરણ, તદાત્મકપણું (એટલે જેનો વિયોગ) છે તે રૂપ થવાપણું થઈ જવાથી કંઈક સ્વસ્થતા તેમજ પ્રલાપ (રડવુ, હા નાથ, એવા નિશ્વાસ નાખવા, અશ્રુઓનું ચોધારે વહન, પૂર્વે મૂળ સંયોગમાં ભોગવેલા રસનો અનુભવ લેવા તેવા પ્રકારની વાણી બોલવી, લવરી કરવી વિગેરે થાય છે. આ પ્રમાણે વિપ્રયોગની અવસ્થાના ભેદ પ્રમાણે અનુભવ કરવા પોતે સર્વ ત્યાગના ઉપદેશનું કથન કરે છે તે નામની સાર્થકતા છે.

**ભક્ત્યાચારો પદેષ્ટા ચઃ-** ઉપરના નામમાં વિરહના અનુભવમાં કારણરૂપ ત્યાગનું ઉપદેશ કરવાપણું કહીને ભક્તિમાર્ગની સ્થિરતા માટે ભક્તિમાર્ગના આચારનો ઉપદેશ કરનાર આ નામ બોલતાં ભક્તિમાર્ગીય જે આચાર એટલે આચરણ અન્યાશ્રય વગેરે ન કરવો તે તથા નિરુપાધિભાવે ફળના જ્ઞાનપૂર્વક સેવા કરવી એવો ઉપદેશ કરનારા એવો ભાવ આ નામમાં છે. પોતે પણ તેવું શીખવવા ભક્તિમાર્ગીય આચાર પાળે છે તે જણાવવાને ચકાર વાપર્યો છે.

**કર્મ માર્ગ પ્રવર્તક :-** આગળના નામમાં ભક્તિના આચારનું ઉપદેશ કરવા પણું કહીને આ નામમાં કર્મમાર્ગ

પ્રવર્તકપણું બતાવે છે. તેનો આશય એમ છે કે જો તદ્દન ભક્તિ માર્ગનોજ ઉપદેશ કરીને વર્ણાશ્રમ ધર્મ તથા આચાર વિચારના ધર્મો ન પ્રવર્તાવ્યા હોતતો બહિર્મુખો પોતાના પ્રવર્તાવેલા પુષ્ટિ ભક્તિમાર્ગમાં દોષારોપણ કરત અને આથી પોતાના માર્ગમાં દોષારોપણનું કારણ મળત આથી શ્રી વલ્લભાધીશે પોતાના માર્ગનું તદ્દન નિર્દોષ પણું બતાવવા કર્મ માર્ગ પ્રવર્તક નામ બતાવ્યું છે.

૧૯. યાગાદૌ ભક્તિમાર્ગૈક સાધનત્વોપદેશકઃ ।

યા[illegible] ॥-અહીં શ્રીમહાપ્રભુજી ભક્તિમાર્ગની રીતિથી યજ્ઞ કરવાનું સૂચન કરતા કહે છે કે યજ્ઞના અધિષ્ઠાતા દેવતા સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ છે. બ્રહ્મા, શિવ, ઈન્દ્ર વગેરે દેવતાઓ છે.તે યજ્ઞ પુરુષ ભગવાનની વિભૂતી છે. એટલે સઘલા દેવતાઓને ભગવાનની વિભૂતિ જાણી સન્માન કરી તેમને અલગ વિભાગ ન આપતાં કેવલ વેદમાર્ગને દૃઢ કરવા માટે આપ યજ્ઞ કરેછે અને તેમાં મુખ્ય યજ્ઞ ભોકતા યજ્ઞ પુરુષ શ્રી પૂર્ણબ્રહ્મ ભગવાનને અધિષ્ઠાતા કરીને યજ્ઞ કરે છે. આમ કરીને અલગ નાના દેવતાઓના યજ્ઞની

ભાવના બંધ કરાવી પૂજન અર્ચન અટકાવી અન્યાશ્રયમાંથી ઉગારે છે. તેમજ અસત્સંગ પ્રતિબંધકર્તા હોવાથી તે છોડાવીને ભગવદ્ ભકતોનો સંગ કરવાનો ઉપદેશ આપે છે. જેથી પુષ્ટિમાર્ગની ફળપ્રાપ્તિમાં પ્રતિબંધ ન રહે.

**પૂર્ણાનંદ :-** શ્રીમહાપ્રભુજી પોતે પોતાના આનંદમાં પૂર્ણ હોવાથી આપ પૂર્ણાનંદ છે. તેમજ સંપૂર્ણ ત્રણ લોક માં આનંદદાતા છે. ઈન્દ્રાદિક દેવતાઓમાં જે આનંદ છે તે તો પ્રાકૃત અનિત્ય ક્ષય થાય તેવો છે. બ્રહ્મ જો અક્ષર બ્રહ્મને ત્યાં જે આનંદ છેતે તો પ્રમાણપૂર્વક ગણત્રીનો છે.જ્યારે પૂર્ણાનંદ તો હરિ છે. તેથી હરિ જે પૂર્ણબ્રહ્મ શ્રીકૃષ્ણ તેજ શ્રીમહાપ્રભુજી છે. સર્વે જગતના સર્વેદુ:ખ હર્તા હરિ આનંદદાતા હોવાથી શ્રીમહાપ્રભુજી પૂર્ણાનંદ સ્વરૂપ છે.

**પૂર્ણકામ :-** શ્રીમહાપ્રભુજી ત્રિલોકમાં પ્રાણીમાત્રના મનમાં જે કામનાઓ પેદા થાય તે બધાની કામના યથા યોગ્ય રીતથી પૂર્ણબ્રહ્મ શ્રીકૃષ્ણ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી પૂર્ણ કરે છે. પુષ્ટિ માર્ગીય ભકતોની જે પણ મનવાંછીત મનોરથો પ્રતિક્ષણ ઉદ્ભવે તે પ્રાર્થના વગર કરે સર્વે

મનોરથો પૂર્ણ કરે છે.

**વાક્‌પતિ** :- ''વાક્'' કહેવાથી વાણી સરસ્વતી અને સરસ્વતીના પતિ તો શ્રીમહાપ્રભુજી છે. આ કેવી રીતે ? વાણી તો મુખથી પ્રગટ થાય છે તેથી વાણીના પતિ શ્રી મુખ છે. તેથી શ્રીપૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણના મુખારવિંદરૂપ શ્રી મહાપ્રભુ આપશ્રીનું પ્રાગટ્ય છે તેથી ભગવાનના મુખથી વેદની ઉત્પત્તિ છે અને વેદ છે તે ભગવદ્ વાક્ય છે તેથી વેદરૂપ સરસ્વતીને પોતાના હૃદયનો અભિપ્રાય આપના પતિ જે શ્રીમુખ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી છે તેમને જ જતાવે છે. તેથી વેદના રહસ્યો જાણવાવાળા એક શ્રીમહાપ્રભુજી એક પોતે જ છે. તેથી તેનું જ્ઞાન બીજાને ક્યારેય પણ ન હોઈ શકે કેમ કે વેદ પોતાનો અભિપ્રાય પોતાનાપતિ શ્રી મહાપ્રભુજી છે તેમ જાણીને જતાવે છે. તેથી આપશ્રીનું નામ ''વાક્‌પતિઃ'' યથાર્થ છે જ.

**વિબુધેશ્વર** :- જીવ ત્રણ પ્રકારના છે. પુષ્ટિ પ્રવાહી અને મર્યાદા. આ બધાને સેવા-ભજન દ્વારા જે ફલદાન કરે છે તે તો બધાને શ્રી આચાર્યજી મહાપ્રભુ આપ જ દે છે. બધાના જુદા જુદા અધિકારો મુજબ. જે પ્રવાહી સૃષ્ટિનો

જીવ આશ્રય કરી પ્રભુની પરિચર્યામાં તત્પર છે. તેને તેના અંતઃકરણમાં પ્રેરક બની યથાયોગ્ય ફળ બતાવે છે. બાકી જીવનું સામર્થ્ય નથી. જે તેનું પોષણ કરી શકે. પ્રવાહી જીવો દેવી દેવતાના આશ્રય કરી સેવા ભજનમાં તત્પર થતાં તેના માટે ફલદાન માટે દેવતાઓની અંદર પ્રેરક બનીને ફલદાન યથાયોગ્ય આપે છે. કેમ કે તે દેવતાઓ ભગવાનની વિભૂતી છે. ભગવદ્ આધિન છે. દેવી દેવો સ્વતંત્ર નથી. તેથી મર્યાદા માર્ગી ભક્તોને યથાધિકાર ફલદાન ભગવત્ અવતાર દ્વારા શ્રી પૂર્ણ પુરૂષોત્તમ જ આપે છે. જ્યારે પોતાના નિજ ભક્તો જે શુદ્ધ પુષ્ટિ માર્ગીય તેમને સકલ મનોરથ શ્રીમહાપ્રભુજી પોતે જ પૂર્ણ કરે છે. તેથી વિબુદ્ધ જો સકલ દેવતા તેમના ઈશ્વર પતિ છે. ત્રિલોકમાં પ્રગટકર્તા પાલનકર્તા, સકલ મનોરથ પૂર્ણ કરતા, ફલદાતા, અધિષ્ઠાતા, કાલદિકના નિયામક સર્વેશ્વર છે તેથી તેમનું નામ ''વિબુધેશ્વર'' છે.

**૨૦. કૃષ્ણનામ સહસ્રસ્ય વક્તા ભક્તપરાયણઃ ।**
**ભક્ત્યાચારો પદેશાર્થ નાના વાક્ય નિરુપકઃ ॥**

કૃષ્ણનામ સહસ્રસ્ય વક્તા :- સાક્ષાત પૂર્ણ પુરૂષોત્તમ

શ્રીકૃષ્ણ પરમ ફલરૂપ તેમના હજાર નામ પ્રગટકર્તાશ્રી મહાપ્રભુજી પોતે છે. તે નામો પરમ ફલરૂપ સકલ વેદશાસ્ત્ર પુરાણોના સારભૂત "નિગમ કલ્પતરોર્ગલિત ફલં" એવું શ્રી ભાગવત્ જેમાં શ્રી પૂર્ણ પુરુષોત્તમની લીલા સહીત જે પરમ ફલરૂપ નામ છે, તેના પ્રગટકર્તા શ્રી વલ્લભાધીશ છે. આ નામો શ્રીમદ્ ભાગવતમાં હતા પરંતુ કોઈને જ્ઞાન ન થયું જેથી કોઈ તેને પ્રગટ કરી શકે. જેવી રીતે દૂધમાં નવનીત રહેલું હોવા છતાં પ્રથક દેખી શકાતું નથી તે તો જ્યારે શ્રી ભાગવત્‌નું મથન શ્રીમહાપ્રભુજીએ કર્યું ત્યારે નવનીત સારભૂત શ્રી પૂર્ણ પુરુષોત્તમના સહસ્ર નામ પ્રગટ કર્યા તેથી શ્રી મહાપ્રભુજીનું નામ શ્રી કૃષ્ણ નામ સહસ્રસ્ય વકતા કહ્યું છે.

**ભક્ત પરાયણ :-** શ્રી ભાગવતનું મથન કરી સારભૂત ઉત્તમોત્તમ નવનીતરૂપ શ્રી પુરુષોત્તમ સહસ્ર નામ પ્રગટ કરી, નિજ અંગીકૃત પુષ્ટિભક્તોને દાન કર્યું ત્યારે નિજ ભક્તો આનો પાઠ કરવા લાગ્યા પરિણામે પ્રથમ ભગવદ્ પ્રાપ્તિ વિશે અંતરાય કર્તા જે પ્રતિબંધ અનેક દોષમાંથી નિવૃત્ત થયા. અને જ્ઞાનાત્મક સૂર્યપ્રકાશીત થયો જેનાથી પરમ અલૌકિક ભગવત્ સ્વરુપાત્મક

ફલરૂપ શ્રી ભાગવતનું જ્ઞાન થયું અને પુષ્ટિમાર્ગીય શ્રી મહાપ્રભુજીના ગ્રંથોનું જ્ઞાન થયું. જેનાથી પુષ્ટિમાર્ગનું સ્વરૂપ જ્ઞાન થતાં, ભગવદ્ આશક્તિ દૃઢ થતા, નવધા ભક્તિ પ્રેમલક્ષણા સિધ્ધ થતાં ભગવદ્ભાવ વર્ધમાન થતો જતા, સત્સંગ પ્રિય લાગવા લાગ્યો, દુઃસંગાદિકમાં અરુચિ થઈ શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય થતાં, ભગવદ્લીલા હૃદયારૂઢ થતાં, ભગવત્ સંબંધરૂપી પરમ ફલ સિદ્ધ પ્રાપ્ત થાય છે. આમ પોતાના નિજ ભક્તોને ભક્તિ માર્ગના આચરણનો ઉપદેશ કરી ''ભક્ત પરાયણ'' નામ સિદ્ધ કર્યું.

**ભક્ત્યાચારો પદેશાર્થ નાના વાક્ય નિરૂપક :-** શ્રીવલ્લભાધીશ ભક્તિમાર્ગના આચરણ માટે ઉપદેશકર્તા નાના પ્રકારના જે વાક્યો નવરત્ન, ભક્તિવર્ધીની ચતુઃ શ્લોકી વિગેરેમાં તેનું નિરૂપણ કરનાર તેનો અર્થ બરાબર જણાવનાર હોવાથી ભક્તોને પુષ્ટિમાર્ગનો સિધ્ધાંત, પુષ્ટિમાર્ગીય ક્રિયા, સેવાવિધિ, સત્સંગ, ભજન, ગુણગાન, જપ, પાઠ વિગેરેની જાણકારી થાય છે. અને પ્રિતીપૂર્વક નિત્ય દૃઢ આશ્રયપૂર્વક આચરણ કરે તો નિશ્રે શ્રી મહાપ્રભુજીની

કૃપાથી પુષ્ટિમાર્ગીય સેવા ભજનાદિક સિદ્ધ થતાં પરમ ફલરૂપ શ્રી પૂર્ણ પુરૂષોત્તમ નો સાક્ષાત્કાર તથા સ્વરૂપાનંદનો અનુભવ થાય. તેથી આ નામ કહ્યું છે.

૨૧. સ્વાર્થોજ્જિઝતાખિલ પ્રાણપ્રિયસ્તાદ્રશવેષ્ટિતઃ ।
સ્વદા સાર્થ કૃતાશેષ સાધનઃ સર્વશક્તિધૃક ॥

સ્વાર્થોજ્જિઝતાખિલ પ્રાણપ્રિયસ્તાદ્રશવેષ્ટિત :- શ્રીમહાપ્રભુજીની સેવા માટે સેવા વિરોધી ભજન વિરોધી જે પદાર્થો છે તેને જે ભકતોએ છોડી દીધા છે એવા જે ભકતો પુષ્ટિમાર્ગીય છે અને પોતાના સર્વ પ્રકારના સ્વાર્થ ત્યાગ કરી કેવળ ભગવદ્ સેવા ભજન સત્સંગનું અનુસરણ કરે છે. અનન્યવૃત ગ્રહણ કરે અને શ્રી મહાપ્રભુ ના શરણે થઈને રહે એવા ભકતો શ્રી મહાપ્રભુજીને પ્રાણથી પ્રિય લાગે છે તેમજ પુષ્ટિભકતોને શ્રી મહાપ્રભુજી પણ પ્રાણ થી પ્રિય લાગે છે.

તાદ્રશવેષ્ટિત :- જે પુષ્ટિમાર્ગીય ભકત પોતાના સ્વાર્થ છોડી સેવા ભજન અનન્યાવૃત્ત ધારણ કરી સર્વોપરિ ફલરૂપ પ્રાણ વલ્લભ પ્રાણપ્રિય જાણી શ્રીમહાપ્રભુજીનું સ્મરણ ભજન સેવામાં તત્પર થાય છે. એવા ભકત શ્રી મહાપ્રભુજીને પ્રાણથી પ્રિય લાગે છે. અને આવા

ભક્તોથી શ્રી મહાપ્રભુજી આપ સદા વેષ્ટિત રહે છે. એક ક્ષણ માત્ર દુર રહી શકતા નથી. સદા હૃદયમાં જ નિવાસ કરે છે. જેમ પુષ્ટિ ભક્ત એક ક્ષણ માત્ર પણ શ્રી મહાપ્રભુજીને ભૂલતા નથી તેવી જ રીતે શ્રી મહાપ્રભુજી પણ પોતાના ભક્તોને એક ક્ષણ પણ ભૂલતા નથી. આ જણાવવા "તાદ્દશવેષ્ટિતઃ" નામ કહે છે.

સ્વદાશાર્થ કૃતાશેષ સાધન :- જે સેવક શ્રીમહાપ્રભુજીની સેવા ખુબ આસક્તિપૂર્વક કરે છે તેઓને પોતાના બ્રહ્મ કર્માદિકનો સમય સધાતો નથી. તેનો દોષ લાગે છે. તેને દૂર કરવા શ્રીમહાપ્રભુજી આપ બ્રહ્મ કર્માદિકના ત્રણે કાલ સાધે છે અને આમ કરીને સઘળા ભક્તો જે પુષ્ટિમાર્ગીય શરણાગત છે તેઓના દોષ આપ દુર કરે છે. શ્રીમહાપ્રભુજી પોતાના અંગીકૃત જીવોને એમ જણાવે છે કે જેમ હું બ્રહ્મકર્માદિક કાર્ય કરું છું. તેવી રીતે તમે પણ તે છોડશો નહીં. સેવાના અવકાશમાં પોતાના બ્રહ્મ કર્માદિક કરવા. સેવાને છોડીને આ કાર્ય ન કરશો. સેવાને મુખ્ય જાણી સેવાના સમય ને છોડશો નહીં. સેવાના સમય વખતે કર્મ છુટશે તો તમને બાધક નહીં થાય. આવા પ્રમાણેનો પોતાના જનોને ઉપદેશ કરતાં

ઉપરનું નામ કહ્યું છે.

**સર્વશક્તિધૃક :-** સર્વશક્તિઓ જેણે ધારણ કરી છે. અથવા મહાસામર્થ્યના મદપૂર્વક પોતાનું સામર્થ્ય પ્રકટ કરે છે એવા શ્રી મહાપ્રભુજી છે. અહીં શક્તિઓમાં મહાસામર્થ્યપણું કહેવાનો ભાવ એવો છે કે પોતે સાધન કરે છે તેથી ભક્તોથી કોઈકવાર સાધન ન કરવાનો દોષ, થઈ જાય તો તેનો પરિહાર એટલે તદ્દન નિવૃત્તિ કરવાનું સામર્થ્ય શ્રી મહાપ્રભુજીમાં જ છે. એટલે પોતાનું નામ સર્વશક્તિધૃક યથાર્થ છે.

**૨૨. ભુવિ ભક્તિ પ્રચારૈક કૃતે સ્વાન્વય કૃત્પિતાઃ ।**

ભુવિ ભક્તિ પ્રચારૈક કૃતે સ્વાન્વય કૃત્પિતાઃ
સ્વવંશે સ્થાપિતાશેષ સ્વમાહાત્મ્યે સ્મયાપહઃ શ્રી

શ્રીમહાપ્રભુજી શ્રી ઠાકોરજીની આજ્ઞાથી ભક્તિ માર્ગ પ્રકટ કરવાને માટે પોતે પ્રકટ થઈને પોતે પ્રકટ કરેલા ભક્તિમાર્ગમાં શરણે આવેલ પોતાના ભક્તોમાં પોતાનો ઉપદેશ અને આચરણ વિગેરે પોતાના પ્રાકટ્ય સમયમાં સારી રીતે સ્થાપન કરે છે. પણ પોતાના નિત્યલીલા પ્રવેશ પછી આગળ ભગવાને પુષ્ટિ ભક્તિમાર્ગમાં અંગીકાર કરેલા જીવોમાં ભક્તિ માર્ગની પ્રવૃત્તિ પોતાના વંશ વિના

નહિ જ થાય. આ વિચાર આવતાં પોતે પોતાનું સામર્થ્ય સ્થાપન કરીને પોતાનો વંશ પ્રગટ કર્યો આ સ્પષ્ટતા ભુવિ ભક્તિ પ્રચારૈક કૃતે સ્વાન્વય કૃત નામમાં રહેલી છે. અહી અન્વય શબ્દ પુત્ર પરત્વે તેમજ એક શબ્દ વડે ભક્તિનો જ પ્રચાર કરવાના કાર્યનું મુખ્યત્વ જણાવ્યું છે.

**પિતા :-** પોતાના વંશમાં પ્રકારાન્તરનું નિરાકરણ કરવા માટે કેવળ ઔરસ પુત્ર જ આ કાર્ય કરી શકે તેમ જણાવ્યું છે. (ભાણેજને દત્તક લઈને ભક્તિ પ્રચારનું કામ કરનારને ગાદી સ્થાન સોંપવું અથવા વલ્લભકુળ સિવાય બીજાને દત્તક લેવો એ પ્રકારાન્તર કહેવાય અને તે ચાલી શકે નહીં તેવું સ્પષ્ટ નિર્દેશ થયેલું છે.

**સ્વવંશે સ્થાપિતા શેષ સ્વમાહાત્મય :-** શ્રીમહાપ્રભુજીએ પોતાના વંશમાં સંપૂર્ણ માહાત્મ્ય સ્થાપન કર્યું છે. કેમકે પોતાના સમાન સામર્થ્ય જો વંશમાં ન હોય તો પોતે પ્રકટ કરેલો માર્ગ પ્રવર્તાવી શકાય નહીં.

**સ્મયાપહ :-** આ નામ સર્વાત્મભાવ વડે સંપૂર્ણ માહાત્મય સ્થાપન કરવામાં આશ્ચર્ય લાગે તો તેને તદ્દન દૂર કરવા માટે બતાવ્યું છે.

**૨૩. પતિવ્રતા પતિઃ પારલૌકિકૈહિકદાનકૃત ।**
**નિગૂઢ હૃદયોનન્યભકતેષુ જ્ઞાપિતાશયઃ ॥**

**પતિવ્રતા પતિ :-** પુષ્ટિમાર્ગીય ભક્ત તો અનન્ય વૃતધારી પતિવૃતા સ્ત્રી ભાવરૂપા અલૌકિક છે. તેથી પુષ્ટિભક્તિ માર્ગીય શરણસ્થ ભક્તના પતિ તો સાક્ષાત્ શ્રી મહાપ્રભુજી છે તેને કાલાદિક દોષ ક્યારેય બાધા કરી શકે નહીં. કેમ કે શ્રી મહાપ્રભુજી તો કાલાદિકના નિયામક છે. તેથી કાલાધિન સૃષ્ટિ છે તેને કલિકાલનો દોષ બાધા કરે તેથી જો લૌકિક જીવ હોય તેમાં શ્રી ગુસાંઈજી સમાન ધર્મ ન સંભવે.

પુષ્ટિમાર્ગીય ભગવદ્દ ભક્ત તો સાક્ષાત્ ભગવદ્દ સ્વરૂપાત્મક છે. તેથી પ્રભુજીના સર્વ ધર્મ પુષ્ટિ ભક્તોમાં સંભવે છે. તેથી શ્રી મહાપ્રભુજી પોતાના સમાન પુષ્ટિ ભક્તોને બનાવે છે. કેમકે પુષ્ટિ ભક્ત જો પતિવ્રતા ભાવી છે તેમના પતિ શ્રી મહાપ્રભુજી આપ પોતે છે. તેથી પતિના સર્વ ધર્મ પતિવ્રતા ધારણ કરનારા છે. તેથી શ્રીમહાપ્રભુજીનું નામ પતિવ્રતા પતિઃ છે.

**પારલૌકિકૈહિક દાનકૃત :-** પોતાના ભક્તોને આ લોકનું અને પરલોકનું દાન કરવાનું સામર્થ્ય બતાવવાને માટે આ નામ કહેતાં બતાવે છે કે પોતાના માર્ગનું પરલોકનું અને ભગવત્સંબંધરૂપ આ લોકનું પ્રભુની સેવા માટે જ પુત્ર, સ્ત્રી, ધન વિગેરે વસ્તુઓનું દાન કરનાર

મહાપ્રભુજી છે. કદાચ અદ્રષ્ટ યોગથી અથવા કોઈ તીર્થસ્થાનાદિમાં મરણ થવાથી પરલોકના સુખનું ફળ જણાય છે. અને આ દુનિયામાં પતિ પુત્રાદિક વસ્તુઓનું આ લોકનું ફલ પણ જણાય છે. પણ પૂર્વે કહેલું સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમના સંબંધવાળું પારલૌકિક ફળ તે આપી શકતા નથી, તે ફળ તો શ્રીમહાપ્રભુજી જ આપી શકે તેથી તેમનું નામ પારલૌકિકૈહિક દાનકૃત છે.

નિગૂઢહૃદય :- શ્રીમહાપ્રભુજીના સાક્ષાત્ ઈશ્વરપણાઅને પૂર્ણ બ્રહ્મપણા ને લીધે તેમના હૃદયનો અભિપ્રાય જાણવા કોઈ સામર્થ્યવાન નથી પણ આપશ્રી તો સકલ પ્રાણી માત્રના અંતઃકરણની જાણે છે. હવે શ્રીમહાપ્રભુજી ઈશ્વર હોવાથી આપશ્રીના અભિપ્રાય જાણવા માટે જીવ અસમર્થ હોય તે તો ખરું પરંતુ ભક્તોને પુષ્ટિમાર્ગના ફલનું દાન કરશે તે કેવી રીતે નક્કી થઈ શકે? તો જવાબમાં કહે છે કે આ પુષ્ટિમાર્ગ શ્રી મહાપ્રભુજીએ પ્રગટ કર્યો છે. તે અનુગ્રહ માર્ગ છે તેથી આ માર્ગમાં જે જીવોનો અંગીકાર આપશ્રીએ કર્યો છે. તેઓનો નિશ્ચે શ્રીપૂર્ણ પુરૂષોત્તમનો સાક્ષાત્ સબંધરૂપી પરમ ફલનું દાન કરશે જ એમાં કોઈ સંદેહ નથી.

અનન્ય ભક્તેષુ જ્ઞાપિતાશય :- શ્રી મહાપ્રભુજીનું હૃદય અત્યંત ગૂઢ ઈશ્વરપણાને લીધે જાણી શકવું મુશ્કેલ છે. છતાં પણ ફળદાનમાં સંદેહ નથી, પણ ઈશ્વરેચ્છા સ્વતંત્ર હોવાથી અને તે કાળના નિયમોને પણ આધીન ન હોવાથી તે વસ્તુ જાણવી મુશ્કેલ છે. પણ અનન્ય એટલે અંતરંગ ભક્તો પદ્મનાભદાસ વિગેરે વિરલા તેઓમાં પોતાનો આશય જેમણે સ્થાપન કર્યો છે આથી જેને જણાવે તેજ સમય પરત્વે જાણી શકે છે. સર્વની એ હૃદયને જાણવાની યોગ્યતા નથી. તેથી ઉપરનું નામ કહ્યું છે.

**૨૪. ઉપાસનાદિમાર્ગાતિ મુગ્ધ મોહનિવારકઃ ।**
**ભક્તિમાર્ગે સર્વ માર્ગે વૈલક્ષણ્યાનુભૂતિકૃત્ ॥**

ઉપાસના દિમાર્ગાતિ મુગ્ધ મોહનિવારક :- પૂજા માર્ગ-ઉપાસનાદિ વિગેરે જેટલા માર્ગ છે તેના ભકતોનો સંગ મેળવીને જે અજ્ઞાની ભક્ત છે, તે પુજામાર્ગને ભક્તિ માર્ગ જાણીને પૂજા માર્ગમાં પડે છે. અને પુષ્ટિ માર્ગને છોડી દે છે. આવા મુગ્ધ ભક્ત જેમને પુષ્ટિ ભક્તિ માર્ગનુ જ્ઞાન નથી, તેને શ્રી મહાપ્રભુજી આપ પોતાના પુષ્ટિ ભક્તિ માર્ગના યથાર્થ સિધ્ધાંત સ્વરૂપ નિરૂપણ કરીને એ મુગ્ધ ભક્તોનો અજ્ઞાનાત્મક મોહ દુર કરી પુષ્ટિમાર્ગના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પ્રકાશ કરિ પૂજા

માર્ગમાં અરૂચી ઉપજાવી ને પુષ્ટિ ભક્તિ માર્ગમાં લઈ આવે છે, અને પુષ્ટિ ભક્તિ માર્ગમાં દ્રઢ પ્રીતિ કરાવી પછી પુષ્ટિ માર્ગનું ફલદાન કરે છે. આવા શ્રી મહાપ્રભુજીનું નામ ઉપાસનાદિમાર્ગાતિ મુગ્ધમોહ નિવારક: કહ્યું છે.

ભક્તિ માર્ગેસર્વમાર્ગવિલક્ષણ્યાનુ ભૂતિકૃત :- પૂજા માર્ગ માં દેવતા મંત્ર આધીન છે, અને પુરૂષોત્તમ સ્વરૂપ સેવ્ય નથી, જ્યારે પુષ્ટિ ભક્તિ માર્ગમાં સેવ્ય શ્રી પુર્ણપુરૂષોત્તમ સ્વરૂપ છે, અને તેઓ મંત્ર આધીન નથી. કેવલ પ્રેમ લક્ષણાત્મક ભક્તિને આધીન છે. આ માર્ગમાં સેવા ભજન ગુણગાન બધુ શ્રી પૂર્ણપુરૂષોત્તમ નું છે. જે ઈશ્વર રૂપે સેવ્ય છે, તેજ ફલદાતા છે, કૃપાનિધિ છે. ભક્તોના સાધન તરફ જોતા પણ નથી, કેવલ પ્રમેય બલથી ફલદાન કરે છે. તેથી પુષ્ટિ ભક્તિ ઉત્તમોત્તમ અનુગ્રહાત્મક માર્ગ છે. આ માર્ગમાં સેવા કિર્તન ગુણગાન દર્શન શ્રવણાદિક બધુજ સુખરૂપ છે. અને સર્વ ઈન્દ્રીયોનો નિરોધ સહજ સ્વભાવથી થાય છે. તેથી પુષ્ટિ પરમ ફલ સહજ માં અપાવનાર છે.

૨૫. પૃથક્ શરણ માર્ગોપદેષ્ટા શ્રીકૃષ્ણહાર્દવિત્ ।
પ્રતિક્ષણ નિકુંજસ્થલીલારસસુપૂરિત: ॥

**પૃથક શરણ માર્ગોપદેષ્ટા :-** શરણમાં અનેક ભેદ છે. તેમાં બે પ્રકારના મુખ્ય છે. એક મર્યાદામાર્ગીય શરણ. અને બીજો પુષ્ટિમાર્ગીય. આમાં અર્જુનને ભગવાન શ્રીકૃષ્ણએ પોતાની શરણમાં બોલાવી પોતાના આધીન કર્યો તે મર્યાદામાર્ગીય શરણ. જેનાથી તેના સકલ લૌકિક કાર્યો સિધ્ધ થશે, અને કંઈ પણ વસ્તુ બાધા કરશે નહી. પ્રભુના શરણે જવાથી સર્વ ધર્મ સિધ્ધ થશે. અને સકલ પાપ નાશ થશે. આમ તેને શરણે લઈને મર્યાદા માર્ગીય ફલ મુક્તિનું દાન કર્યું. અહીં શરણ માર્ગનો ઉપદેશ શ્રી મહાપ્રભુજીતો પુષ્ટિમાર્ગીય ભક્તોને પુષ્ટિમાર્ગીય શરણનો ઉપદેશ પુષ્ટિની રીતીથી કરે છે, સંસાર ભય કાલ ભયથી શરણે આવેલા જીવોને શરણે લઈને કાલ ભય સંસારભયથી નિવૃત્ત કરી, સ્વરૂપાનંદ નો અનુભવ કરાવી, સદા પોતાની નિત્યલીલામાં પોતાની પાસે રાખે તેજ પુષ્ટિ શરણ કહેવાય. આ રીતે શ્રી મહાપ્રભુજીનો શરણ માર્ગ ન્યારો છે જેથી "પૃથકશરણ માર્ગોપદેષ્ટા" કહ્યું છે.

**શ્રી કૃષ્ણ હાર્દવિત્ :-** ફલાત્મક શ્રી કૃષ્ણના હાર્દ એટલે હેતુને જાણનારા, શ્રી કૃષ્ણના અભિપ્રાયને સમજનાર

શ્રી મહાપ્રભુજી છે. જેના વડે સકલ વ્રજવાસીઓની સાક્ષાત્ સ્વરૂપાનંદનો અનુભવ કરાવી નિત્ય લીલામાં અંગીકાર કર્યાં.

**પ્રતિક્ષણ નિકુંજસ્થ લીલારસ સુપૂરિત :-** પ્રભુના શરણ ઉપદેશના અભિપ્રાય જાણીને શ્રી પુરૂષોત્તમ ની પુષ્ટિમાર્ગીય ફલાત્મક લીલામાંજ શ્રી મહાપ્રભુજીનું હૃદય છે બીજા કશામાં નહી, આ વસ્તુ જણાવવા માટે પોતે સાક્ષાત પુષ્ટિલીલા રસથી ખૂબ તરબોળ થઈ પ્રગટ્યા છે. આવુ બતાવવા માટે આ નામ કહી ક્ષણે ક્ષણે નિકુંજસ્થ ભગવાનની જે નિકુંજની લીલાઓ અને તેની અંદર રહેલો જે રસ તે વડે બહારથી તેમજ અંદરથી (હૃદયથી) સંપૂર્ણ એ શ્રી મહાપ્રભુજી છે.

**૨૯. તત્કથાક્ષિપ્ત ચિત્તસ્તદ્વિસ્મૃતાન્યો વ્રજપ્રિયઃ ।**
**પ્રિય વ્રજસ્થિતિઃ પુષ્ટિલીલા કર્તા રહઃ પ્રિયઃ ॥**

**તત્કથાક્ષિપ્તચિત્ત :-** નિકુંજમાં સદા સ્થિત શ્રી પુર્ણપુરૂષોત્તમ તેમજ શ્રી સ્વામિનીજીના ચારે યુથ પતિ ત્થા અષ્ટસખી આદિ અનેક વ્રજભક્તોને પ્રત્યેક ક્ષણોની નવાનવા પ્રકારની રાસાદિક લીલા તેમજ વિહાર રસલીલા તથા તે સંબંધી પરમ અલૌકિક મહારસની

અંદર શ્રી મહાપ્રભુજીનું મન સ્થિર પરોવાયેલું છે. જેના કારણે તેઓ સર્વાંગ પૂરિત પૂર્ણ ભરેલ છે. તે સેવકોથી કેવી રીતે અજાણ રહી શકે ? જે ભક્ત સમુદાય ભેગા મળીને શ્રી મહાપ્રભુજીની નિકટ આવી બેસે છે, તે સમયે શ્રી મહાપ્રભુજી પોતાના સેવક પ્રતિ નિકુંજ સ્થિત શ્રી વ્રજભક્તો સહિત શ્રી પૂર્ણ પુરૂષોત્તમની વિહારરસ લીલાઓ જે પરમાનંદ રસથી સભર અને ઉછલીત રસવાર્તાઓ શ્રી મહાપ્રભુજીના હૃદયમાં ભરેલી છે તે પોતાના સેવકો આગળ પ્રસંગ દ્વારા કહે છે. આમ સદા પૂર્ણ પુરૂષોત્તમના સ્વરૂપાનંદથી રસપૂર્ણ થઈ શ્રી કૃષ્ણની સંયોગ વિપ્રયોગાત્મક કથા કહેવા માટે આક્ષિપ્ત એટલેકે વ્યાકુળ રહે છે ચિત્ત જેનું એવા શ્રી મહાપ્રભુજી છે તેથી ઉપરનું નામ તેમનુ કહ્યું છે.

તદ્વિ સ્મૃતાન્ય :- નિકુંજ સ્થિત શ્રી સ્વામિનીજી તથા વ્રજભક્તો સહિત શ્રી પ્રભુજી અનેક રાસાદિક લીલાઓ કરે છે. તેમાં સંયોગાત્મક વિપ્રયોગાત્મક ઉભય રસાત્મક લીલાઓના રસથી આપશ્રીનું હૃદય આદિ સર્વ અંગ રસ પૂર્ણ ભરેલા છે. અને આ લીલા રસના સમુદ્રમાં જેમનું મન ચિત્ત અખંડ એકરસ નિરંતર લાગેલું છે,

તેનાથી અન્ય સકલ પદાર્થ ફીક્કો, તુચ્છ લાગવાથી નિકુંજ લીલાનું જ્ઞાન, ધ્યાન, સ્મરણ, ભજન આવેશ પ્રવેશ સદા સર્વદા આપશ્રી મહાપ્રભુજીમાં રહી આવતો હોવાથી બીજા સકલ પદાર્થ વિસ્મૃત થતાં બીજુ બધુજ ભુલી જતા હોવાથી આપશ્રીનું નામ "તદ્વિસ્મૃતાન્યઃ" કહ્યું છે.

વ્રજપ્રિય :- શ્રી વલ્લભાધીશને વ્રજ ખૂબ પ્રિય છે. જેથી વ્રજની લીલાત્મક વાર્તાઓ, વ્રજલીલા સંબંધી સર્વે પદાર્થો પણ વહાલા છે. ટુંકમાં કથામાં વિક્ષેપ કરનારી વસ્તુઓની વાત પોતાને અપ્રિય છે માત્ર વ્રજની લીલાત્મક વાર્તામાંજ અને તેને કહેવામાં મચ્યા રહેવાનું શ્રી મહાપ્રભુજીને ખુબ ગમે છે.

પ્રિયવ્રજસ્થિતિ :- શ્રી મહાપ્રભુજીને વ્રજ અત્યંત પ્રિય છે તેથી આપ વ્રજમાં સ્થિત થઈને બિરાજ્યા છે. વ્રજ વગર એક ક્ષણ પણ રહી શકતા નથી. અહી કોઈ શંકા કરેકે વ્રજને છોડીને પૃથ્વી પરિક્રમાના મિષ વિદેશાદિકમાં પધાર્યા છે. આનુ પ્રયોજન એ છે કે સાક્ષાત પૂર્ણપુરૂષોત્તમ સ્વરૂપ શ્રી મહાપ્રભુજી ભૂતલમાં પ્રગટ થયા છે. તે અનેક કાર્ય કરવા માટે તેમનું પ્રાગટ્ય છે. જેમાં કલિકાલકૃત દોષ થી દૈત્યાદિક - બ્રાહ્મણાદિક પ્રગટ થઈને

માયાવાદ - મીથ્યાવાદીઓ એ પોતાની યુક્તિ કરી શુધ્ધ વેદ માર્ગ ભગવૃદ ધર્મરૂપને ઉચ્છીન્ન કર્યો હતો. તેથી આપ પૃથ્વી પરિક્રમા ના મિષે સાકાર બ્રહ્મવાદનું સ્થાપન કરી શુધ્ધ વેદ માર્ગ પ્રગટ કરી પુષ્ટિમાર્ગીય દૈવી જીવ ચારે દિશામાં પૃથ્વી પર પ્રગટેલા હોઈ તેમનો અંગીકાર કરી, વિપ્રયોગ રસમાર્ગ પ્રગટ કરી, આપશ્રી વિદેશોમાં પધારી શ્રી ઠાકોરજીનો વિયોગ કરી વિરહાનુભાવ કરી, અનેક ગ્રંથ પ્રગટ કર્યા છે. આમ અલૌકિક કાર્ય કરવાને આપ વ્રજ છોડીને વિદેશમાં પધાર્યા છે. તેમ છતાં મન સદા વ્રજમાં સ્થિત હોઈ બિરાજે છે. બીજે કોઈ જગ્યાએ ક્યાંય સ્થિત થઈ બિરાજ્યા નથી તેથી તેમનુ નામપ્રિયવ્રજસ્થિતિ : કહ્યુ છે.

પુષ્ટિલીલા કર્તા :- જેમ શ્રીપૂર્ણ પુરૂષોત્તમ શ્રી કૃષ્ણચન્દ્ર વ્રજમાં પ્રગટ થઈ વ્રજભક્તોને નિત્ય અખંડ રાસ રમણ વિહાર એક રસ કરે છે. તેવી જ રીતે શ્રી મહાપ્રભુજી વ્રજમાં સદા બિરાજી વ્રજ ભક્તોને અનેક પ્રકારના હાસ્ય વિનોદ રાસ રમણ લીલા વિહાર કરાવે છે તે કેવી રીતે ? શ્રી પુર્ણ પુરૂષોત્તમના શ્રી મુખારવિંદ સ્વરૂપ આપ પ્રગટ થયા છે તેથી અવતાર લીલામાં પણ વ્રજભક્તો સાથે

રાસ વિલાસ ધ્વારા વિહાર રમણાદિક પુષ્ટિલીલા કર્તાતો શ્રી મહાપ્રભુજી જ છે. તેથી હવે પણ વ્રજમાં સ્થિત થઈ બિરાજીને સદા સર્વદા વ્રજભક્તો સાથે રાસાદિક વિહાર લીલા આપ અખંડ નિત્ય કરે છે. તેવી જ રીતે હવે શ્રી મહાપ્રભુજી પૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપ બ્રહ્માવેશ ધરિ વ્રજભક્તો સાથે સદા સર્વદા રાસાદિ પુષ્ટિ લીલા કરે છે. જેમ વ્રજભક્તોનો રસનો અનુભવ શ્રી પુર્ણપુરૂષોત્તમ આપ પોતે કરે છે. જેથી પોતાનો પુરૂષોત્તમ સ્વરૂપાનંદનો અનુભવ અનેક લીલા કરી વ્રજભક્તોને દાન કર્યુ તેવીજ રીતે શ્રી મહાપ્રભુજી આપ સકલ વ્રજભક્તોનો પુષ્ટિલીલા રસનો અનુભવ કરિ પોતાના રસાત્મક સ્વરૂપાનંદ નો અનુભવ પોતાના અંગીકૃત ભકતોને કરાવે છે, તેથી આપશ્રીનુ નામ પુષ્ટિ લીલા કર્તા : કહ્યું છે.

૨૯ પ્રિય : - આનો અર્થ પુષ્ટિ પ્રભુની રસમય લીલાનો અનુભવ હંમેશા એકાંત માં જ થતો હોઈ આપશ્રીને એકાંત સ્થલમાં બિરાજવાનું સદા સર્વદા પ્રિય લાગે છે, જે આપશ્રીની ચોર્યાસી બેઠકોના સ્થળ પસંદગી થી જણાય છે કે ગામથી દુર નદીની પાસે જ્યાં રળીયામણી

વૃક્ષાવલી વન તેમની પસંદગીમાં અગ્ર સ્થાને છે તેથી આપશ્રી નું નામ રહ પ્રિય : છે.

૨૭. ભક્તેચ્છાપૂરકઃ સર્વાજ્ઞાત લીલોઽતિમોહનઃ ।
સર્વાસક્તો ભક્તમાત્રાસક્ત પતિતપાવન : ॥

ભકતેચ્છા પૂરક : શ્રી મહાપ્રભુજી આપ પુષ્ટિમાર્ગીય ભક્તોના મનવાંછિત ઈચ્છાઓને પૂરણ કરવા સમર્થ છે. જ્યારે ભક્તોને પુષ્ટિપ્રભુની રસમય લીલાનો અનુભવ કરવાની આર્તિ થાય છે. ત્યારે ભક્તોની અત્યંત આતુરતા જાણી આપ કૃપા કરી ભક્તોની જેવી આતુરતા છે, તેવી પુષ્ટિ લીલારસ ની વાર્તા કહી ભક્તોની મનવાંછિત ઈચ્છા પૂર્ણ કરી આનંદદાન કરી આતુરતા દુર કરે છે. લૌકિક કામ ના સંબંધી ઈચ્છાઓ પણ આપ પૂર્ણ કરે છે. તેમજ અલૌકિક ભગવદ્ લીલા રસાનુભવ સંબધી ઈચ્છા પણ પૂર્ણ કરે છે. કેમકે જો લૌકિક ઈચ્છા ભક્તોની પૂર્ણ નહી કરે તો લૌકિક કામના નો આવેશ હૃદયમાં સદા બન્યો રહે. લૌકિક સંસાર ગૃહસ્થાશ્રમમાં રહેવાથી લૌકિક કામનાનો આવેશ આવ્યા વિના રહે નહી. અને જ્યાં સુધી લૌકિક કામનાનો આવેશ હૃદયમાંથી છુટે નહી ત્યાં સુધી ભગવદ્ આવેશ હૃદયમાં

આવે જ નહી આમ વિચારી ભક્તોની લૌકિક કામના પૂર્ણ કરી હૃદયમાંથી લૌકિક આવેશ દુર કરી ભગવદ્ લીલા સંબંધી મનોરથ પ્રગટ કરી આતુરતા વધારી આર્તવંત કરી મનોવાંછિત અલૌકિક લીલારસ અનુભવ સંબંધી ઈચ્છા સર્વદા પૂર્ણ કરે છે. આથી "ભક્તેચ્છા પૂરક :" : નામ આપશ્રી માટે જણાવ્યું છે.

સર્વાજ્ઞાતલીલા :- શ્રી મહાપ્રભુજીની લીલા સર્વ ભક્તોથી જાણી જાય તેમ નથી એમ કહીને તેમની લીલાને અત્યંત નિગુઢ કહી છે જેમની લીલાનો પાર બ્રહ્માદિકને પણ દુર્લભ છે લીલા રસનો ભેદભાવ પણ જાણતા નથી કે સર્વે લીલાના દર્શન પણ થતા નથી. તો હાલના દૈવી સૃષ્ટિના જીવોને બધાને સર્વે લીલા નો અનુભવ કેવી રીતે થાય? પરંતુ જેના પર કૃપા કરી શ્રીમહાપ્રભુજી પોતાની લીલાનો અનુભવ કરાવે તેને તેટલો અનુભવ થશે તે સિધ્ધાંત નિશ્ચય કરી જાણવો. આ લીલાનો અનુભવ સાધન સાધ્ય નથી કેવલ કૃપા સાધ્ય છે. માટે તેઓશ્રીનું નામ "સર્વાજ્ઞાત લીલા" કહ્યું છે.

અતિમોહન :- શ્રી મહાપ્રભુજી પોતાના સેવકોને લીલા રસનો અનુભવ કરાવે છે. અને સઘળા ભક્તોનો

અભિપ્રાય આપશ્રી જાણે છે. સામે પોતાના મનનો અભિપ્રાય સમસ્ત ભકતજનોને તેમના ભાવાનુસાર જતાવે છે. અને તેમના મનવાંછિત મનોરથ પૂરણ કરી બધાને મોહીત કરે છે તેથી આપશ્રી બધાને અત્યંત પ્રિય લાગે છે દરેક જણ પોત પોતાના મનમાં વિચારે છે કે મારા પર અત્યંત કૃપા છે, આ પ્રકારની લીલા તે સમયે શ્રી ઠાકોરજી કરે છે યથા યોગ્ય લીલા રસનો અનુભવ કરાવી બધાને મન મોહિત કરે છે. આ રીતે શ્રી મહાપ્રભુજી પૂર્ણ પુરૂપોત્તમ સ્વરૂપ છે અને પોતાની કૃપા પાત્ર ભક્તોને એક કાલાવચ્છિન યથાધિકાર બધાને મનવાંછિત મનોરથ પૂરણ કરી મનમોહિત કરે છે. આવી રહસ્યરૂપ મોહિની લીલા શ્રી વલ્લભાધીશ ની હોવાથી તેમનુ નામ અતિમોહન : કહ્યું છે.

**સર્વાસક્તો :-** શ્રી મહાપ્રભુજી આપ પોતાના સેવકોના સિવાય બીજા જે જીવ છે તેમને પુષ્ટિલીલા રસનો અનુભવ કરાવતા નથી.પોતાના સેવકોને તે રસનો અનુભવ કરાવવો આવશ્યક છે. તેમ જાણી તેમને કરાવે છે. આમ પુષ્ટિ ભક્તિ માર્ગીય ભક્તોમાં વિશેષતા બતાવવા આ નામ કહ્યું છે.

**ભક્ત માત્રા સક્ત** :- શ્રી વલ્લભાધીશ પુષ્ટિમાર્ગીય ભક્તોમાં આપ આસક્ત કૃપા યુક્ત છે. આપશ્રીની આસક્તિ પુષ્ટિ ભક્તો વિના બીજા જીવોમાં નથી તેમાટે અહી માત્ર પદ વાપરેલ છે. તેથી પોતાના સેવકોને ભગવદ્ લીલારસનો અનુભવ કરાવે છે. જ્યારે જે જીવો પુષ્ટિ ભક્તિ માર્ગીય નથી તેમને પુષ્ટિ લીલા રસનો ક્યારેય અનુભવ કરાવતા નથી.

**પતિતપાવન** :- અહીં પતિતપાવનપણું કહેવાનો આશય એવો છે કે લોકમાં પ્રસિધ્ધ પાપો ભક્તિમાર્ગીયોમાં સર્વાત્મભાવને લીધે નથી હોઈ શકતાં માટે આ પતિતપાવનપણું શ્રીમહાપ્રભુજીમાં કહ્યું તે ખાસ સમજવું. આ પુષ્ટિમાર્ગીય પાપ કયું કહેવાય? આવા ઉત્કૃષ્ટ શુધ્ધ, અલૌકિક માર્ગમાં પાપ શું ? તો અહીં જણાવે છે કે જેમ મર્યાદા માર્ગમાં વર્ણાશ્રમ વર્ગ વિરુધ્ધ નિષિદ્ધ આચરણથી મનુષ્ય પાપી બને છે. તેમ આ પુષ્ટિ ભક્તિમાર્ગમાં પણ ખાસ ભક્તિમાર્ગથી વિરુધ્ધ ધર્મનું આચરણ કરવાથી જ પતિત થવાય છે. પુષ્ટિ ભક્તોમાં પુષ્ટિ ભક્તિ માર્ગ વિરુધ્ધ જે ધર્માચરણ તેનું શ્રીમહાપ્રભુજી નિરાકરણ કરે છે. અને ..પુષ્ટિમાર્ગીય ધર્મ પ્રમાણે આચરણ કરાવે છે.

આ પ્રમાણે પાવન કરવાનું સામર્થ્ય માત્ર શ્રી મહાપ્રભુજીમાં છે. બીજા કોઈમાં નથી તેવું જણાવે છે. અન્ય માર્ગોમાં જે જે પાપો છે તે તે પાપો તે તે માર્ગમાં કહેલાં પ્રાયશ્ચિત વિગેરેથી જે નિવૃત્ત થાય છે પણ આ પુષ્ટિમાર્ગમાં તે પ્રાયશ્ચિત વગેરે શ્રી મહાપ્રભુજીને કંઈ ઉપયોગી નથી, આથી માત્ર પુષ્ટિભક્તિ માર્ગથી વિરુધ્ધ આચરણ કરવું એજ આ માર્ગમાં પાતક છે. અને તેને પાવન કરવાનું સામર્થ્ય શ્રી વલ્લભાધીશમાં હોવાથી આપશ્રીનું નામ પતિત પાવન કહ્યું છે.

૨૮. સ્વયશોગાનસંહૃષ્ટ હૃદયાંભોજવિષ્ટરઃ ।
યશઃ પીયુષલહરી પ્લાવિતાન્યરસઃ પરઃ ॥

સ્વયશોગાનસંહૃષ્ટ હૃદયાંભોજ વિષ્ટર :- શ્રી મહાપ્રભુજી આપ પોતાના યશનું ગાન ભક્તોને કરાવી ભક્તોનું પાપ દૂર કરે છે. હૃદયને શુધ્ધ કરીને ભગવત્ યશ હૃદયમાં પ્રકાશિત થાય છે. જેનાથી ભક્તના હૃદયનું અજ્ઞાન રૂપ અંધકાર નાશ થતાં ભગવદ્ સ્વરૂપાત્મક જ્ઞાન પ્રગટ થાય છે. અલૌકિક ભગવદ્ સંબંધી હર્ષ-આનંદ વ્યાપક રીતે પ્રગટ થઈ શ્રીપૂર્ણપુરૂષોત્તમ રૂપી ભ્રમર સદા ભક્તના હૃદયમાં સ્થિત થઈ બિરાજીને સ્નેહ ભાવાત્મક મકરંદનું પાન કરે છે. આમ અનેક ફલની

પ્રાપ્તિ શ્રીમહાપ્રભુજી પોતાના યશના ગાન કરાવી દાન કરે છે. આથી એ નિશ્ચે સિદ્ધાંત જણાય છે કે જે જીવ આપશ્રીના યશોગાન કરે તેના સકલ પાપાદિક નાશ થાય અને આપશ્રી પોતે ભક્તના હૃદયમાં વાસ કરી સદા સ્થિત થઈ બિરાજે છે. માટે આપશ્રીનું નામ સ્વયશોગાન સંહૃષ્ટ હૃદયાંભોજ વિષ્ટર: કહ્યું છે.

**યશઃ પીયુષ લહરી પ્લાવિતાન્ય રસઃ** - પુષ્ટિ ભક્તિ માર્ગીય ભક્તના હૃદયમાં શ્રી મહાપ્રભુજીની સ્થિતિ સદા ન હોય તો જીવની સંસારાસક્તિ છૂટતી નથી. તેમજ ભગવદ્ આસક્તિ થતી નથી, કેમકે જન્મોજન્મથી સંસારાશક્તિ થઈ રહી છે તે કેવી રીતે છૂટે. તેથી શ્રીમહાપ્રભુજી આપ પોતાના ભક્તના હૃદયમાં બિરાજી સદા પોતાના યશનું ગાન કરાવી પોતાના વિશે આશક્તિ વધારાવી સંસારાઆસક્તિ છોડાવે છે. આમ ભક્તની સંસારાસક્તિ છૂટી જાય છે. અને ભગવદ્ આશક્તિ વધે છે. ભક્તો જે શ્રીમહાપ્રભુજીના યશ ગાય છે તે યશરૂપી પીયૂષ અમૃતનો સમુદ્ર છે. ભક્તો આપશ્રીના યશ ગાતાં તેમનાં હૃદયમાં પ્રથમ તો આપ બિરાજે છે. ત્યારે ભક્ત કોટિ કોટિ સમુદ્રરૂપ થઈ જાય છે. જેમ

ભૌતિક સમુદ્રમાં સદા સર્વદા અસંખ્ય સ્વતઃ લહર તરંગ ઊઠે છે.તે તરંગોનો કોઈ પાર પામતા નથી. તેવા ભગવદીયના હૃદયમાં કોટિ સમુદ્રરૂપી શ્રી મહાપ્રભુજી બિરાજે છે. તેથી ભગવદીયનું હૃદય કોટિ સમુદ્રવત ગંભીર બનતાં અમૃત રસ પરમ અલૌકિક પરમ અનિર્વચનીય અપાર અગાધ બનતાં અનેક પ્રકારનાં મનોરથરૂપી ભાવ તરંગ લહેર સદા સર્વદા ઉઠતી રહે છે. ભાવરૂપી તરંગોથી પોતાના સેવકોને આપ બાહર તથા ભીતર પ્લાવીત કરે છે. આમ કરી સકલ ભકતોને લૌકિક વૈદિક સકલ પદાર્થ ભૂલાવી દે છે. જન્મ મરણના તાપ મટાવી દઈને નિત્ય લીલામાં પ્રવેશ કરાવે છે. તેથી શ્રી મહાપ્રભુજી પૂર્ણપુરૂષોત્તમ હોવાથી પુષ્ટિ માર્ગીય ભકતોને આપના યશરૂપી અમૃત સમુદ્રનું સદા શ્રવણ પાન ગુણગાન કરવું આમ જતાવવા માટે નું નામ યશપીયૂષ લહરી પ્લાવિતાન્યરસઃ કહ્યું છે.

પરઃ :- અક્ષરથી પર અગણિતાનંદ પુરૂષોત્તમ શ્રી મહાપ્રભુજી છે. આ નામ વડે શ્રી મહાપ્રભુજીના યશથી શ્રી મહાપ્રભુજી ના ભકતોમાંના અન્ય સર્વ રસો ભગવદ્રસે ભીંજાઈ જાય છે તેની ખાત્રી બતાવી છે.

ॐ 卐

૨૯. લીલામૃતરસાર્દ્રાદ્રી કૃતાખિલશરીરભૃત્ ।
ગોવર્ધનસ્થિત્યુત્સાહસ્તલ્લીલા પ્રેમપૂરિતઃ ॥

લીલામૃતરસાર્દ્રાદ્રી કૃતાખિલ શરીરભૃત્ઃ - શ્રી મહાપ્રભુજી પોતે શ્રી પૂર્ણ પુરૂષોત્તમની લીલારૂપી અમૃતરસથી આપશ્રીના સકલ અંગો ભીંજાયેલા છે તેમજ પોતાના અંગીકૃત પુષ્ટિ ભક્તોના અંગ અંગ લીલારસ અમૃતથી આર્દ્ર કરે છે. જેવી રીતે ભીંજેલું વસ્ત્રના સંબંધથી સુકું વસ્ત્ર પણ ભીંજાઈ જાય તેવી જ રીતે મહાપ્રભુજીના સકલ અંગ અંગ ભગવદ્ લીલારૂપી અમૃત રસથી ભીંજાઈને રસથી પૂર્ણ થઈ ગયાં છે. તેથી પુષ્ટિમાર્ગીય જે નિજજનો છે તેનો બધો સમુદાય શ્રી મહાપ્રભુજીના દર્શનાર્થે આવી મંડલાકાર થઈ પાસે બેસે છે ત્યારે આપશ્રી પૂર્ણ પુરૂષોત્તમથી સદા અનેક પ્રકારથી દાન રસ-માન રસ- રાસરસ કેલી ક્રીડા કરી પુરૂષોત્તમ રસ થી સકલ અંગો પૂર્ણ ભરેલા છે. અને અતિ ઉત્સાહ આનંદ કરી જેનું ચિત્ત ઉગમ્યું છે તેવા શ્રી મહાપ્રભુજી પોતાના નિજ અંગીકૃત અંતરંગ સખીરૂપ જાણી પોતાના ભક્તોને લીલા વિહાર રસના વચનામૃત દ્વારા સેવકોને તેમના સકલ અંગો ભગવદ્દ્લીલા રસથી આર્દ્ર પૂર્ણ કરે છે.

卐 ॐ

ભીંજવી દે છે અને ભગવદીઓ પોતાનું જીવન સફલ કરી માને છે અને સદા એ લીલારસ અમૃત સમુદ્રમાં ભીંજેલા રહે છે અને છકેલા રહે છે માટે શ્રી મહાપ્રભુજીનું નામ ''લીલામૃતરસાર્દ્રાર્દ્રીકૃતાખિલ શરીરભૃત્'' કહ્યું છે. ગોવર્ધનસ્થિત્યુત્સાહઃ :- સકલ ભક્તોના શિરોમણિ તો શ્રી વ્રજ ભક્તો છે અને વ્રજ ભક્તોના શિરોમણી શ્રી ગોવર્ધન છે તેથી શ્રી ગોવર્ધન ગિરિરાજ એવું નામ પ્રગટ થયેલું છે. આમ ગોવર્ધનરૂપી તો શ્રી પૂર્ણ પુરૂષોત્તમ આપ પોતે જ છે. તેથી બીજું કોઈ શ્રી ગોવર્ધનના સમાન નથી. અને તેથી ઈન્દ્રના કોપ સમયે શ્રી પૂર્ણ પુરૂષોત્તમ વ્રજ ભક્તાદિકોને શ્રી ગોવર્ધનનો આશ્રય કરાવી ગોવર્ધન ધારણ કરી શ્રી ગોવર્ધન દ્વારા બધાની રક્ષા કરી છે. આપશ્રીએ ગોવર્ધનનો આશ્રય કરી તેમને સંબંધ કરાવી સ્વરૂપાનંદનો અનુભવનું દાન બધાને કરાવ્યું અને વ્રજભક્તોના મનમાં ઠસાવ્યું કે શ્રી ગોવર્ધનના આશ્રય વિના શ્રી ગોવર્ધનના સંબંધ વિના સર્વોપરિ ફલરૂપ મારા સ્વરૂપાનંદ નો અનુભવ અને સુખ સમુદ્રની પ્રાપ્તિ બીજા કોઈ પ્રકારે થશે નહીં. માટે શ્રી ગોવર્ધનને પરમતત્ત્વ જાણી સદા સર્વદાતેમનો આશ્રય કરજો. હવે ગોવર્ધનનું

મુખ્ય સ્વરૂપ શ્રી સ્વામિનીજી છે. સ્વામિનીજીની કૃપા વિના પુષ્ટિ ભક્તિ માર્ગમાં પ્રવેશ થઈ શકે નહિ. તેથી શ્રી પ્રભુજી શ્રી ગોવર્ધનના મધ્યમાં સ્થિત સદા ઉત્સાહ આનંદથી બીરાજીને નાના પ્રકારના ભોગ રસ કરે છે. શ્રી યમુનાજી શ્રી ગોવર્ધનની તળેટીમાં વહી પરમ શોભા આપે છે. યમુનાજીના બંને તટ પર રત્નમણિ જડીત શોભા આપી રહ્યા છે. તેમાં નાના પ્રકારના કમલ કમોદની ફૂલોથી અલૌકિક રમણ સ્થલ કુંજ નિકુંજ સિધ્ધ થતાં અનેક કંદરા પરમ શોભાયમાન છે. ત્રિવિધ વાયુ-મંદ-શીતલ સુગંધ યુક્ત એક રસ વહી રહ્યાં છે. આવી રીતે અનેક સ્થળો શ્રી ગોવર્ધનમાં શોભાયમાન છે તેથી આવી શોભાઓ જોઈ બ્રહ્માદિક શિવાદિક વિગેરે મોહ પામી રહ્યા છે. તેથી શ્રી પૂર્ણપુરૂષોત્તમ આપશ્રી ગોવર્ધનની શોભા સૌંદર્યતા જોઈને મોહિત થઈને ત્યાં નિવાસ કરે છે. તેથી શ્રી મહાપ્રભુજીને પણ ગોવર્ધનમાં સ્થિત થઈ નિવાસ કરવામાં પરમ ઉત્સાહ આનંદ થાય છે. અને સર્વે અંગીકૃત પુષ્ટિ ભક્તોને પણ જણાવે છે કે જ્યાં સુધી દેહનો સંબંધ છે. ત્યાં સુધી શ્રી ગોવર્ધનનો આશ્રય કરી રહેવાનો મનોરથ રાખવો. લીલામાં પ્રાપ્ત થયા પછી પણ સદા શ્રી

ગોવર્ધનની કૃપાથી જ પુષ્ટિમાર્ગીય સકલ પદાર્થની પ્રાપ્તિ થશે. તેથી જ પુષ્ટિમાર્ગમાં શ્રી ગોવર્ધન સેવનીય છે. તેથી સદા શ્રી ગોવર્ધનના દર્શનનો, સ્પર્શ નો, નિવાસનો અને નામ સ્મરણનો સર્વ ભાવ કરી ઉત્સાહ આનંદ પોતાના મનમાં રાખવો. આ બતાવવા માટે શ્રીમહાપ્રભુજીએ શ્રી ગોવર્ધનમાં સદા ઉત્સાહપૂર્વક સ્થિતી કરી છે. અને તેમનું નામ ''ગોવર્ધનસ્થિત્યુત્સાહ'' કહ્યું છે.

**તલ્લીલા પ્રેમપૂરિતઃ :-** શ્રી મહાપ્રભુજીને શ્રી ગોવર્ધન પ્રિય છે કેમકે શ્રી ઠાકોરજી એ શ્રી ગોવર્ધનો દ્વારણ કરેલ. ઈન્દ્રના ભયથી જે વ્રજવાસીઓ શરણે આવ્યા તે લોકોને સંસાર મુક્ત કરી પોતાના કરી સાત દિવસ સુધી બધાને પોતાના સ્વરૂપાનંદનું દાન કરી, રક્ષા કરી, વિગેરે લીલા ઓથી જે પ્રેમ પ્રગટ થયો. તેનાથી બધા જ ભક્તોના અંગઅંગ રસ પૂર્ણ કરી શ્રી પૂર્ણ પુરૂષોત્તમના મુખારવિંદ સ્વરૂપ શ્રી મહાપ્રભુજી પ્રગટ થયા. અને પોતાના અંગીકૃત ભક્તોને સાક્ષાત્ શ્રી ગોવર્ધનનાથજીના સ્વરૂપાનંદરૂપી લીલારસનું દાન કરી સર્વ આસક્તિ છોડાવી. ભગવદ્ આસક્તિ પ્રગટ કરી પ્રેમલક્ષણાત્મક ભક્તિનું દાન કરી, પ્રેમરસથી બધાને બહાર-અંદરથી

પૂર્ણ કર્યા છે. તેથી આપશ્રીનું નામ તલ્લીલાપ્રેમપૂરિતઃ કહ્યું છે.

૩૦. યજ્ઞભોક્તા યજ્ઞકર્તા ચતુર્વર્ગ વિશારદઃ ।
સત્યપ્રતિજ્ઞ ત્રિગુણાતીતો નય વિશારદઃ ॥

યજ્ઞભોક્તા : ઈન્દ્રયાગ બંધ કરાવી ગોવર્ધન યાગ ચાલુ કર્યો ત્યારે તેમાં જે બલી (ભોગ) ધર્યો તેનું ભોજન શ્રી ઠાકોરજીએ સ્વયં કર્યું છે. કેવી રીતે? પહેલાં તો ઈન્દ્રિયાગ બધા વ્રજવાસી ભેગા થઈને ઈન્દ્રને ભોગ ધરતા હતા. તેથી તેના ભોક્તા તો ઈન્દ્ર હતા પછી જ્યારે નંદબાવા, ગોપો મળીને ઈન્દ્રયાગ છોડીને શ્રી ગોવર્ધનયાગ કર્યો, અને બધાઓએ સાથે મળીને ભોગ શ્રી ગોવર્ધનને સમર્પ્યો તેથી શ્રી ગોવર્ધન દ્વારા બધો જ ભોગ યજ્ઞપુરુષ શ્રી પૂર્ણપુરુષોત્તમે પોતે આરોગ્યો. અહીં યજ્ઞ બલિના ભોગમાં કારણરૂપ તો શ્રી ભગવાનનું મુખારવિંદ જ છે. અને તેઓ જ સકલ રસ ભોક્તા છે. તેથી શ્રી પૂર્ણ પુરુષોત્તમના મુખારવિંદરૂપ શ્રી મહાપ્રભુજી છે તેથી વ્રજવાસી લોકો સકલ સામગ્રી શ્રી ગોવર્ધન ભગવાનને આરોગાવતા તે બધાની સામગ્રી શ્રી મુખથી આરોગે છે તે જ શ્રી મુખારવિંદરૂપ શ્રી મહાપ્રભુજી આરોગે છે તેથી આપશ્રીનું નામ યજ્ઞભોક્તા છે. તેમાં સંશય નથી.

યજ્ઞકર્તા :- શ્રી નંદરાયજી તથા ગોપ બાળકો ઈન્દ્રયાગ કરીને અન્યાશ્રય કરતા હતા. તે શ્રી ઠાકોરજી જ્યારે સાત જ વર્ષના હતા, ત્યારે મનમાં આવ્યું કે આ મહા અન્યાશ્રયમાંથી સર્વેને મુક્ત કરવા. તેથી તેમણે નંદબાવા તથા ગોપ બાલકોને શાંતિપૂર્વક વિસ્તારથી તેઓને સમજાવ્યું કે ઈન્દ્રરાજાની કૃપાથી વરસાદ આવે છે અને અનાજ પાકવાથી બધાનું પોષણ થાય છે. તે તમારી ખોટી માન્યતા છે. ઈન્દ્રરાજા કંઈ કશું કરતા જ નથી. જે બધું થઈ રહ્યું છે તે તો શ્રી ગોવર્ધનને કારણે જ બધાનું પોષણ રક્ષણ થાય છે. માટે ગોવર્ધનને જ ભોગ ધરી તેની જ પૂજા અર્ચના કરો. આમ પ્રથમ વર્ષે જ પૂરા વ્રજમંડલમાં બધા ને સમાચાર પહોંચાડી દરેક વ્રજભક્ત પોતાના ઘરેથી બને તેટલી સામગ્રી લઈ આવી, પહેલાં ગોવર્ધનની પરિક્રમા કરી પછી ભોગ ધર્યો. આમ થતાં ઈન્દ્રરાજા કોપાયમાન થતાં સાત દિવસ સકલ વ્રજમાં મુશળધાર વરસાદ વરસાવી બધાને ભયભીત કરવાનો પ્રયત્ન કર્યો પણ શ્રી ઠાકોરજીએ નાની ઉંમરે પોતાની ટચલી આંગળીથી શ્રી ગોવર્ધનને ઊંચો કરી બધા વ્રજભક્તોને પર્વતની નીચે રાખી દ્રઢ આશ્રય કરાવી રક્ષણ કર્યું. ઈન્દ્ર થાકી ગયા અને શ્રીઠાકોરજીએ

વ્રજવાસીઓના ચિત્તનો નિરોધ પોતાનામાં કરાવી અન્યાશ્રય દૂર કરી, સ્વરૂપાનંદ નો અનુભવ કરાવ્યો. આવી જ રીતે પોતે જ યજ્ઞનું નિમિત્ત બની યજ્ઞ કરનાર બન્યા અને યજ્ઞનો ભોગ પણ પોતે જ કર્યો તેથી શ્રી મુખારવિંદ સ્વરૂપરૂપી શ્રી મહાપ્રભુજી આપ પોતે જ પોતાના નિજ અંગીકૃત ભક્તોને બધા દેવતાઓનો અન્યાશ્રય છોડાવી એક શ્રીકૃષ્ણનો દૃઢ આશ્રય કરાવી, પ્રતિવર્ષ અન્નકુટનો ઉત્સવ કરાવી શ્રી ગોવર્ધન પૂજાદિક કરાવી આપે પ્રત્યક્ષ યજ્ઞ કર્યો છે. તેથી આપશ્રીનું નામ યજ્ઞકર્તા કહ્યું છે.

ચતુર્વર્ગવિશારદ :- લોકમાં ચતુર્વર્ગ પદ તરીકે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચાર પુરુષાર્થ કહ્યા છે. પણ વ્રજવાસીઓ તો પુષ્ટિલીલાના અધિકારી છે. તેમને તો આ પુરુષાર્થ કંઈ જરૂરી નથી. તેથી એક પૂર્ણ પુરૂષોત્તમના સ્વરૂપાનંદનો અનુભવ કરાવી અનેક અલૌકિક પુરુષાર્થ સિધ્ધ કર્યા છે. તેવી જ રીતે શ્રી મહાપ્રભુજી આપ પોતાના ભક્તોને લૌકિક વૈદિક પુરુષાર્થ સિધ્ધ નથી કર્યા. કેવલ પુર્ણ પુરુષોત્તમની લીલારસનો તથા પૂર્ણપુરૂષોત્તમના આ સાક્ષાત્ સ્વરુપાનંદનો અનુભવ કરાવી અનેક અલૌકિક પુરુષાર્થ સિધ્ધ કર્યા છે. હવે શ્રી મહાપ્રભુજીએ

પોતાના પુષ્ટિમાર્ગીય ભક્તોને પુષ્ટિમાર્ગીય ફલરૂપ પરમ અલૌકિક ચતુર્વિધ પુરુષાર્થ સિધ્ધ કર્યા તે ક્યા અને કેવી રીતે? તેનું વર્ણન કરતાં કહે છે કે ધર્મ તો તે જે મુખ્યશ્રી પૂર્ણ પુરુષોત્તમની સેવા કરાવી પરમ અલૌકિક ભગવદ્ ધર્મ સદા નિત્ય અખંડ સર્વોપરિ સિધ્ધ કરે છે. અર્થ નામનો પુરુષાર્થ તો તે જે શ્રી પૂર્ણપુરૂષોત્તમ ની સાક્ષાત્ પ્રાપ્તિ હોય તે જ અર્થ અખંડ-અચલ-અક્ષય છે. હવે ત્રીજો પુરુષાર્થ કામ તો તે જે શ્રી પૂર્ણપુરૂષોત્તમના સાક્ષાત્ દર્શન સેવન ભજન લીલા અનુભવની અપેક્ષારૂપી દિવ્ય કામની પ્રાપ્તિ કરાવે છે. છેલ્લે ચોથો પુરુષાર્થ મોક્ષ તે જે પરમ અલૌકિક દેહ ઈન્દ્રિયનું દાન કરે છે તે કેવી રીતે? જે આધિભૌતિક આધ્યાત્મિક દેહ ઈન્દ્રિયોથી શ્રી પૂર્ણપુરૂષોત્તમનાં દર્શન સ્પર્શ-સેવન-ભજનની ધારણ શક્તિ હોતી નથી. તેથી આધિદૈવિક અલૌકિક સર્વોત્તમ દેહ ઈન્દ્રિયોનું દાન શ્રી પૂર્ણપુરૂષોત્તમની સેવા-ભજન-સ્પર્શ કરવા યોગ્ય સ્વરૂપાનંદનો અનુભવ કરવા યોગ્ય દેહનું દાન કરે છે. જે સકલ વ્રજ ભક્તોના સમાન સ્વરૂપાનંદનો સદા સર્વદા અખંડ અનુભવ કરાવે છે. આવું પરમ અલૌકિક ચતુર્વિધ પુરુષાર્થ સિધ્ધ કરતા શ્રી

વલ્લભ છે. તેથી તેમનું નામ ચતુર્વર્ગવિશારદ : કહ્યું છે.
**સત્યપ્રતિજ્ઞ** : ઉપર કહેલા ચતુર્વિધ પુરુષાર્થ તો બ્રહ્માદિકને પણ દુર્લભ છે તે શ્રીમહાપ્રભુજી પોતાના ભક્તોને દાન કરે છે તે કેવી રીતે? તે જણાવવા આ નામ કહ્યું છે. શ્રીમહાપ્રભુજી યથાર્થ સત્ય પ્રતિજ્ઞ છે. કોઈપણ કાલમાં ક્યારેય જેમની પ્રતિજ્ઞા અસત્ય હોતી નથી, કેમ કે કર્તું અકર્તુંમ-અન્યથાકર્તુંમ સામર્થ્યવાન આપ શ્રી પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપ છે અને સર્વપ્રકારથી સ્વતંત્ર છે. કોઈને આધીન નથી કે કાલને પણ આધીન નથી. કાલના પણ નિયામક છે તેથી અમારા શ્રી મહાપ્રભુજીની પ્રતિજ્ઞા સર્વ કાલમાં સત્ય છે તેથી આપશ્રીનું નામ સત્યપ્રતિજ્ઞઃ બતાવ્યું છે.
**ત્રિગુણાતીત** :- ત્રિગુણ એટલે સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રિરુપ જે ગુણ તેઓથી અતિત થયેલા એટલે તદ્દન તરી ગયેલા એવા શ્રીમહાપ્રભુજી (નિર્ગુણ) છે. આ નામ વડે પોતાની પ્રતિજ્ઞા સત્ય કરવાનું કારણ કહ્યું અહીં આ નીચેનો હેતુ પણ છે. બીજાઓની પ્રકૃતિ એટલે સ્વભાવ પ્રાકૃત ગુણયુક્ત હોવાથી દૂષિત છે. આથી તેઓએ કરેલી પ્રતિજ્ઞા પણ દૂષિત હોવાથી એ સત્ય પણ

દૂષિતનું હોવાથી તેઓએ કરેલી પ્રતિજ્ઞા પણ અસત્ય છે, પણ શ્રી મહાપ્રભુજી તો પ્રાકૃત ગુણથી રહિત છે, આથી તેઓશ્રી તદ્દન સર્વ રીતે પવિત્ર છે, વિકાર રહિત છે. આથી તેઓશ્રીએ કરેલી પ્રતિજ્ઞા પણ સર્વ રીતે તદ્દન પવિત્ર અને પ્રાકૃત ગુણથી રહિત હોવાથી એ પ્રતિજ્ઞા સત્ય જ છે. માટે શ્રીમહાપ્રભુજીનું નામ સત્ય પ્રતિજ્ઞઃ પછી ત્રિગુણાતીત કહ્યું છે.

નય વિશારદ :- પોતાના પુષ્ટિમાર્ગીય સિધ્ધાંતના શાસ્ત્રોમાં વિશારદ એટલે અત્યંત નિપુણ એટલે કે પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોનાં શાસ્ત્રોમાં અત્યંત ચતુર છે.

૩૧. સ્વકીર્તિ વર્ધનસ્તત્વ સૂત્ર ભાષ્ય પ્રદર્શકઃ ।
માયા વાદાખ્ય તૂલાગ્નિ બ્રહ્મવાદ નિરૂપકઃ ॥

સ્વકીર્તિવર્ધન :- શ્રી મહાપ્રભુજીએ વિચાર્યું કે ચાર સંપ્રદાયના આચાર્ય પ્રગટ થઈને પોતપોતાના સંપ્રદાયનો માર્ગ ચલાવીને પોતપોતાના માર્ગના સિદ્ધાંત ગ્રંથ પ્રગટ કર્યા છે, જેના કારણે સંપ્રદાયમાં શરણે આવેલ જે તે ગ્રંથોને આધારે ચાલે છે. તેવી જ રીતે પોતે પુષ્ટિભક્તિ માર્ગ પ્રગટ કરેલ છે, તેથી તેના સિદ્ધાંત ગ્રંથ પ્રગટ કરીએ તો પુષ્ટિભક્તિમાર્ગમાં શરણે આવેલ ભકતોને ગ્રંથો દ્વારા

પુષ્ટિમાર્ગના સિદ્ધાંત તથા રહસ્ય, માર્ગની રીત વિગેરે જાણવા મળશે. તેમજ સર્વોપરિ પુષ્ટિમાર્ગને જાણી અધિક પ્રિતી ઉત્પન્ન થશે, ત્યારે જ ભગવાનના સેવા ભજન નિર્વિઘ્નતાથી આનંદ પૂર્વક કરશે. આમ વિચારી માર્ગના સિદ્ધાતં ગ્રંથ સકલ વેદ શાસ્ત્રનો પ્રમાણ પૂર્વક સિદ્ધાંત તેમજ અંદરથી કેવલ ભગવદલીલા મૃત રસ ભરેલ છે એવા સાક્ષાત્ સ્વરુપ સંબંધી સિદ્ધાંતના રસરૂપ ગ્રંથ પ્રગટ કરેલા છે. આ રસરૂપ સિદ્ધાંત નિહાળી પોતાના મનમાં સર્વે સેવક અતિ આનંદિત થતા ભકતો અંદરોઅંદર શ્રી મહાપ્રભુજીની ખુબ પ્રશંસા-બડાઈ કરવા લાગ્યા અને માનવા લાગ્યા કે મહાપ્રભુ સમાન કોઈ થયા નથી કે થશે પણ નહીં. આ પ્રમાણે પોતાના પુષ્ટિમાર્ગીય સેવકમાં પોતાની સ્વકીર્તિ વધારવા વાળા શ્રી મહાપ્રભુજી આપ પોતે જ છે. તે ઉપરાંત ભક્તિમાર્ગનો દ્વેષ કરતા કર્મજડ પંડિત તેમજ માયાવાદી પંડિતજનો પણ તેમની પ્રશંસા કરતા થઈ ગયા તેવા શ્રી મહાપ્રભુજી આપ છે તે જણાવવા માટે સ્વકીર્તિવર્ધનઃ નામ કહ્યું છે.

**તત્વ સૂત્ર ભાષ્ય પ્રદર્શક :-** શ્રીમહાપ્રભુજીના સેવકો તો મહાપ્રભુજીની બડાઈ કરે તે તો પ્રમાણ વાત છે. પણ

માયાવાદી તથા કર્મ જડપંથીતો તેમજ ભક્તિમાર્ગના દ્વેષકર્તા જેઓ આપની બડાઈ કરે તે શ્રી મહાપ્રભુજીના કયા કાર્યનું ઉત્કર્ષ જોઈને કરતા હશે તેની સ્પષ્ટતા કરવા માટે આ નામ કહ્યું કે જે વેદ વ્યાસજીએ તત્વસૂત્ર પ્રગટ કર્યા છે. તે ખૂબ જ અઘરા સૂત્ર સમાસ છે. જેના કારણે માયાવાદમાં અને ભક્તિમાર્ગીય બ્રહ્મવાદમાં આ બન્નેમાં ઝઘડો થાય. કેમકે એમાં તત્વસૂત્ર શ્રી વેદવ્યાસજીના ખૂબ જ સારી રીતે નિરૂપણ કરેલ છે તેથી માયાવાદનું ખંડન કરી શુધ્ધ બ્રહ્મવાદનું સ્થાપન કરેલ છે. આવા અણુભાષ્ય નામના ગ્રંથને પ્રગટ કરી સઘળા માયાવાદી પંડિતોને નિરૂતર કરી જીતી લીધા. તેથી સઘળા માયાવાદી પંડિતજનો બધા ભેગામળીને શ્રી મહાપ્રભુજીની સ્તુતિ બડાઈ કરવા લાગ્યા કે શ્રી વલ્લભાચાર્યજી આપ સાક્ષાત્ ઈશ્વર ભગવાન છે તેથી જ અણુભાષ્યગ્રંથ પ્રગટ કર્યો છે. બાકી મનુષ્યનું સામર્થ્ય નથી કે જે આવું તત્વસૂત્ર ભાષ્ય પ્રગટ કરી શકે. આવી રીતે માયાવાદીઓ પણ શ્રીમહાપ્રભુજીની બડાઈ યશ પ્રગટ કરવા લાગ્યા કે વેદમાં શ્રી ભગવાનનું સ્વરૂપ શુદ્ધ આનંદ માત્ર કરપાદ મુખોદરાદિ સાકાર રસાત્મક

નિરુપણ કર્યું છે. તેવી જ રીતે શુધ્ધ સાકાર રસાત્મક ભાવાત્મક સ્વરૂપ ભગવાનનું નિરૂપણ કર્યું છે તેથી વ્યાસ સૂત્રનું યથાર્થ નિરૂપણ શ્રી મહાપ્રભુજી એ જ માત્ર કર્યું છે. માટે આપશ્રીનું નામ તત્ત્વસૂત્રભાષ્ય પ્રદર્શક કહ્યું છે.

**માયાવાદાખ્યતૂલાગ્નિ :-** માયાવાદરૂપી રૂનો મોટો ઢગલો તેને ભસ્મ કરવાવાળી જે અગ્નિ તે અગ્નિરૂપી ચિનગારી શ્રીમહાપ્રભુજી આપ છે. જેવી રીતે ભૌતિક રૂનો ઢગલો ભસ્મ કરનાર લૌકિક અગ્નિ છે. તેવી રીતે માયાવાદરૂપી રૂના સમૂહને ભસ્મ કરવાવાળી અલૌકિક આધિદૈવિક અગ્નિરૂપ શ્રી મહાપ્રભુજી છે. આમ કહી એ બતાવે છે કે રૂઈ નો ગમે તેટલો મોટા પર્વત જેટલો પણ ઢગલો હોય તેને લોકિક અગ્નિની નાની ચિનગારી જેમ જલાવીને ભસ્મ કરી દે છે તેવી જ રીતે માયાવાદીનો સમૂહ પૂરા વિશ્વમાં પર્વત સમાન થયેલો તે બધાને નિરુત્તરખંડન કરવા વાળા શ્રીમહાપ્રભુજી આપ અગ્નિરૂપ છે. તેથી આપશ્રીનું નામ માયાવાદાખ્ય તુલાગ્નિ કહ્યું છે.

**બ્રહ્મવાદનિરૂપક :-** શ્રી મહાપ્રભુજી આપ પ્રગટ થઈને બ્રહ્મવાદનું સ્થાપન કર્યું છે.માયાવાદની વસ્તુ અસત્ય

મિથ્યા કહી છે. તેજ મિથ્યાવાદ છે. કેમકે જેનો કર્તા સત્ય છે તેનું કાર્ય જ સત્ય છે. તેથી આ સઘળું ત્રિલોક બ્રહ્માંડની રચના શ્રી ભગવાનની છે તેજ સાચી સત્ય છે આમા ક્યાં મિથ્યા છે? એટલે કે માયા વાદીઓએ મિથ્યા કહે કેવી રીતે મિથ્યા થશે ? તેથી શ્રીમહાપ્રભુજી આપ બ્રહ્મવાદ નિરૂપણ કરીને માયાવાદનું ખંડન કર્યું ભગવદ્કૃત સકલ પદાર્થ સત્ય કર્યા અને અહંતા-મમતા બંનેને મિથ્યા કહ્યા. હું કર્તા છું તે જૂઠું કહી સર્વના કર્તા શ્રી પ્રભુજી છે. આવી રીતે માયાવાદના મતોનું ખંડન કરી બ્રહ્મવાદનું નિરૂપણ કર્યું હોવાથી આપશ્રીનું નામ બ્રહ્મવાદ નિરૂપકઃ કહ્યું છે.

૩૨. અપ્રાકૃતા ખિલા કલ્પભૂષિતઃ સહજસ્મિતઃ ।
ત્રિલોકી ભૂષણં ભૂમિ ભાગ્યં સહજ સુન્દરઃ ॥

અપ્રાકૃતા ખિલા કલ્પ ભૂષિત : - શ્રી મહાપ્રભુજી અલૌકિક જે આભૂષણ છે તેનાથી સર્વાંગ શોભા યુક્ત છે. આ આભૂષણો વ્યાસ સૂત્રના પ્રમાણ-પ્રમેય સાધન-ફળ આ ચારે અધ્યાયમાં ચોથો અધ્યાય ફલરૂપ છે તેમાં ભગવદ્ભાવ અલૌકિક છે. તેથી અલૌકિક ભાવરૂપી આભૂષણથી આપ સર્વાંગ આભુષિત છે. આ વસ્તુ સ્પષ્ટ

કરવા માટે આપશ્રીનું નામ અપ્રાકૃતા ખિલા કલ્પ ભુષિત: કહ્યુ છે.

**સહજ સ્મિત:** - શ્રી મહાપ્રભુજી અલૌકિક ભગવદ્‌ભાવરૂપી આભુષણ થી સર્વાંગ આભુષિત છે. તેથી જ્યારે અલૌકિક ભગવદ્‌ભાવનું સ્મરણ થાય છે. ત્યારે શ્રી મહાપ્રભુજી સહજ સ્વાભાવિક મંદહાસ્યયુક્ત શ્રી મુખ થતાં બધાં સેવકોને જણાઈ આવે છે કે શ્રીમહાપ્રભુજી હાલમાં અલૌકિક ભગવદ્‌ભાવ યુક્ત છે.

**ત્રિલોકીભૂષણ :-** શ્રીમહાપ્રભુજી આપ શ્રી ત્રિલોકીભૂષણ આભૂષણ છે. ત્રિલોક એટલે સ્વર્ગ-મૃત્યુ-પાતાલ લોક આ ત્રણેય લોકમાં જેટલી પણ શોભા છે. તે કેવલ લક્ષ્મીજી ની કૃપા કટાક્ષ કરીને સુંદરતા છે, અન્યથા નહીં. તેથી લક્ષ્મીજીના આભૂષણરૂપ પતિ શ્રી ભગવાન છે અને તેઓ પૂર્ણ પુરૂષોત્તમના મુખારવિંદ સ્વરૂપ શ્રી મહાપ્રભુજી છે. તેથી ત્રિલોકના આભૂષણરૂપ શ્રી મહાપ્રભુજી છે. જેવી રીતે આભૂષણ ધારણ કરવાથી શોભા થાય છે તેવી રીતે શ્રી મહાપ્રભુજીનો સંબંધ થવાથી પરમશોભા પ્રગટ થાય છે. બીજી કોઈ રીતે આવી અલૌકિક શોભા ક્યારેય પ્રાપ્ત થતી નથી આ જણાવવા

માટે આપશ્રીનું નામ ત્રિલોકીભૂષણ બતાવ્યું છે.
**ભૂમિભાગ્યં :-** ભૂમિનું પરમ ભાગ્ય-પરમ પુણ્ય ઉદય થાય છે ત્યારે શ્રીમહાપ્રભુજીનું ભૂતલમાં પ્રાગટ્ય થાય છે. એટલે કે ભૂતલ પર પ્રાગટ્ય થયું છે તેથી ભૂમિનું પૂર્ણ પુણ્ય ઉદય કર્તા શ્રી મહાપ્રભુજી છે. કેમકે ભૂમિ ભક્તિરૂપા છે તેથી ભકતને તો ભગવદ્ ભક્તિ સેવા ભજન અત્યંત પ્રિય છે. આવી ભૂમિ પર માયાવાદી તેમજ ભગવદ્ વિમુખ ધર્મના આચરણ કર્તા જ્યારે પ્રગટ થયા અને માયાવાદીઓનો બહુ વિસ્તાર થયો. પરિણામે ભક્તિમાર્ગ ઉછીન્ન થયો. આથી ભૂમિ અત્યંત દુઃખી થઈ તેથી જ્યારે શ્રી મહાપ્રભુજી ભૂતલમાં પ્રગટ થયા ત્યારે ભૂમિ ના ભાગ્યનો ઉદય થયો. કેમકે તેઓશ્રીએ માયાવાદીઓનું ખંડન કર્યું અને સાકાર બ્રહ્મવાદનું સ્થાપન કર્યું અને પુષ્ટિ ભક્તિમાર્ગ પ્રગટ કરી ભગવદ્ ભજન સેવાદિક ધર્મ પ્રગટ કરી ભક્તિનો વિસ્તાર કર્યો. આમ ભૂમિનો કલેશ દૂર થયો અને ભાગ્યનો ઉદય થયો. તેથી ભૂમિના ભાગ્ય સૌભાગ્ય રુપ શ્રી મહાપ્રભુજી આપ પોતે હોવાથી આપશ્રીનું નામ ભૂમિભાગ્યં કહ્યુ છે.
**સહજ સુંદર :** શ્રીમહાપ્રભુજી આપ પોતાના સ્વરૂપ ની

સહજ સુન્દરતાનું દર્શન પોતાના સેવકોને કરાવી સકલ ભકતના મનને હર્ષ આનંદ સમુદ્ર ઉપજાવે છે. કેમકે આપશ્રીની સહજ સુંદરતા કોઈ કૃત્રિમ ઉપજાવેલી સુંદરતા નથી. શ્રીમહાપ્રભુજી તો સ્વત સહજ સુન્દર છે. વસ્ત્રો-આભૂષણો ધારણ કરી વસ્ત્ર આભૂષણ ની પણ શોભા સુંદરતાને પ્રગટ કરવા વાળા હોવાથી વસ્ત્ર આભૂષણની સુંદરતારૂપ આપ છે તેથી આપશ્રીનું નામ સહજ સુન્દર: કહ્યું છે.

૭૭. અશેષભક્ત સંપ્રાર્થ્ય ચરણાબ્જ રજોધન : ।
ઈત્યાનંદ નિધે : પ્રોકતં નામ્નામષ્ટોત્તરં શતમ્ ॥

અશેષ ભક્ત સંપ્રાર્થ્ય ચરણાબ્જરજોધન :- શ્રી આચાર્યજી મહાપ્રભુજીના ચરણ કમલની રેણું પુષ્ટિમાર્ગીય ભકતોને આ લોક સંબંધી તથા પરલોક સંબંધી સકલ પદાર્થની સિધ્ધિ કરાવવાળા છે. ત્યાં આલોક સંબંધી સ્ત્રી પુત્ર ધનાદિક સકલ પદાર્થ ભગવત્ સેવા સંબંધી દાન કરે છે. અને પરલોક સંબંધી પદાર્થ તો સાક્ષાત્ પ્રભુસંબંધી રૂપી ફલની પ્રાપ્તિ કરાવે છે. આમ બંને લોક સંબંધી પદાર્થની પ્રાપ્તિ થવા માટે શ્રીમહાપ્રભુજીના ચરણ કમલની રેણુ સકલ સિધ્ધિ દાતા છે. ચરણકમલની રેણુંરુપી ધનની

આગળ બધું જ તુચ્છ છે. આ રજરૂપી ધન સર્વોપરિ શ્રેષ્ઠ છે. તેથી એ સિદ્ધાંત સાર જણાય છે કે ચરણ રેણુ સમાન બીજું કંઈ મોટું ધન નથી. આ રેણુ બ્રહ્માદિક, શિવાદિક ને પણ દુર્લભ હોવાથી આપશ્રીની ચરણરજની સર્વભક્તો યાચના કરે છે. માટે આપશ્રીનું નામ અશેષભક્ત સંપ્રાર્થ્ય ચરણાબ્જ રજોધનઃ બતાવ્યું છે.

ઈતિ આનંદનિધેઃ પ્રોકતં નામ્નામષ્ટોત્તરં શતમ્ :- શ્રી મહાપ્રભુજી પોતે આનંદ પરમાનંદના સમુદ્ર રુપ છે.તેમના જે એકસોને આઠ નામ આનંદરસ તથા પરમાનંદ રસના સમુદ્રરૂપ લીલાત્મક નામો છે. એમની ઉપમા સમુદ્ર સાથે એટલે આપી છે કે સમુદ્રમાં અપાર જલ ભરેલ રહે છે તેમ શ્રી મહાપ્રભુજી ના વિશે ભગવત્ લીલા મૃત, સંયોગાત્મક વિપ્રયોગાત્મક રસ અપાર ભરેલો છે,તેવું તેમનું હૃદય અગાધ છે. તેમના હૃદયમાં તે ભગવદ્ લીલાના અનેક ભાવ રૂપ લહર તરંગ ઉછલીત થાય છે. તેમની લીલા સમુદ્રમાંથી અષ્ટોતરશતનામ અલૌકિક રત્નમય પ્રગટ થયા છે. આવા મહાઅલૌકિક રત્નના સમુહ શ્રી મહાપ્રભુજી ના હૃદયમાં સદા સ્થિત છે. સકલ પદાર્થ ઐશ્વર્યાદિ ધર્મ ધર્મી સ્વરૂપ પ્રત્યેક

નામમાં બિરાજે છે. તેથી જેવું સ્વરુપ તેવું જ નામ છે. નામ રૂપમાં ભેદ નથી. અભેદ છે. સમુદ્રમાંજેમ જળચરો માછલાં વિગેરે છે. કે જેઓ જળથી જરા પણ દુર થતાં પ્રાણ તજે છે, તેમ આ શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ લીલારસ આનંદ સાગરમાં રમનારા પુષ્ટિભકતો છે કે જેઓનાથી શ્રી મહાપ્રભુજીના સ્વરૂપ વગર ક્ષણભર રહી શકાતું નથી. આમ શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં વ્રજભકતોના ભાવરૂપી ૧૦૮ નામો છે. તેથી ૧૦૮ નામ પ્રકટ કર્યા છે. તે બધા જ નામો ગુણોના રસના સમુદ્ર છે. તેથી ''નિધી'' પદ કહેલ છે. તેમજ બધા જ નામો ગુણોની સિદ્ધતા વાળા જ કહ્યા છે.

૩૪. શ્રદ્ધા વિશુધ્ધ બુધ્ધિર્યઃ પઠત્યનુદિનં જનઃ ।
સતદેકમનાઃ સિધ્ધિ મુક્તામ્પ્રાપ્નોત્યસંશયઃ ॥

શ્રદ્ધા અને તે વિશેષે કરીને શુધ્ધ (અત્યંત અલૌકિક) એટલે દુ:સંગાદિ વગરની બુધ્ધિવાળી છે જેનીતે વિશુદ્ધ બુદ્ધિવાળો કહેવાય. શ્રદ્ધાથી તદ્દન અલૌકિક બુદ્ધિવાળો થઈ જે ભગવદીય પાઠ કરે છે તે સિધ્ધિ મેળવે છે. અહીં ''ય'' એમ સામાન્ય વાચક છે,તેનો હેતુ પુષ્ટિમાર્ગીય ભક્ત પરત્વે જ છે એટલે કે વલ્લભકુલ દ્વારા શરણ

સ્વીકારનાર ને જ આ મંત્ર સિદ્ધિ દાતા છે, તેથી જ્ઞાતિ વસ્તુનો આની સાથે સંબંધ નથી. પુષ્ટિમાર્ગીય દ્વિજત્વ સ્વીકારનારને જ આ મંત્ર ફળરૂપ છે. આ પ્રમાણે પાઠ કરવામાં માત્ર પોતાના શરણાંગત ભક્તોનોજ અધિકાર બતાવી પાઠની આવશ્યકતા હવે બતાવવા જપનો સમય નિશ્ચય કરે છે, ''અનુદિનમ્'' પ્રતિદીન એટલે હંમેશા વિલંબ વગર એવો અર્થ છે. હવે જે પાઠ કરે છે તે પ્રથમ તેની અંદર તદ્રુપ થાય છે, આ શ્રી મહાપ્રભુજીમાં જ તદ્દન એકચિત્ત છે જેનું તેવો બની જાય છે. ત્યારપછી આગળ કહેલી શ્રીકૃષ્ણના અધરામૃતની સ્વાદ સિધ્ધિ રુપ જે ફળ તે મેળવે છે. પોતાના મનમાં જે જે પ્રકારની શ્રી પ્રભુના સંબંધી અભિલાષાઓ હોય છે. તે તે પ્રકારે ફળનો સાક્ષાત અનુભવ આપે છે તેવું જણાવવા ''આપ્નોતિ'ની પૂર્વે ''પ્ર'' ઉપસર્ગ મૂક્યો છે. આ પ્રમાણે ફળની પ્રાપ્તિ કહી ને ફળ પ્રાપ્તિ માં નિશ્ચયપણું બતાવવા અસંશય શબ્દ વાપરેલ છે. નિ:સંદિગ્ધ એટલે ચોક્કસ જ પુષ્ટિમાર્ગીય ફળસિધ્ધિ થાય છે.

૩૫. તદ્પ્રાપ્તૌ વૃથામોક્ષસ્તદ્પ્રાપ્તૌ તદ્ગતાર્થતા ।
અતઃ સર્વોત્તમં સ્તોત્રં જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ॥

આ પ્રમાણે નિશ્ચયપૂર્વક પોતાના ભક્તોને પુષ્ટિમાર્ગીય ફળની પ્રાપ્તિ આ સ્તોત્રનો જપ કરવાથી છે, એવું નિરૂપણ કરીને આ ફળની મર્યાદા માર્ગીય મુક્તિરૂપ ફળની અપેક્ષાએ અધિકતા છે, એ બતાવવાને તેની પ્રાપ્તિ વિના મોક્ષ પણ વૃથા છે એમ કહે છે. તે શ્રી કૃષ્ણાધરામૃતાસ્વાદરૂપ સ્વમાર્ગીય ફળની સિધ્ધિ વિના સાયુજ્યાદિ મોક્ષ પણ વૃથા છે, એતન્માર્ગીય એટલે પુષ્ટિમાર્ગીય ફળની અસિધ્ધિમાં મોક્ષ પણ નિરર્થક છે. એવો ભાવ અહીં છે. આ શ્રીકૃષ્ણ ના 'અધરામૃતની' ''પ્રાપ્તિરૂપ'' સ્વમાર્ગીય ફળની પ્રાપ્તિમાં પ્રભુનું સાયુજ્યાદિ મોક્ષપણું પણ નકામું છે. આ પ્રમાણે પુષ્ટિમાર્ગીય ફળનું સર્વોત્કૃષ્ટપણું નિરૂપણ કરીને આ સ્તોત્ર કરવાની ખાસ આવશ્યકતા જણાવવાને કહે છે કે અતઃ સર્વોત્તમ્ ઇતિ ॥ આ સ્તોત્રના પાઠના જ કારણથી આ પુષ્ટિમાર્ગીય ફળ મળી શકે છે. આથીજ આ સ્તોત્રનો પાઠ સર્વથી ઉત્તમ સ્તોત્ર છે, એમ જાણીને નિરૂપણ કર્યા પ્રમાણે કરવો આવશ્યક છે એમ કહે છે. પ્રથમ તો સ્તોત્રનો પાઠ કરવાનો કહ્યો, હવે જપવાનુ કહે છે. તેનો આ આશય છે. જ્યાં સુધી આખું સ્તોત્ર

નિ:સંદેહ ન આવડે, ત્યાં સુધી તેનો પાઠ કરવો,અને સારી રીતે હૃદયમાં આ સ્તોત્ર ઠસ્યા પછી ગુપ્તપણે જપ જ કરવો. પ્રગટ પાઠ તો હૃદયારુઢ થયા પછી ન કરવો આ સ્પષ્ટ જણાવવાને માટે ''જપ્યં'' શબ્દ વાપર્યો છે. આ પ્રમાણે સ્તોત્ર નું જપ કરવા પણું નિરૂપણ કરીને જપનો અધિકાર કોનો છે તે બતાવે છે કે કૃષ્ણરસાર્થિભિઃ શ્રીકૃષ્ણના રસની ઈચ્છાવાળાએ આ પાઠનો જપ કરવો એમ બતાવ્યું છે.

ઈતિ શ્રીમદગ્નિકુમાર પ્રોકતં સર્વોત્તમં સ્તોત્રમં સંપૂર્ણ
આ પ્રમાણે શ્રીમદ્ અગ્નિકુમાર શ્રી વિઠ્ઠલેશે સ્વાનુભવે કહેલું સર્વોત્તમ સ્તોત્ર સંપૂર્ણ થયું.

ॐ 卐

## ॥ શ્રી વલ્લભાષ્ટકમ્ ॥

શ્રીમદ્‌વૃંદાવનેન્દુપ્રકટિત રસિકાનન્દસન્દોહરૂપ -
સ્ફૂર્જદ્રાસાદિલીલામૃતજલધિભરાક્રાન્તસર્વોપિશશ્વત્ ।
તસ્યૈવાત્માનુભાવપ્રકટન હૃદયસ્યાજ્ઞયા પ્રાદુરાસીદ્ -
ભૂમૌ યઃ સન્મનુષ્યાકૃતિરતિકરુણસ્તં પ્રપદ્યે હુતાશમ્ ॥૧॥

અર્થ : શ્રીમદ્ વૃંદાવનના ચંદ્ર એટલે સાક્ષાત્ રસરૂપ પૂર્ણ પુરૂષોત્તમ શ્રી કૃષ્ણચંદ્ર રસિક ભક્તોને વિષે જે આનંદ પ્રકટ કર્યો, તે આનંદના તાત્પર્યરૂપ શ્રી મહાપ્રભુજી છે, વળી રાસ વિગેરે એટલે વનવિહાર, જળવિહાર, કુંજવિહાર વિગેરે લીલાઓના મહાસાગરોના સમુહથી સદાજ સદા સર્વ રીતે જેનાં સર્વ અંગો - દેહ પ્રાણ ઈંદ્રિયો અંતઃકરણ વિગેરે ઉછળી રહ્યાં છે, તરબોળ થઈ રહ્યા છે, એવા જે શ્રી મહાપ્રભુજી પ્રભુની આજ્ઞાથી પોતાનો લીલાત્મક અનુભવ પ્રકટ કરવા માટે પૃથ્વી ઉપર દૈવી જીવો ઉપર અતિ કરૂણા કરવા માટે દિવ્ય દેહ ધારણ કરીને પ્રકટ થયા, તે અલૌકિક અગ્નિ સ્વરૂપ શ્રી મહાપ્રભુજીને હું શરણે જાઉ છું.

卐 ॐ

નાવિર્ભૂયાદ્‌ભવાશ્ચેદધિધરણિતલં ભૂતનાથોદિતાસન્ ।
માર્ગધ્વાન્તાન્ધતુલ્યા નિગમપથગતૌ દૈવસર્ગેપિજાતાઃ
ઘોષાધીશં તદેમે કથમપિ મનુજાઃ પ્રાપ્નુયુર્નૈવ દૈવી
સૃષ્ટિર્વ્યર્થા ચ ભૂયાન્નિજફલરહિતા દેવ વૈશ્વાનરૈષા ॥૨॥

અર્થ : હે વૈશ્વાનર, અલૌકિક અગ્નિ સ્વરૂપ દેવ જો આ ભૂતળ પર આપશ્રી પ્રકટ થયા ન હોત, તો દૈવી સૃષ્ટિ તરીકે પ્રકટ થયેલા જીવો પણ ભૂતનાથ એવા શંકરે પ્રકટ કરેલા માયામતાદિ માર્ગોથી અંધ બની જવાથી તેમની વેદાદિકમાં ગતિ થાત નહિ, અને વાક્‌પતિ એવા નંદકુમારની પ્રાપ્તિ કોઈપણ રીતે થાત જ નહિ, આથી દૈવી સૃષ્ટિ નંદકુમારની પ્રાપ્તિ રૂપી ફળ ન મળવાથી વ્યર્થ જાત.

ન હ્યન્યો વાગધીશાચ્છ્રુતિગણવચસાં ભાવમાજ્ઞાતુમીષ્ટે
યસ્માત્સાધ્વી સ્વભાવં પ્રકટયતિ વધુરગ્રતઃ પત્યુરેવ ॥
તસ્માચ્છ્રીવલ્લભાખ્ય ત્વદુદિતવચનાદન્યથા રૂપયન્તિ
ભ્રાંતા યે તે નિસર્ગ ત્રિદશરિપુતયા કેવલાન્ધંતમોગાઃ ॥૩॥

અર્થ : સરસ્વતિના એટલે વાણીના અધિપતિ શ્રી મહાપ્રભુજી વિના શ્રુતિગણની વાણી નો સત્યાર્થ એટલે ભાવ જાણવાને કોઈ યોગ્ય નથી; કારણકે પવિત્ર સાધ્વી

સ્ત્રી પોતાનો સ્વભાવ એટલે હૃદય પોતાના સ્વામીના આગળજ તદ્દન ખુલ્લું કરે છે, તેથી શ્રી વલ્લભ એવું નામ છે જેનું એવા હે શ્રી મહાપ્રભુજી, આપના વચનો થી જે વિપરીત બોલે છે. તેઓ ભ્રાંત એટલે ભ્રમિત થયેલા છે, અને તેઓ સ્વભાવે અસુર હોવાથી અંધતમ નર્કમાં પડે છે.

**પ્રાદૂર્ભૂતેન ભૂમૌ વ્રજપતિચરણાંભોજસેવાખ્યવર્ત્મ - પ્રાકટ્યં યત્કૃતં તે તદુત નિજકૃતે શ્રી હુતાશેતિ મન્યે । ત્યસ્માદસ્મિન્ સ્થિતો યત્કિમપિકથમપિ ક્વાપ્યુપાહર્તુમિચ્છ-ત્યદ્ધા તદ્ગોપિકેશઃ સ્વવદનકમલે ચારૂહાસે કરોતિ ॥૪॥**

**અર્થ :** આપશ્રીએ ભૂતળ પર પ્રકટ થઈને વ્રજપતિ એટલે શ્રીકૃષ્ણની સેવા એ નામે ઓળખાતો પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો, તે નિજભક્તોના એટલે અંતરંગ ભક્તોના હિત ને માટે છે. હે યજ્ઞભોક્તા હુતાશ એવા શ્રી મહાપ્રભુજી હું એમ માનું છું, કારણ કે આ માર્ગમાં આવેલો કોઈપણ જીવ જે કાંઈ પણ વસ્તુ, ગમે તે પ્રકારે ગમે તે સ્થળે પણ પ્રભુને સમર્પણ કરવા ઈચ્છે, તો તે વસ્તુ શ્રી ગોપી પતિ ભગવાન આનંદપૂર્વક હસતાં હસતાં પોતાના મુખકમલમાં અંગીકાર કરે છે.

ઉષ્ણત્વૈકસ્વભાવોપ્યતિશિશિરવચઃ પુંજપીયૂષવૃષ્ટિર્ -
આર્તેષ્વત્યુગ્રમોહાસુરનૃષુ યુગપત્ તાપમપ્યત્ર કુર્વન્ ।
સ્વસ્મિન્કૃષ્ણાસ્યતાં ત્વં પ્રકટયસિચ નો ભૂતદેવત્વમેતદ્
યસ્માદાનંદદંભશ્રીવ્રજજનનિચયેનાશકંચાસુરાગ્નેઃ॥૫॥

અર્થ : આપ અલૌકિક અગ્નિરૂપ હોવાથી આપના સ્વભાવમાં ઉષ્ણત્વ છે, પણ આપવાણીથી વિપ્રયોગાર્તિ વાળાના ઉપર અતિશય શીતળ અને અમૃતના પુંજ ની વૃષ્ટિ કરો છો, અને અતિ તામસી મોહમાં મચી રહેલા આસુરી જીવોને તાપ ઉત્પન્ન કરો છો. અરે, આમ કરીને આપ આપનું શ્રીકૃષ્ણનું મુખારવિંદપણું અલૌકિક અગ્નિત્વ પ્રકટ કરો છો; અને રૂદત્વ આપમાં નથી તે બતાવો છો; કારણ એ કે આપનું અલૌકિક અગ્નિપણું વ્રજભક્તોના સમૂહને આનંદ આપે છે, અને માયાવાદદિ પાખંડ રૂપ આસુરી અગ્નિનો નાશ કરનાર છે.

આમ્નાયોક્તં યદંભોભવનમનલતસ્તચ્ચ સત્યં વિભો યત્
સર્ગાદૌ ભૂતરૂપાદભવદનલતઃ પુષ્કરં ભૂતરૂપમ્ ।
આનન્દૈકસ્વરુપાત્ત્વદધિભુ યદભૂત્કૃષ્ણસેવારસાબ્ધિ -
શ્ચાનન્દૈકસ્વરુપસ્તદખિલમુચિતં હેતુસામ્યં હિ કાર્યે ॥૬॥

અર્થ : હે વિભો, વેદમાં કહ્યું છે કે, અનલ એટલે

અગ્નિ તત્વમાંથી જળ તત્વ ઉત્પન્ન થયું તે સત્ય છે, સર્ગના આરંભમાં ભૂતરૂપ અગ્નિમાંથી ભૂતરૂપ જલ થયું, એવી રીતે આપશ્રીના કેવલ આનંદમય સ્વરૂપમાંથી આ પૃથ્વી પર સદાનંદ શ્રી કૃષ્ણનો સેવારૂપી જે રસાબ્ધિ પરમાનંદના સમુદ્રરૂપ પ્રકટ થયો, તે યોગ્યજ છે. તેમાં કાર્ય અને કારણના એક રૂપથી સમાનતા છે. એટલેકે આનંદાત્મક સેવા રસાબ્ધિ આપશ્રીમાંથી પ્રકટ થયો માટે આપ પણ આનંદના સાગર છો એમ કહે છે.

**સ્વામિનૂ શ્રી વલ્લભાગ્ને ક્ષણમપિ ભવતઃ સન્નિધાને કૃપાતઃ**
**પ્રાણપ્રેષ્ઠવ્રજાધીશ્વરવદનાદિદૃક્ષાર્તિતાપો જનેષુ ।**
**યત્પ્રાદુર્ભાવમાપ્નોત્યુચિતતરમિદં યત્તુ પશ્ચાદપીત્થં ।**
**દૃષ્ટેપ્યસ્મિન્મુખેન્દૌ પ્રચુરતરમુદેત્યેવ તચ્ચિત્રમેતત્ ॥૭॥**

અર્થ : હે સ્વામિ અગ્નિરૂપ શ્રી વલ્લભ! એક ક્ષણ પણ આપનો સંબંધ થાય, તો આપશ્રીની કૃપાથી પ્રાણપ્રિય એવા શ્રી વ્રજ વિહારીનું વદન નિરખવાની જે આર્તિ એટલે વિરહતાપ પ્રકટ થાય છે, તે તો યોગ્ય જ છે, પણ આપનું મુખચંદ્ર નિરખ્યા પછી પણ સાક્ષાત્ સંબંધ ન હોય ત્યારે એ વ્રજવિહારીના દર્શન માટેનો વિપ્રયોગાગ્નિ વધારે પ્રચંડ ઉદય પામે છે, આ બાબત

ખરેખર આશ્ચર્ય પમાડે એવી છે. એટલે કે એકવાર શ્રી મહાપ્રભુજીના દર્શન કરતાં પ્રભુના દર્શન કરવાની આર્તિ પેદા થાય છે, આ આર્તિ દર્શન કર્યા પછી દર્શન ન થતાં હોય ત્યારે પણ પછીથી વધારે તીવ્ર બને છે, અગ્નિ સ્વરૂપના દર્શન કરતાં તે હૃદયમાં બિરાજી પછી ખૂબ આર્તિ ઉત્પન્ન કરે છે, એ વસ્તુ અહિ સ્પષ્ટ બતાવે છે.

**અજ્ઞાનાધંધકાર પ્રશમનપટુતા ખ્યાપનાય ત્રિલોક્યામ્ -**
**અગ્નિત્વં વર્ણિતં તે કવિભિરપિ સદા વસ્તુતઃ કૃષ્ણ એવ ।**
**પ્રાદુર્ભૂતો ભવાનિત્યનુભવનિગમાદ્યુક્તમાનૈરવેત્ય**
**ત્વાં શ્રીશ્રીવલ્લભેમે નિખિલબુધજનાઃ ગોકુલેશં ભજન્તે ॥૮॥**

અર્થ : આપની અલૌકિક ચતુરાઈ અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરવામાં અત્યંત બળવાન હોવાથી કવિઓએ ત્રણ લોક આપના અગ્નિત્વનું હંમેશા વર્ણન કર્યું છે પણ વસ્તુતઃ આપ સાક્ષાત્ વ્રજવિહારી શ્રી કૃષ્ણજ પ્રકટ થયા છો એમ સ્વાનુભવે તથા વેદ શાસ્ત્રો વિગેરે થી જાણીને હે શ્રી મહાપ્રભુજી, સર્વે સંતપુરૂષો ગોકુલેશ તરીકે આપને ભજે છે.

**॥ઇતિ શ્રીવિઠ્ઠલેશ્વર-વિરચિતં શ્રીવલ્લભાષ્ટકમ્ સમર્પણમ્॥**

## શ્રી સપ્ત શ્લોકી

### સ્ફૂરત કૃષ્ણ પ્રેમામૃત

સ્ફુરત્કૃષ્ણ પ્રેમામૃતરસ ભરેણાતિભરિતા
વિહારાન્કુર્વાણા વ્રજપતિ વિહારાબ્ધિષુ સદા ।
પ્રિયા ગોપીભર્તુઃ સ્ફુરતુ સતતં વલ્લભ ઈતિ
પ્રથાવત્યસ્માકં હૃદિ સુભગમૂર્તિઃ સકરૂણા ॥૧॥

અર્થ : દિવ્યતાથી સ્ફૂરી રહેલા શ્રી કૃષ્ણના પ્રેમરૂપી અમૃતરસના સમુહથી સંપૂર્ણ ભરેલી, શ્રી વ્રજવિહારી વ્રજપતિના શ્રી ગોપીજનો સાથેના નિત્ય વિહાર સાગરોમાં હંમેશા વિહાર કરતી, ગોપીપતિ શ્રી કૃષ્ણને પ્રિય "શ્રી વલ્લભ" એ નામે સર્વત્ર પ્રસિધ્ધ થયેલી, અત્યંત કરૂણાળુ અને શુભગ અલૌકિક ધર્મોવાળી-દિવ્યમૂર્તિ અમારા હૃદયમાં હંમેશા સ્ફૂરાયમાન રહો.

શ્રીભાગવતપ્રતિપદ મણિવરભાવાંશુભૂષિતા મૂર્તિઃ ।
શ્રી વલ્લભાભિધાનસ્તનોતુ નિજદાસ સૌભાગ્યમ્ ॥૨॥

અર્થ : શ્રી ભાગવત ના દરેક શબ્દરૂપી અલૌકિક મણિના ભાવરૂપ કિરણોથી સુશોભિત બનેલું પ્રકટ સ્વરૂપ, જેનુ નામ શ્રી વલ્લભ છે તે પોતાના દાસત્વનું

સૌભાગ્ય અચળ લંબાવો.

માયાવાદતમોનિરસ્યમધુભિત્ સેવાખ્યવર્ત્માદ્દ્ભુતં
શ્રીમદ્ગોકુલનાથસંગમસુધા સંપ્રાપકં તત્ક્ષણાત્ ।
દુષ્પ્રાપં પ્રકટીચકાર કરુણા રાગાતિસંમોહન:
સ: શ્રીવલ્લભભાનુરૂલ્લસતિ ય: શ્રી વલ્લભવીશાંતર: ॥૩॥

અર્થ : શ્રી કૃષ્ણના સમાન જે સ્વરૂપે માયાવાદરૂપી અંધકાર દૂર કરીને સ્વરૂપ ઉપર દ્રષ્ટિ પડતાં તેજ ક્ષણે શ્રી ગોકુલપતિના સંગમ વિહાર રૂપી સુધા અચળ પ્રાપ્ત કરાવનારો મહાકષ્ટ થી પ્રાપ્ત થઈ શકે એવો મધુ નામના રાક્ષસનો નાશ કરનારા અથવા અક્ષર બ્રહ્મથી કે સૂર્ય જેવા પ્રાકૃત દેવોથી પોતાનું સ્વરૂપ ભિન્ન બતાવાનારા અથવા યાદવો ને પોતાની પાસે રાખી તેમને અન્યથી પોતાના કૃપાપાત્ર બતાવનારા અથવા વ્રજભક્તોને વેણુદ્વારા રસપાન કરાવી તેમનો અન્ય કરતાં જુદી રીતે અંગીકાર કરનારા અથવા અહંતા મમતાત્મક સંસારથી ભક્તોને દૂર રાખનારા શ્રી કૃષ્ણની સેવાનો દિવ્યમાર્ગ

પ્રકટ કર્યો , તે કરૂણા અને પ્રીતિથી અતિશય મોહ પમાડનાર શ્રી મહાપ્રભુજી રૂપ અલૌકિક સૂર્ય ઉલ્લાસ પૂર્વક ઉદય પામે છે.

કવચિત્ પાણ્ડિત્યં ચેન્ ન નિગમતિઃ સાપિ યદિ ન ક્રિયા સા સાપિ સ્યાત્-યદિ ન હરિમાર્ગે પરિચયઃ ।
યદિ સ્યાત્ સોપિ શ્રીવ્રજપતિરતિર્નેતિ નિખિલૈર્ - ગુણૈરન્યઃ કો વા વિલસતિ વિના વલ્લભવરમ્ ॥૪॥

અર્થ : કદાપિ કોઈમાં પંડિતાઈ હોય પણ તેની વેદમાં ગિત હોતી નથી, કદાપિ વેદમાં ગતિ હોય પણ વેદને અનુસાર વર્તન હોય નહિ, કદાપિ વર્તન હોયતો ભગવન્માર્ગમાં પરિચય હોય નહિ, કદાપિ વર્તન હોયતો ભગવન્માર્ગમાં પરિચય હોય નહિ, કદિ પ્રભુના માર્ગ માં પરિચય પણ હોય પણ વ્રજપતિ શ્રી કૃષ્ણ પ્રત્યે પ્રીતિ ન હોય આ પ્રમાણેના સર્વગુણોથી શ્રી વલ્લભ વર સિવાય અન્ય કોણ વિલસી રહ્યું છે? મતલબ કે શ્રી મહાપ્રભુજીજ આ સર્વ ગુણોથી વિભૂષિત થઈને વિલાસ કરી રહ્યા છે.

માયાવાદિ કરીન્દ્ર દર્પદલને નાસ્યેન્દુ રાજોદ્‌ગતઃ
શ્રીમદ્ ભાગવતાખ્યદુર્લભ સુધાવર્પેણ વેદોક્તિભિઃ ।
રાધાવલ્લભસેવયા તદુચિત પ્રેમ્ણોપદેશૈરપિ
શ્રીમદ્વલ્લભનામધેયસદૃશો ભાવી ન ભૂતોઽસ્ત્યપિ ॥૫॥

અર્થ : માયાવાદિ રૂપ મદોન્મત્ત હાથીના અભિમાનનું ખંડન કરીને પ્રકાશમાન મુખચંદ્રમાંથી ઉત્પન્ન થયેલી શ્રી ભાગવત્ નામની દુર્લભ વસ્તુમાંથી સુધા રૂપે વર્પેલી શ્રી સુબોધિનીજી વડે, વેદોની શ્રુતિઓનું વિવરણ કરીને રાધાવલ્લભની સેવા વડે અને તેને યોગ્ય પ્રેમ પૂર્વક ઉપદેશો કરીને પણ શ્રી વલ્લભ નામ પ્રાપ્ત કરનાર શ્રી મહાપ્રભુજી જેવા કોઈ થશે નહિ, થયા નથી, અને છે પણ નહિ.

યદંઘ્રિનખમણ્ડલ પ્રસૃતવારિપીયૂષયુગ્-
વરાંગહૃદયૈઃ કલિસ્તુણમિવેહ તુચ્છીકૃતઃ ।
વ્રજાધિપતિરિન્દિરાપ્રભૃતિમૃગ્યપાદામ્બુજઃ
ક્ષણેન પરિતોષિતસ્તદનુગત્વમેવાસ્તુ મે ॥૬॥

અર્થ : જેના ચરણના નખમંડલમાંથી સુંદર રીતે

વહન કરતા અમૃત રસથી ભીંજાયેલા હૃદયોએ અહીં કલિયુગને તણખલા જેવો તુચ્છ ગણી કાઢ્યો છે, અને જેમણે લક્ષ્મીજીથી માંડીને સર્વ જેના ચરણ કમલની ઈચ્છા કરે છે એવા વ્રજપતિને ક્ષણવારમાં સર્વ રીતે પ્રસન્ન કર્યા છે એવા જે ભગવદીયો તેમનું દાસત્વજ અથવા અનુસરવાપણુંજ મને મળો.

**અઘૌઘતમસાવૃતં કલિભુજંગમાસાદિતં**
**જગદ્વિષયસાગરે પતિતમસ્વધર્મે રતમ્ ।**
**યદીક્ષણસુધાનિધિઃ સમુદિતોઽનુકમ્પામૃતાદ્ -**
**અમૃત્યુમકરોત્ક્ષણાદરણમસ્તુ મે તત્પદમ્ ॥૭॥**

અર્થ : પાપના ઓઘરૂપ અંધકારથી ઢંકાયેલો, કલિરૂપી સાપથી પકડાયેલો, સંસાર રૂપી વિષય સાગર માં ડૂબેલો, અધર્મમાં રમનારો, એવો જે હું તને જેના નયન અમૃતનો સાગર છે એવા અત્રે સુંદર રીતે ઉગી અનુકંપા એટલે દયાની લાગણી રૂપી અમૃતથી અમર કર્યા, તે શ્રી વલ્લભાધીશનાં શરણમાં મારો પ્રવેશ હો.

**॥ શ્રી વિઠ્ઠલેશ્વર વિરચિતા શ્રી સપ્તશ્લોકી સમર્પણમ્ ॥**

દ્રઢ ઈન ચરણન કેરો, ભરોસો
દ્રઢ ઈન ચરણન કેરો....
શ્રી વલ્લભ નખ ચંદ્ર છટા બીન
સબ જગમાં જ અંધેરો
ભરોસો.....
સાધન ઔર નહી યા કલીમેં
જાસો હોત નિવેરો
સુર કહા કહે, દ્વિવિધ આંધરો
બીના મોલકો ચેરો
ભરોસો......

## પુષ્ટિમાર્ગનું રહસ્ય

શ્રી વલ્લભાધીશે ભૂતલ પર પ્રગટ થઈ દૈવી જીવોનું ઉધ્ધારનું કાર્ય કરવા સંબંધે જીવોને શરણે લીધા પછી પણ ચિંતા કરી કે "જીવા:સ્વભાવતો દુષ્ટા:" જીવ સ્વભાવથી જ ભૂલકણો છે. બ્રહ્મસંબંધ મંત્રથી નવો જન્મ પ્રાપ્ત કર્યા પછી પણ તે ભૂલી જ જવાનો કે હવે હું વલ્લભાધીશનો સેવક થયો, હવેથી મારાથી અપરાધો ન થાય તેની કાળજી લેવી જોઈએ. તેના બદલે એક એક ક્ષણમાં કોટાનકોટિ અપરાધો કરી રહ્યો છે વળી શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામીજીની આવા નાના મોટા અપરાધ ને જોવા માટે તેમજ ગણત્રીમાં લેવા માટે ટેવાયેલા હોવાથી તે જીવોનો ઉધ્ધાર કેવી રીતે થશે તે ચિંતાથી વ્યાપ્ત શ્રી વલ્લભાધીશ ગોકુલઘાટ પર દમલાજી સાથે બિરાજી રહ્યા હતા. શ્રી ઠાકોરજીને શ્રી વલ્લભાધીશની ચિંતા વાળી મુદ્રા સહન ન થતાં પોતે સાક્ષાત્ તે સ્થળે પ્રગટ થઈ તેમને પૂછયું કે "વલ્લભ તુ ચિંતા શાની કરે છે : શ્રી વલ્લભાધીશે પોતાના મુખથી જણાવ્યું કે "જીવો દોષોથી ભરેલા ક્ષણ ક્ષણમાં કોટિ અપરાધ કરતા આવ્યા છે અને કરશે જ. તો ઉદ્ધાર પામ્યા પછી પણ આ અપરાધો કરવાના અને આપશ્રી તથા સ્વામીનીજી તેને નિહાળી પાછા ભૂતલ પર તે જીવોને મોકલશો તો આનો પાર આવી જ ન શકે." આ સાંભળતા જ શ્રી નિકુંજ નાયકે વચન આપ્યું કે "તું

ચિંતા ના કરીશ. એક વાર જીવને આ બ્રહ્મસંબંધ મંત્ર સાથે જેનો પણ અંગીકાર કરશો તેને પછી કદાપિ ત્યાગ નહીં કરૂં." આ વચન સાંભળતા જ શ્રી વલ્લભાધીશ પ્રસન્ન થઈ જીવોના ઉધ્ધારનું કાર્ય શરૂ કર્યું. સૌથી પહેલું બ્રહ્મસંબંધ શ્રી દમલાજીને આપ્યું અને વચનામૃત કર્યા કે માર્ગ તારા જેવા તત્સુખી ભાવવાળા દૈવીજનોના ઉધ્ધાર માટે જ પ્રગટ કર્યો છે. ત્યારથી શ્રી વલ્લભાધીશે જીવોને શરણે લીધા અને ત્યાર બાદ શ્રી ગુંસાઈજી તથા તેમના વંશજો જે વલ્લભકુલ પરિવાર તરીકે ૧૫ થી ૧૬મી પેઢીએ છે જે તેઓ જ આપી શકે તે સિવાય ભાગવત કથાકાર, શાસ્ત્રીજી, મુખીયાજી, વૈષ્ણવોને આવા બ્રહ્મસંબંધ આપવાની આજ્ઞા વલ્લભે આપી જ નથી. પોતાનું અશેષ માહાત્મ્ય પોતાના કુલ વંશજ ને દાન કરેલ હોવાથી તેમના સિવાય અન્ય બ્રાહ્મણો, કુંભારો કે પંડીતો ગમે તેવો દાવો કરતા હોય તે ટકી શકે તેમ નથી અને આવા બીન અધિકારીના બ્રહ્મ સંબંધ લેનાર પાખંડી બને છે. પ્રભુ સાથેનો સંબંધ થવાને બદલે દુષ્ટચાર કરતો છતાં તેની દુર્ગતિ ખૂદ પ્રભુ પણ નિવારી શકતા નથી. તેથી સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને નિવેદન કરૂં છું. કે પુષ્ટિફલ પ્રાપ્તની આશા કરનાર જીવોએ શ્રી વલ્લભકુલ આચાર્ય બાળકો પાસેથી જ બ્રહ્મસંબંધ લે અન્યથા તે ભ્રમસંબંધ જ કહેવાશે. જેથી માત્ર તેઓને ભ્રમિત

કરેલા જ કહેવાશે. આ અંગે મારા નિવેદનો માસિકોમાં આવે જ છે. જે ધંધાદારી માસિકો છે તે ધર્મના રક્ષણ માટે અપાતા મારા નિવેદનોને છાપતા નથી અને વૈષ્ણવોના પાસેથી કોઈપણ રીતે ૧૦૦ રૂા.થી માંડી લાખો રૂપિયા જુદા જુદા સ્કીમ હેકળ ઉઘરાવી લે છે. અને જે તે કાર્યોમાં ન વપરાતા હિસાબ માગીએ તો પણ આપતા નથી. આગળ ઉપર આનો સામુહિક વિરોધ દરેક વૈષ્ણવ કરે તેવા પગલાં લઈ શકીશું.

શ્રી વલ્લભાધીશે જીવોના ઉધ્ધાર કરવા પુષ્ટીરીતિથી સામે ચાલીને જીવ ખોળ્યા, શરણે લીધા અને ઉધ્ધાર કર્યો છે. આ હેતુથી રચ્યા જે ષોડશ ગ્રંથો તરીકે ઓળખાય છે. શ્રીમદ્ ભાગવતના નિગૂઢ અર્થો તારવી શ્રીમતી સુબોધીનીજીમાં સ્થાપિત કર્યા અને પારાયણો કરી સૃષ્ટિને સમજાવ્યા. અને પ્રભુની ત્રણ ભગવદ્ આજ્ઞાઓ થતા પોતે સંન્યાસ ગ્રહણ કરી ૪૦ દિવસ અનશન કરી આસુર વ્યામોહ લીલા કરી. તે પહેલાં પોતાના બંને સુપુત્ર શ્રી ગોપીનાથજી શ્રી ગુંસાઈજી તેમજ તેમના નિજ સેવકો સમક્ષ શિક્ષા શ્લોકની આજ્ઞા મૌન વ્રત ધારણ કરેલ હોવાથી રેતીમાં લખી સમજાવી હતી. વધુમાં કલિયુગના જીવોને સહજતાથી પ્રભુ પ્રાપ્ત થઈ જાય તે માટે નામસ્મરણનું પ્રબળ સામર્થ્ય છે તેવા સર્વોત્તમ

સ્તોત્રના એકસો આઠ નામરૂપી મંત્રો શ્રી ગુંસાઈજીને દર્શન કરાવી આજ્ઞા કરી કે આ અલૌકિક નામે જે દૈવી જીવ શ્રધ્ધાથી વિશુદ્ધ બુદ્ધિથી રાત દિવસ જપશે તેને અલૌકિક દેહ પ્રાપ્ત કરવા જરૂરી કૃષ્ણનું અધરામૃત તથા ચરણકમલનું ચરણામૃત પ્રાપ્ત થશે. આથી શ્રી ગુંસાઈજીએ પહેલા છ શ્લોક માહાત્મ્યના તથા છેલ્લા બે શ્લોક ફલશ્રુતિના એમ રચી ઝાંપીજીમાં જેમ સ્વરૂપ પધરાવીએ તેવી જ રીતે સંપૂટમાં એકસો આઠ નામો શ્રી વલ્લભાધીશના નિધીરૂપ લીલાત્મક, સ્વરૂપાત્મક, ભાવાત્મક તાપાત્મક હોવાથી ફલાત્મક બની જીવોને સહજતાથી પુષ્ટિફલ એટલે કે લીલા ઉપયોગી દેહ પ્રાપ્ત થાય તેના પ્રયત્ન રૂપે સર્વોત્તમ સ્તોત્રમાં ભરી દીધા છે. ત્યારબાદ તેમના રૂપો અને ગુણો માટે અલગથી શ્રી વલ્લભાષ્ટક તેમજ સ્ફૂરત કૃષ્ણપ્રેમામૃત (સપ્તશ્લોકી) ની રચના કરી શ્રી વલ્લભાધીશના રૂપ તથા ગુણ બંનેને સાથે જોડી શ્રી મહાપ્રભુજીના પૂર્ણ સ્વરૂપ હૃદયમાં ધારણ કરવા માટે નામ, રૂપ અને ગુણ અત્યંત જરૂરી હોવાથી શ્રી સર્વોત્તમ સ્તોત્ર શ્રી વલ્લભાષ્ટક અને સપ્તશ્લોકી પુષ્ટિ જીવોએ નિત્ય કરવા જોઈએ. જે આ પૂસ્તિકામાં શુદ્ધ રીતે છાપવા પ્રયત્ન કર્યો છે. છતાં કોઈ ક્ષતિ રહી હોય તો નિવેદકને ક્ષમા કરશો.

- બસ એ જ નંદકુમારભાઈના ભગવદ્ સ્મરણ